


સાંજના ગુજરાતી અખબારોમાં સૌથી વધુ નકલોનો ફેલાવો ધરાવતું...

# સાંજ સમાચાર

મહા વદ-૬ | પાના : ૧૬ | રૂા. ૪.૦૦ સ્થાપક : બાબુભાઈ શાહ તા. ૧૮-૨-૨૦૨૫ - મંગળવાર | રાજકોટ (સીટી)

વર્ષ : ૩૯ અંક : ૧૫૧ RNI Reg.No 46322/86. Reg.No Rajkot/266/2023 PST:RMS-RJT તંત્રી : પ્રદિપભાઈ નરોત્તમદાસ શાહ sanjsamachar@gmail.com | sanjsamachar.net | SANJ SAMACHAR - RAJKOT




## ટેસ્લાનુ ભારતમાં આગમન નિશ્ચિતઃ મોદી-મસ્ક મુલાકાત ફળી

### કંપનીએ દિલ્હી-મુંબઈ માટે સેલ્સ-સર્વિસ તથા કસ્ટમર રીલેશન સ્ટાફ માટે જાહેરાત આપી




નવી દિલ્હીઃ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અમેરિકા યાત્રામાં જે જાહેર કરાયુ તેના કરતા જે માહિતી અપાઈ નથી તે મહત્વની છે અને વ્હાઈટ હાઉસમાં પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને મળતા પુર્વ પ્રેસીડિન્ટ ગેસ્ટહાઉસમાં વડાપ્રધાન શ્રી મોદી તથા અમેરિકાના સૌથી મોટા ઉદ્યોગપતિ તરીકે જાણીતા અને ટેસ્લા સહિતની કંપનીઓના માલીક એલન મસ્કને મળ્યા હતા તે સમયે તો મોદી-મસ્ક અને મસ્કના સંતાનોની તસ્વીર જ રીલીઝ થઈ હતી પણ મોદીના ભારત આગમનના ગણતરીના દિવસમાંજ ટેસ્લાની ઈ-કાર

(અનુસંધાન છઠ્ઠા પાને)

મલ્ટી સ્ટેટ કક્ષાની મુંબઈની ન્યુ ઈન્ડીયા કો-ઓપરેટીવ બેન્ક કાચી પડતા નવી ચિંતા

## બેન્ક થાપણો માટે વિમા છત્ર રૂા.૫ લાખથી વધારાશે




### નાણા મંત્રાલયમાં વિચારણાઃ રૂા.૭.૫૦ લાખ સુધી કરવા તૈયારીઃ થાપણો-પરત કરવાની પ્રક્રિયા પણ ઝડપી બનાવાશે

નવી દિલ્હીઃ મુંબઈ સહિત મહારાષ્ટ્ર અને ગુજરાતમાં શાખા ધરાવતી ન્યુ ઈન્ડીયા કો-ઓપરેટીવ બેન્કની 'ઉઠમણા' જેવી સ્થિતિમાં આ બેન્કના લાખો ખાતેદારોને એ રાહત છે કે કમસેકમ રૂા.૫ લાખ સુધીની તેમની બચત આ બેન્કમાં જમા હશે તો તેમને ડિપોઝીટ,

(અનુસંધાન છઠ્ઠા પાને)

## પીએફ ખાતામાં નિશ્ચિત દરે વ્યાજ આપવા તૈયારીઃ કોઈ ઉતાર-ચડાવની અસર નહિં થાય

### ઈપીએફઓ રાહત આપવા માટે અલગથી રિઝર્વ ફંડ બનાવશે

નવી દિલ્હી તા.૧૮

કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન (ઈપીએફઓ)વ્યાજ સ્થિતિકરણ રિઝર્વ ફંડ બનાવવા પર વિચાર કરી રહ્યું છે.જેનાથી બધા પ્રકારનાં ઉતાર-ચડાવ દરમ્યાન પીએફ ખાતામાં જમા રકમ પર નિશ્ચિત વ્યાજ આપવામાં આવશે.ફંડ બનાવવાથી લઈને શ્રમ તેમજ રોજગાર મંત્રાલય અને ઈપીએફઓના અધિકારી આંતરીક રીતે અભ્યાસ કરી રહ્યા છે.

મામલા સાથે સંકળાયેલા અધિકારી જણાવે છે કે ઈપીએફઓ પીએફ ફંડના કેટલોક ભાગ બજારમાં રોકાણ કરે છે. ઘણીવાર

(અનુસંધાન છઠ્ઠા પાને)

ભારત સરકારની નોટરીની પદવી મળવા બદલ
ખુબ-ખુબ શુભેચ્છાઓ..



શ્રી જગદીશભાઈ એન. વાઢેર
(એડવોકેટ એન્ડ નોટરી)

રાજકોટ બાર એસોસીએશનના સભ્ય અને વકીલ મંડળમાં તેમજ મિત્ર મંડળમાં જેમણે પોતાના સહજ સ્વભાવ સેવા અને મિલાનસારિતા ખુબ ચાહના મેળવેલ છે. હાલમાં જ ભારત સરકાર તરફથી **શ્રી જગદીશભાઈ એન. વાઢેર (એડવોકેટ) નોટરી** તરીકેની વરણી થતા હાર્દિક શુભેચ્છા પાઠવીએ છીએ.

શુભેચ્છક

દિપેશ ડી. અંધારિયા - એડવોકેટ
નિલેશ એમ. કુરિયા - એડવોકેટ
જીગ્નેશ જી. પઢિયાર - એડવોકેટ
કૃષ્ણરાજસિંહ આર. રાયઝાદા - એડવોકેટ
આદિત્ય વી. પોપટ - એડવોકેટ
યુવરાજ ડી. ચૌહાણ
રજનીભાઈ રાઠોડ
દીપકભાઈ દવે

Black Ink Law Firm
Protecting Your Interest
Mo. No. 99043 37823




રાજયની જૂનાગઢ મહાપાલિકા- ૬૨ નગરપાલિકામાં ભાજપનો વિજય

# સૌરાષ્ટ્ર સહિત સમગ્ર ગુજરાતમાં કેસરીયો લહેરાયો

### સ્થાનિક ચૂંટણીઓમાં ભાજપનો દબદબો જળવાઈ રહ્યોઃ કોંગ્રેસને ફકત એક નગરપાલિકામાં વિજયઃ સૌરાષ્ટ્રમાં પોરબંદર-કુતિયાણા સિવાય કમળનું કલીન સ્વીપ

રાજકોટઃ ગુજરાતમાં ધારાસભા ચૂંટણીમાં ભાજપે ૧૫૬ બેઠકો પર અને લોકસભાની ૨૫ બેઠકો પર વિજય બાદની છેક અર્ધશહેરી અને મહાનગરોને આવરી લેતી સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણીમાં ભાજપે દબદબો જાળવી રાખ્યો છે અને જૂનાગઢ મહાપાલિકા ફરી કબ્જે કરી છે તો ૬૬ નગરપાલિકામાં ૬૨માં ભાજપે શાસન નિશ્ચિત કર્યુ છે. કોંગ્રેસને એક જ સલાયા નગરપાલિકામાંજ કોંગ્રેસને જીત મળી છે તો કુતિયાણા-રાણાવાવમાં ભાજપના લાંબા સમયના શાસન સામે સ્થાનિક ધારાસભ્ય કાંધલ જાડેજાએ જે સમાજવાદી પક્ષની પેનલો બનાવીને ચુંટણી લડી હતી તે બન્ને નગરપાલિકા કબ્જે કરીને ભાજપને જબરો આંચકો આપ્યો છે. કોંગ્રેસના ધુરંધરો આ ચૂંટણીમાં હાર્યા છે. ચોરવાડ નગરપાલિકા લડી રહેલા વિમલ ચુડાસમા વોર્ડની બેઠક પણ જીતી શકયા નથી તો જૂનાગઢમાં ભાજપના દબંગ નેતા ગિરીશ કોટેચાના પુત્ર પાર્થ કોટેચાને તેમની મેઈડન રાજકીય ચૂંટણીમાં એક અપક્ષે પરાજીત કરીને જૂનાગઢના રાજકારણમાં જબરો ખળભળાટ મચાવ્યો છે તો ત્રણેય તાલુકા પંચાયત ભાજપે કબ્જે કરી છે અને મહાપાલિકાની પેટા ચૂંટણીઓ તથા જીલ્લા પંચાયતની તમામ ૯ પેટાચૂંટણીઓ પણ જીતી છે. રાજયમાં ૨૭% ઓબીસી અનામત સાથે

### પેટાચૂંટણીમાં પણ કમળ જ ખીલ્યુંઃ જીલ્લા પંચાયતની તમામ ૯ બેઠકો ઉપરાંત ઘાટલોડીયા, સુરત, ભાવનગર મહાપાલિકાની પેટાચૂંટણીમાં વિજયઃ ઠેર ઠેર કમલમમાં ઉજવણી શરૂ

યોજાયેલી ચૂંટણીમાં ભાજપની ઓબીસી વોટબેન્ક પણ અકબંધ રહી છે. પાંચ નગરપાલિકામાં બસપા અને અપક્ષ કિંગમેકર જેવી સ્થિતિમાં છે અને આગામી દિવસોમાં ત્યાં પક્ષપલટા અને ઓપરેશન લોટસ પણ અમલમાં મુકાય તેવી ધારણા છે.

આ ચૂંટણી સ્વતંત્ર છતા સમજુતીથી લડી રહેલા આમ આદમી પાર્ટીએ સલાયામાં તેની ઈનિંગ્સ રમી છે. જેતપુરમાં જયેશ રાદડીયાનો દબદબો યથાવત છે. આ નગરપાલિકામાં ભાજપનું શાસન યથાવત રહ્યું છે. કચ્છમાં પણ ભચાઉ સહિતની નગરપાલિકા ભાજપે જીતી છે. લાકડીયા રાપરમાં પણ ભાજપનો વિજય થયો છે. લેટકાંડથી વિવાદમાં રહેલા અમરેલીમાં તમામ નગરપાલિકામાં ભાજપને જીત મળી છે અને જીલ્લાની તમામ ચાર નગરપાલીકા જીતી લીધી છે.

ગુજરાતમાં પ્રથમ વખત સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની ચૂંટણીમાં ભાજપે તેના સ્ટાર પ્રચારકો જાહેર તો કર્યા પરંતુ મુખ્યમંત્રી કે પ્રદેશ પ્રમુખ પ્રચારમાં ઉતર્યા ન હતા અને બીજી કેડરને જવાબદારી સોંપી હતી જેને ભાજપ માટે વિજય નિશ્ચિત બનાવ્યો છે આમ ગુજરાત ભાજપમાં સંગઠનમાં હવે નવો દૌર શરૂ થશે તેવા સંકેત છે. ટુંક સમયમાં પ્રદેશ પ્રમુખની વરણી થશે અને બીજી બાજુ વિધાનસભા સત્ર બાદ મંત્રી મંડળમાં ફેરફારની શકયતા વધી ગઇ છે. સુત્રોના જણાવ્યા મુજબ ચૂંટણીના લેખા-જોખા લઇને જયાં પક્ષમાં આંતરિક અસંતોષ જોવા મળ્યો છે ત્યાં પક્ષનું ઓપરેશન પણ આવશે.

વિમાન પલ્ટી ગયુ...સદ્દનશીબે મોટી દુર્ઘટના ટળી

## કેનેડામાં એરપોર્ટ પર લેન્ડીંગ દરમિયાન વિમાન ક્રેશઃ ૧૮ યાત્રીઓ ઈજાગ્રસ્ત, બેની હાલત ગંભીર

### ટોરંન્ટોમાં બરફનું તોફાન, ૬૫ કિ.મીની ઝડપે ફુંકાતો પવન પ્લેન ક્રેશનું કારણ

ટોરંટો(કેનેડા) તા.૧૮

ટોરંટોના પિયસવ વિમાન મથકે ડેલ્ટા એર લાઈમ્સનું વિમાન લેન્ડીંગ વખતે અકસ્માતનો ભોગ બન્યું હતું. લેન્ડીંગ વખતે વિમાન પલ્ટી ગયું હતું પ્લેન ક્રેશ માટે બરફનું તોફાન ૬૫ કિ.મી.ની ઝડપે ફુકાતો પવન માનવામાં આવે છે.પ્લેન ક્રેશની આ ઘટનામાં જાનહાની નથી કોઈ પરંતુ ૧૮ વ્યકિતઓ ઘાયલ થયા છે. ડેલ્ટા એરલાઇન્સની ફલાઇટ નંબર ૪૮૧૯ને લેન્ડીંગ વખતે અકસ્માત નડ્યો છે. આ ફલાઇટ મિનિયાપોલિસ-સેન્ટ પોલ એરપોર્ટથી ટોરેન્ટ પિયર્સન આંતરરાષ્ટ્રીય એરપોર્ટ તરફ જઇ રહી હતી. જોકે ટોરોન્ટો પિયર્સન એરપોર્ટ પર લેન્ડીગ વખતે અકસ્માતનો ભોગ બની હતી. વિમાનમાં ૮૦ લોકો સવાર હતા, જેમાંથી ૭૬ મુસાફરો અને ૪ ચાલક દળના સભ્યો હતા. વિમાનમાંથી તમામ મુસાફરોને સુરક્ષિત રીતે બહાર કાઢી લેવામાં આવ્યા છે, આ દુર્ઘટનામાં ૧૮ લોકોને ઇજા પહોંચી છે.

કેનેડાના હવામાન વિભાગના

(અનુસંધાન છઠ્ઠા પાને)



માર્ચ એન્ડિગ પૂર્વે જ ઈન્કમટેકસે દરોડાનો દોર શરૂ કરતા ફફડાટ ઓપરેશન

# ભાવનગરમાં બિલ્ડર-ફાઈનાન્સર-ઝવેરીઓ પર ITનું મેગા ઓપરેશન

### રાજકીય માથા-વગદારો પણ ઝપટેઃ સુમેરૂ ગ્રુપ,તમાકુ વેપારી રણછોડ ધોળકીયા જુથ તથા કનેકશનમાં સોની વેપારી સહિતના ઉદ્યોગકારો સામે કાર્યવાહી

### ભાવનગર-શિહોરમાં ૩૦ સહિત કુલ ૩૨ સ્થળોએ ૨૦૦ અધિકારીઓ ત્રાટક્યાઃ મોટી રકમની કરચોરી પકડાવાની આશંકા

રાજકોટ તા.૧૮

નાણાંકીય વર્ષની સમાપ્તી પૂર્વે ઈન્કમટેકસ દ્વારા સર્ચ ઓપરેશનનો સિલસિલો શરૂ કરી દેવામાં આવ્યો હોય તેમ આજે ભાવનગરમાં બિલ્ડરો, ઝવેરીઓ તથા તમાકુનાં વેપારીઓ પર મોટાપાયે દરોડા પાડવામાં આવ્યા હતા. ભાવનગરમાં ૩૦ તથા નડીયાદમાં બે મળીને કુલ ૩૨ સ્થળોએ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

આવકવેરા વિભાગ દ્વારા છેલ્લા દિવસોમાં જામનગર-અમદાવાદમાં દેવ સોલ્ટ ગ્રુપ તથા વાપી-વલસાડમાં બિલ્ડરો-આર્કીટિકટને ઝપટે લેવામાં આવ્યા બાદ આજે ભાવનગર પર નિશાન તાકવામાં આવ્યું હતું. ભાવનગરમાં સુમેરૂ ડેવલપર્સ તથા તેની સાથે કનેકશન ધરાવતા ઝવેરીઓ વગેરે પર દરોડા પાડવામાં આવ્યા હતા. એમ કહેવાય છે કે દરોડાની ઝપટે ચડેલા બિલ્ડર જુથ રાજકારણમાં પણ સારી નામના ધરાવે છે અને સીધી રીતે રાજકારણ સાથે સંકળાયેલા છે. તેઓનાં નિવાસસ્થાન, ઓફીસ તથા પ્રોજેકટ સાઈટ પર પણ અધિકારીઓનાં કાફલા ત્રાટકયા હતા આ સિવાય તમાકુનાં વેપારમાં મોટુ નામ ધરાવતા રણછોડભાઈ ધોળકીયા જુથને પણ નિશાન બનાવવામાં આવ્યુ હતું. દરોડામાં ઝપટે ચડેલા જુથ સાથેના કનેકશનમાં નડીયાદમાં પણ બે સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા હતા.

સુત્રોના કહેવા પ્રમાણે ભાવનગરમાં બિલ્ડર જુથ સાથે સંકળાયેલા જાણીતા સોની વેપારીઓને પણ દરોડામાં આવરી

(અનુસંધાન છઠ્ઠા પાને)

જોઈએ છે
સબમર્સીબલ પંપના કારખાના માટે
ફીટર / કારીગર-૨
(મીનીમમ અનુભવ-૨ વર્ષ)
98241 24244

કોમ્પ્યુટર ઓપરેટર
જોઈએ છે અનુભવી
મારૂતી ઈન્સ્યોરન્સ, RTO ઓફિસ પાસે, રાજકોટ.
93289 59606






# સાંજ સમાચાર

## દેશ - વિદેશના સચોટ સમાચાર
## ઝડપથી વાંચવા માટે
## આજે જ ડાઉનલોડ કરો
## સાંજ સમાચાર મોબાઈલ એપ

GET IT ON Google Play

Download on the App Store

( એપ ડાઉનલોડ કરવા માટે ગુગલ પ્લે સ્ટોર અથવા એપલ એપ સ્ટોરના આઇકોન પર ક્લિક કરો )

TWITTER
@sanj_news

FACEBOOK
@Sanj Samachar

YOUTUBE
SanjSamachar Video News

INSTAGRAM
@sanjsamachar

WEBSITE
www.sanjsamachar.net

TELEGRAM
Sanj Samachar

( સોશિયલ મીડિયા પર 'સાંજ સમાચાર' ફોલો કરવા આઇકોન પર ક્લિક કરો )

96622 96699

( વોટસએપ પર સમાચાર વાંચવા માટે ઉપર આપેલ નંબર પર અત્યારે જ ''Hi'' મેસેજ કરો )

## શહેરમાં ગેંગવોર, ફરીવાર પોલીસના અસ્તિત્વ સામે સવાલ !

# ઘાતક હથિયારો સાથે ગુનેગારો બેફામ બની, નવી પેઢીને પણ ગુનાખોરી માટે આમંત્રણ આપે છે

### સામાન્ય નાગરિકોનો શું વાંક, હવે તો રાત પડે એટલે ઘર બહાર નીકળવું પણ ભયજનક જેવી સ્થિતીઃ શહેરના દરેક ચોક પર નશાની હાલતમાં બેફામ વાણીવિલાસ કરી મારામારી કરવું સામાન્ય બની રહ્યું છે, લોકો ત્રાહિમામ સાથે ભયભીત

### DGPની વાત પોકળ સાબિત થઈ, રાતે તો શું દિવસના પણ લોકો સુરક્ષિત નથી, નાની નાની ઉંમરના બાળકો પણ છરી લઈ ફરવા લાગ્યાં, ક્યાં ગઈ સિંઘમ પોલીસની રણનીતિ ? કેમેરા સામેની વાતોમાંથી ક્યારે ગ્રાઉન્ડ લેવલ પર કામ થશે ? એક એક રાજકોટ વાસીઓનો સવાલ

રાજકોટ. તા.૧૭

આમ તો ના કહીં શકાય પરંતુ થોડાં સમયથી શાંત થયેલ રંગીલા રાજકોટને ફરીવાર કોઈ નજર લાગી હોય તેમ યુપી-બિહારની જેમ ગેંગવોર તરફ વળી રહ્યું છે અને ફરીવાર પોલીસના અસ્તિત્વ સામે સવાલ ઉભો થયો છે. શનિવારે વ્હેલી પરોઢિયે શહેરના લોકો ગાઢ નિંદ્રામાં હતાં ત્યારે બે જૂથની ચાલી આવતી ગેંગવોરમાં ફાયરીંગ કરી ભડાકા થતાં શહેરીજનો ગાઢ નિંદ્રામાંથી સફાળા જાગી ગયાં અને એક ભયનો માહોલ ઉભો થઇ ગયો હતો.

પરંતુ આ વાત નવી નથી કેમ કે, શહેરના લુખ્ખાઓ અને હિસ્ટ્રીસીટરો પર પોલીસની પકડ ઢીલી થતાં જ તેઓ બેકાબુ બને છે અને આજની નવી પેઢીને પણ ગુનેગારી તરફ વાળવાનો પ્રયાસ થતો હોય તેવું ચિત્ર ઉપસી આવી રહ્યું હોય તેવું સામે આવી રહ્યું છે. ગુનેગાર ઘાતક હથિયારો સાથે નિકળી રૌફ જમાવે છે, વિડીયો રીલ્સ ઉતારી પોતાનું સ્ટેટ્સ બનાવે છે અને તે સ્ટેટ્સ સામાન્ય લોકો માટે જીવલેણ પણ સાબિત થઈ શકે છે, તેમાં સામાન્ય નાગરીકોનો શું વાંક, હવે તો રાત પડે એટલે ઘર બહાર નીકળવું પણ ભયજનક જેવી સ્થીતી બની રહી છે. શહેરના દરેક ચોક પર અવારા તત્વો માટે નશાની હાલતમાં બેફામ વાણી વિલાસ કરી મારામારી કરવું સામાન્ય બની રહ્યું છે, જેમનથી લોકો ત્રાહિમામ સાથે ભયભીત પણ બને છે.

બહેનો દિકરીઓ માટે તો કેટલાંક વિસ્તારમાંથી પસાર થવું પણ ક્ષોભજનક સ્થિતિમાં મૂકે છે. જે મહિલાઓની વાત પરથી થોડાં સમય પહેલાં જ આપણા રાજ્યના મુખ્ય પોલીસ વડા વિકાસ સહાયના અધ્યક્ષતામાં એક ક્રાઈમ કોન્ફરન્સ યોજાઈ ગઈ, જેમાં દરેક ઉચ્ચ પોલીસ અધિકારીઓની હાજરી હતી અને તે સમયે રાજકોટ મીડિયાના એક સવાલના જવાબમાં સાહેબે એવું કહ્યું કે, મોડી રાત સુધી હોટલો-દુકાનો ખુલ્લી રહે તે નહીં પરંતુ મહિલાઓ મોડી રાત સુધી બેખૌફ ફરી શકે તેનો જવાબદારી મારી છે. પરંતુ હાલ રંગીલા રાજકોટની સ્થિતિ જોતા સાહેબની વાત પોકળ સાબિત થઈ થતી હોય તેવું સામે આવી રહ્યું છે. મહિલાઓ તો શું બાળકો કે પુરૂષો પણ રાતે તો શું દિવસના પણ લોકો સુરક્ષિત નથી. કાયદાનો ડર જ ન હોય તેમ નાની નાની ઉંમરના બાળકો પણ છરી લઈ ફરવા લાગ્યાં છે. તો ક્યાં ગઈ રાજકોટ સિંઘમ પોલીસની રણનીતિ ? કેમેરા સામેની વાતોમાંથી ક્યારે ગ્રાઉન્ડ લેવલ પર કામ થશે ? તે એક એક રાજકોટ વાસીઓ સવાલ સાથે જવાબ પણ માંગી રહ્યાં છે.

### અગાઉ મહત્વની તમામ બ્રાન્ચ સમયાંતરે ફૂટ પેટ્રોલિંગ સાથે હિસ્ટ્રીસીટરોને તપાસતી, હર્વે ?

રાજકોટ. તા.૧૮

રંગીલા રાજકોટની સ્થિતી એક વખત ગેંગવોરથી ભરેલી હતી અને તે સમયના તત્કાલીન પોલીસ કમિશ્નર દ્વારા ખાસ રણનીતિ ઘડવામાં આવતી હતી અને ખાસ જે તે વિસ્તારના પોલીસ મથકનો સ્ટાફ તો પેટ્રોલિંગ કરતો જ પરંતુ સાથે સાથે

મહત્વની બ્રાન્ચો પણ અવારનવાર ફૂટ પેટ્રોલિંગ કરતી અને હિસ્ટ્રીસીટરોને તપાસતી હતી. જેનાથી ગુનેગારોમાં એક ભયનો માહોલ પણ રહેતો હતો. જે હાલ જોવા નથી મળી રહ્યું અને પરિણામ સ્વરૂપ ચિત્ર સામે છે.

રંગીલા રાજકોટમાં હજું પણ ગુનેગારોની દહેશત ઉભી થાય પહેલાં જ પોલીસે ઝીરો ગ્રાઉન્ડ પર આવી કામ કરવું પડશે અને ગુનેગાર ઉગે તે પહેલાં જ તેમને ડામી દઈ રાજકોટને સુરક્ષિત કરવું પડશે નહીંતર દરરોજ એક ગેંગ ઉભી થશે અને શહેરને લોહિયાળ બનાવતું રહેશે.

### ઘણાં આરોપીઓને પાસામાં ધકેલાઈ રહ્યાં છે, સાથે સાથે ગુજસીટોક-ઓર્ગેનાઇઝ ક્રાઈમ હેઠળ પણ કાર્યવાહી થવી જોઈએ

રાજકોટ. તા.૧૮

શહેર પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા દ્વારા દરેક પોલીસ મથક અને પીસીબીની ટીમને સૂચના આપી ત્રણ ગુના આચરનાર આરોપીઓ સામે પાસા હેઠળ કાર્યવાહી કરવાની સૂચના આપી ઘણા આરોપીઓને પાસામાં ધકેલાયા છે અને ઘણાં વિરૂદ્ધ દરખાસ્તો પણ તૈયાર થઈ રહી છે, તે શહેરની સુરક્ષાની દ્રષ્ટિએ સારી વાત છે. પરંતુ પાસામાં ઘણી હળવી જોગવાઈ હોવાથી આરોપીઓ ટૂંકા સમયમાં જેલ બહાર નીકળી ફરીવાર ક્રાઈમની દુનિયા તરફ વળે છે.

જેથી ખાસ ટોળકીમાં ગુનાને અંજામ આપતાં ગુનેગારો વિરૂદ્ધ ગુજસીટોક-ઓર્ગેનાઇઝ ક્રાઈમ હેઠળ કાર્યવાહી કરી એકથી વધું દાખલા બેસાડી આરોપીઓમાં પોલીસનો ભય બેસાડવો જરૂરી બની ગયો છે.

### પોલીસ રાજકીય નેતાઓની કઠપૂતળીઃ તેમના ઈશારા પર જ કામ કરવાનું, નહીંતર ઉપરથી પ્રેશર પોલિટિક્સ

રાજકોટ. તા.૧૮

રાજકોટ પોલીસની હાલત પણ સુડી વચ્ચે સોપારી જેવી થઈ છે. કેમ કે, ઘણી વખત પોલીસને બહાદુરીથી કામ કરવું જ હોય છે, પરંતુ ઉપર બેસેલા રણકીય આકાઓની કઠપૂતળી બની આરોપી સામે પણ લાજ કાઢવી પડે છે. કેમ કે, પોલીસ આરોપી સુધી પહોંચી જાય છે અને અટકમાં પણ લ્યે છે, ત્યાં જ રાજકીય નેતાઓના ફોન ધણધણવા લાગે છે અને ફરજીયાત તેમના હુકમનું પાલન કરી આરોપી સામે કાર્યવાહી અટકાવી પડે છે અથવા આરોપી વિરૂદ્ધમાં પણ ભલામણ કરે તો મોટી કાર્યવાહી કરવી પડે છે.

જો તેમનો વિરોધ પોલીસ કરે તો બદલી સહિતના પગલાંઓ માટે તૈયારી રાખવી પડે છે.

# પોલીસે જવાહર ચાવડાની ધરપકડ ન કરતા હાઈકોર્ટ ભારે નારાજઃ કેસ રદ કરવાની અરજી ફગાવી દીધી

### ચાર્જશીટમાં ચાવડાને 'ફરાર' દર્શાવ્યા, પણ સચિવાલયમાં કેબિનેટ મંત્રી તરીકે ઉપલબ્ધ હતા : પોલીસે તેમની સાથે 'સૌહાર્દપૂર્ણ અને વિશિષ્ટ' વર્તન કર્યું : કેસ ગૃહ વિભાગ (પોલીસના કૃત્ય બાબતે)ને રિફર કરતી કોર્ટ

રાજકોટ, તા.૧૮

ગુજરાત હાઈકોર્ટના ન્યાયાધીશ નિરલ મહેતાએ ૨૦૧૮માં જૂનાગઢ જિલ્લામાં હાઇવે બ્લોક કરવા અને પથ્થરમારા કરવાના કેસમાં પોલીસ દ્વારા ભૂતપૂર્વ કેબિનેટ મંત્રી જવાહર ચાવડાની ધરપકડ ન કરવા બદલ 'આઘાત' વ્યક્ત કર્યો હતો. આ કેસમાં ૩૯ વ્યક્તિઓ આરોપી હતા ત્યારે પોલીસે ચાવડાની ધરપકડ કરી નહોતી. ચાવડાએ તેમની સામેનો ફોજદારી કેસ પાછો ખેંચવા માટે અરજી દાખલ કરી હતી તે ફગાવી દેવાઈ છે.

કેસની ચાર્જશીટમાં ચાવડાને 'ફરાર' તરીકે દર્શાવવામાં આવ્યા હતા અને ગાંધીનગરમાં રાજ્ય સચિવાલયમાં કેબિનેટ મંત્રી તરીકે ઉપલબ્ધ હોવા છતાં તેમની ધરપકડ કરવામાં આવી ન હતી. હાઈકોર્ટે આખરે તેમની સામેનો કેસ રદ કરવાનો ઇનકાર કર્યો હતો. કારણ કે, તેઓ ક્યારેય તપાસમાં જોડાયા ન હતા અને પોલીસે તેમની સાથે 'સૌહાર્દપૂર્ણ અને વિશિષ્ટ' વર્તન કર્યું હતું. કોર્ટે પોલીસના આ વ્યવહાર બદલ કેસ ગૃહ વિભાગ (પોલીસના કૃત્ય બાબત)ને રિફર કર્યો છે.



ન્યાયાધીશ મહેતાએ પોલીસ અને રાજકીય નેતાની મિલીભગતની નોંધ લીધી. ''આ કોર્ટ હાલના અરજદાર (ચાવડા) અને પોલીસ અધિકારીઓ વચ્ચેની સ્પષ્ટ મિલીભગતની કડવી હકીકતનો પુનરોચ્ચાર કરવા માંગે છે, જેમાં કોઈ પણ કારણ વગર, હાલના અરજદારને ઘટના સ્થળે અટકાયતમાં લેવામાં આવ્યા હોવા છતાં, કોઈપણ ઔપચારિક ધરપકડ વિના સરળતાથી જવા દેવામાં આવ્યા હતા,'' એમ હાઈકોર્ટે જણાવ્યું હતું.

અને વધુમાં, હાઈકોર્ટે ઉમેર્યું હતું કે, ''સ્થાનિક વિસ્તારમાં તેમજ ગુજરાત રાજ્યના સચિવાલયમાં કેબિનેટ મંત્રી તરીકે ખૂબ જ ઉપલબ્ધ હોવા છતાં, ધરપકડ માટે કોઈ પ્રયાસ કરવામાં આવ્યા ન હતા અને ફક્ત સુવિધા ખાતર, હાલના અરજદારનું નામ ચાર્જશીટના કોલમ નંબર ૨ માં દર્શાવવામાં આવ્યું છે જેમાં તેને ભાગેડુ તરીકે નામ દર્શાવવામાં આવેલ છે.''

હાઈકોર્ટે વધુમાં જણાવ્યુંકે, ''આ કોર્ટ, તેમના વિરુદ્ધ કેસ પડતો મૂકવા માટે તેના અંતર્ગત અધિકારક્ષેત્રનો ઉપયોગ કરીને આવા (પોલીસના) અનુકૂળ ડિઝાઇનનો ભાગ બનવા માંગતી નથી. આ કોર્ટને મજબૂત લાગણી છે કે હાલના અરજદારે આ કોર્ટનો સંપર્ક સંપૂર્ણપણે સ્વચ્છ હાથે કર્યો નથી. તેથી, હાલના અરજદાર કોઈપણ અસાધારણ રાહત માટે હકદાર નથી.'' હાઈકોર્ટે એમ પણ નોંધ્યું હતું કે, ''આ કોર્ટ સભાનપણે હાલના અરજદાર સામે કથિત સમાન ગુના માટે કેસનો સામનો કરી રહેલા અન્ય ૩૯ આરોપીઓ પ્રત્યે વિશિષ્ટ વર્તન આપીને હાલના અરજદારની તરફેણમાં તેના અંતર્ગત અધિકારક્ષેત્રનો ઉપયોગ કરવાની મંજૂરી આપશે નહીં. જો બીએનએસએસ, ૨૦૨૩ ની કલમ ૫૨૮ (કેસ રદ કરવા) હેઠળ હાલના અરજદારને કોઈ રાહત આપવામાં આવે તો તે ચોક્કસપણે જનતાને ખોટો સંકેત આપશે.''

હાઈકોર્ટે એ પણ નોંધ્યું છે કે તેમના રાજકીય પ્રભાવને કારણે તેમની ધરપકડ કરવામાં આવી નથી. ''આ કોર્ટે એ સમજવાનો પ્રયાસ કર્યો છે કે ક્યાં અનિવાર્ય સંજોગો હોઈ શકે છે જેના કારણે તપાસ અધિકારીને હાલના અરજદાર સાથે આટલો ''સૌહાર્દપૂર્ણ અને વિશિષ્ટ'' વર્તન કરવાની મંજૂરી મળી છે. આ કોર્ટ જે સ્પષ્ટ કારણ શોધી શકે છે તે હાલના અરજદારનો રાજકીય પ્રભાવ અને ત્યાં હાજર પોલીસ અધિકારીઓની મીઠી નજર છે. વધુમાં, વિસ્તારના ખૂબ જ અગ્રણી એવા અરજદાર, જોકે, સ્થાનિક વિસ્તારમાં ખૂબ જ ઉપલબ્ધ હતા, સમગ્ર ધરપકડ કરવામાં આવી ન હતી અને ચાર્જશીટના કોલમ નંબર ૨ માં ફક્ત ભાગેડુ તરીકે દર્શાવવામાં આવ્યા હતા.''

# શાપરમાં ૧૨ વર્ષની બાળકી પર દુષ્કર્મ આચરનાર શાંતિધામના રોહિત વાઘેલાને ૨૦ વર્ષની કેદની સજા

### ચોકલેટ આપી બે વખત પોતાના ઘરમાં બોલાવી રોહિતે બાળકીનો દેહ અભડાવ્યો, ગોંડલ પોક્સો કોર્ટે સજા ફટકારી : જાન્યુઆરી ૨૦૨૪ની ઘટનામાં ઝડપી ચુકાદો, ભોગ બનનાર બાળકીને સરકાર તરફથી ૬ લાખ વળતર ચુકવવા કોર્ટનો આદેશ

રાજકોટ, તા.૧૮

શાપરમાં ૧૨ વર્ષની બાળકી પર દુષ્કર્મ આચારનાર રોહિત મનિષ વાઘેલા(ઉં.વ.૨૦, રહે. શાંતિધામ ગેઈટ, અક્ષર રેસીડિન્સી)ને ગોંડલની સ્પેશલ પોક્સો કોર્ટે ૨૦ વર્ષની કેદની સજા ફટકારી છે. જાન્યુઆરી ૨૦૨૪ની ઘટનામાં ઝડપી ચુકાદો આવ્યો છે. ભોગ બનનાર બાળકીને સરકાર તરફથી ૬ લાખ વળતર ચુકવવા કોર્ટે આદેશ કર્યો છે.

આ કેસની ટુંકી હકીકત એવી છે કે, ૧૨ વર્ષની ભોગબનનારને તેની માતાએ વેફર્સ લેવા માટે રૂ.૫ આપેલ હતા. બાળકી પૈસા લઈ વેફર્સ લેવા ગઈ હતી. જોકે તે પાછી ઘરે આવી ત્યારે બાળકી પાસે મોટી અને મોંઘી ચોકલેટ હતી. માતાને શંકા ગઈ કે તેણે બાળકીને માત્ર પાંચ રૂપિયા આપ્યા હતા. તો આ વધુ રકમની મોટી ચોકલેટ ભોગ બનનાર કયાંથી લાવી? માતાએ દીકરીને પૂછતાં ભોગ બનનારે જણાવેલ કે, આ ચોકલેટ રોહિતે આપી છે. વધુ પુછપરછ કરતા બાળકીએ તેની સાથે થયેલ કુકર્મની વાત કરી હતી કે, અગાઉ પણ રોહિત બાળકીને ચોકલેટ આપવાની લાલચે બે વખત પોતાના ઘરે બોલાવી બે વખત શરીર સંબંધ બાંધેલ હતો. તેવી વાત ભોગબનનારે તેની માતાને કરતા માતાએ તા. ૧/૧/૨૦૨૪ના રોજ શાપર - વેરાવળ પોલીસ સ્ટેશનમાં આરોપી રોહીત મનિષ વાઘેલા સામે ફરીયાદ નોંધાવી હતી. પોલીસે દુષ્કર્મ, પોક્સો સહિતની કલમો સાથે આરોપી રોહિતની ધરપકડ કરી હતી. જે પછી ગોંડલ સેશન્સ પોક્સો કોર્ટમાં આરોપી રોહિત વાઘેલા સામે ચાર્જશીટ દાખલ કર્યું હતું.



ઘનશ્યામ ડોબરીયા
સરકારી વકીલ

આ કેસ કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ ઘનશ્યામ ડોબરીયા દ્વારા દસ્તાવેજી પુરાવા લિસ્ટ રજુ થયેલ અને કોર્ટમાં ભોગબનનાર બાળકીની જુબાની તથા દસ્તાવેજી પુરાવા તથા માતા - પિતાની જુબાની ધ્યાને લઈ તથા સરકારી વકીલની દલીલો ધ્યાને રાખી આરોપી રોહિત મનિષભાઈ વાઘેલાને ગોંડલના સેશન્સ જજ એમ.એ.ભટ્ટીએ તકસીરવાન ઠરાવી, ૨૦ વર્ષની કેદની સજાનો હુકમ કર્યો છે. આ કેસમાં સરકાર તરફે સરાકારી વકીલ ઘનશ્યામ કે. ડોબરીયા રોકાયેલ હતા.

# સસરા ઉપર ખુની હુમલો કરવાના ગુન્હામાં પોલીસ કોન્સ્ટેબલ સહિત ત્રણ શખ્સોનો નિર્દોષ છુટકારો

### અમરેલીના નાની કુકાવાવ ગામે બનાવ બનેલો, જેમાં નિવૃત ફોરેસ્ટ ઓફીસરે ફરિયાદ નોંધાવી હતી

રાજકોટ, તા.૧૮

અમરેલીના નાની કુકાવાવ ગામે સસરા ઉપર ખુની હુમલો કરવાના ગુન્હામાં પોલીસ કોન્સ્ટેબલ સહિત ત્રણ શખ્સોનો નિર્દોષ છુટકારો થયો છે.

કેસ ની વિગત મુજબ, ફરીયાદી વાઘજી મુળુ ડવ જેઓ નિવૃત ફોરેસ્ટ ઓફીસર છે તેઓએ વડીયા પોલીસ સ્ટેશનમાંએ મુજબની ફરીયાદ લખાવેલ કે ગત તા.૨૭/૯/૨૧ ના સવારે ૯.૩૦ કલાકે તેઓ નિલકંઠ મહાદેવના મંદીરે પુજા કરવા ગયેલ હતા ત્યારે આ કામના આરોપી દીપક બહાદુર સોનારા, દેસુર હરસુર ચાવડા, રામદેવ મુળા માલકીયાએ એકસંપ કરી સમાન ઈરાદો પાડ પાડવા પ્લાન બનાવેલ અને ફરીયાદીની દીકરી જલ્પાબેન કે જે આરોપી દીપકની પત્ની થતી હોય અને જે તેઓના ઘરે રીસામણે હોય જેનું મનઃદુખ રાખી બેઝબોલનો ધોકો લઈ ફરીયાદી પુજા કરતા હોય તેને માથાના ભાગે પાછળથી આડેધડ ઘા કરી ફરીયાદીની મોત નીપજાવવા હુમલો કરેલ હતો. ગુન્હા અનુસંધાને વડીયા પોલીસે આરોપીઓની ધરપકડ કરેલ હતી. ચાર્જશીટ બાદ કેસ ચાલી જતા ફરીયાદપક્ષ તરફે કુલ ૨૧ સાહેદો તપાસવામાં આવેલ તથા ૩૩ દસ્તવેજી પુરાવાઓ રજુ થયેલ હતા. જેમાં ૫ ચનામાઓ, સી.આર.પી.સી.ની કલમ ૧૬૪ મુજબનું નીવેદન, સીસીટીવી ફુટેજ, એફએસએલ રીપોર્ટ, હથીયારો વિગેરે પુરાવાઓ રજુ થયેલ હતા. ત્યારબાદ આરોપીના વકીલે કરેલી દલીલો, રજૂ રાખેલા પુરાવા, ટાકેલા ચુકાદા ધ્યાને લઈ કોર્ટે ત્રણેય આરોપીઓને શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરેલ હતો. આ કેસમાં આરોપીઓ વતી રાજકોટના ધારાશાસ્ત્રી ભગીરથસિંહ ડોડીયા, ખોડુભા સાકરીયા, મીલન જોષી, જયવિર બારૈયા, રવિરાજસિંહ જાડેજા, જયપાલસિંહ સોલંકી, સાગરસિંહ પરમાર રોકાયેલ હતા.



ભગીરથસિંહ ડોડીયા
એડવોકેટ

# તમંચા અને જીવતા કાર્ટીઝ સાથે પકડાયેલ આરોપી જય વાઢેર જામીન ઉપર છોડતી કોર્ટ

રાજકોટ, તા.૧૮

તા.૧૨/૦૨/૨૫ ના રોજ રાજકોટ રૂલર એસઓજીએ બાતમીના આધારે રેડ કરી મેટોડા જી.આઈ.ડી.સી. ગેઈટ પાસેથી દેશી પીસ્ટલ (તમંચા) અને જીવતા કાર્ટીઝ સાથે આરોપી જયભાઈ ઉર્ફે જયુ મુકેશભાઈ વાઢેર (રહે. ૧૫૦ ફુટ રીંગ રોડ, મોદી સ્કુલની સામે, સદગુરૂ પાર્ક કીડવાઈનગર, રાજકોટ)ને ઝડપી લીધો હતો.

લોધીકા કોર્ટમાં આરોપીએ જામીન અરજી કરી હતી. જેમાં આરોપીના એડવોકેટ રોહિત ઘીયાએ એવી રજુઆત કરેલ કે, કહેવાતું હથિયાર આરોપી પાસેથી કબજે કરવામાં આવેલ નથી. સજાની જોગવાઈ ૫ વર્ષ સુધીની છે. કેસ ચલાવવાની સત્તા ટ્રાઈલ કોર્ટની છે. ચાર્જશીટ ફાઈલ થતા કેસ ચાલતા કેસોનુ ભારણ જોતા ઘણો સમય વ્યતીત થાય તેમ હોય જામીન મંજુર કરવા રજુઆત કરેલી. દલીલો ધ્યાને લઈ લોધીકા કોર્ટે આરોપીને શરતી જામીન ઉપર મુકત કરવાનો હુકમ કર્યો છે. આ કેસમાં આરોપી વતી એડવોકેટ રોહીતભાઈ બી. ઘીયા તથા હર્ષ રોહીતભાઈ ઘીયા અને મદદમાં રીધ્ધીબેન ખંઢેડીયા રોકાયેલ હતા.



એડવોકેટ ઘીયા

# જીએસટી કૌભાંડમાં મારૂતિનંદન કન્સ્ટ્રકશનના સંચાલક અનિલ પોસીયાના જામીન મંજુર

### કરોડોનો વેપાર કરતી પેઢી રૂા.૧૭,૦૮૦ જેવી રકમ માટે કોઈ ગુનો આચરે તે હકિકત ગળે ઉતરે તેવી નથી : દલીલ

રાજકોટ, તા.૧૮

ચકચારી ૬૧ લાખથી વધુની રકમની જી.એસ.ટી. ઈનપુટ ટેક્ષ ક્રેડીટ મેળવવાનાં ગુનામાં મારૂતિનંદન કન્સ્ટ્રકશન પેઢીના સંચાલક અનિલ પોસીયાના જામીન રાજકોટ સેશન્સ કોર્ટે મંજુર કર્યાં છે.

રાજકોટ શહેર ડી.સી.બી. પોલીસ સ્ટેશનમાં તા.૨૭/૧૧/૨૦૨૪ના રોજ જીએસટી સુપ્રીન્ટેન્ડન્ટ જયપ્રકાશસિંઘ રામચંદ્રસિંઘે ગુજરાતના અલગ અલગ શહેરોની ૧૪ પેઢીના સંચાલકો તથા તપાસમાં ખુલે તે તમામ વિરૂધ્ધ ફરીયાદ નોંધાવેલ હતી. ફરીયાદની હકીકત મુજબ, કોઈ વ્યકિત દ્વારા 'પરમાર એન્ટરપ્રાઈઝ'ના નામથી બનાવટી ભાડા કરાર બનાવી સેન્ટ્રલ જી.એસ.ટી. ઓફીસ રાજકોટ ખાતે ઓનલાઈન રજુ કરી, જીએસટી નંબર મેળવી, અન્ય પેઢીઓના સંચાલકો સાથે મળી ગુનાહીત કાવત્રુ રચી બનાવટી બીલીંગ, બનાવટી દસ્તાવેજો અને ખોટી રજુઆતો દ્વારા બોગસ ઈનપુટ ટેકસ ક્રેડીટ મેળવી સરકારને રૂા.૬૧,૩૮,૧૬૮નું નુકસાન પહોંચાડ્યું હતું. આ પેઢીઓ પૈકી મારૂતિ નંદન કન્સ્ટ્રકશનના સંચાલક અનિલ પોસીયા (રહે.તીર્થ મકાન, ગોમતી નંદન સોસાયટી, શ્રીજીનગર પાસે જોષીપુરા, જુનાગઢ)ની ધરપકડ થઈ હતી. તેઓએ રાજકોટ સેશન્સ કોર્ટમાં જામીન અરજી કરી હતી. જેમાં આરોપીના એડવોકેટ અંશ ભારદ્વાજે દલીલ કરેલી કે, નિયમ મુજબ જીએસટી ડિપાર્ટમેન્ટ ઉપર ફ્રોડ આચરી અને ખોટી ઈનપુટ ટેક્ષ ક્રેડીટ મેળવવામાં આવેલ હોય તો પણ તેની ભરપાઈ કરી જે તે પેઢી છુટકારો મેળવી શકે છે. જ્યારે હાલના કેસમાં તો શરત ચૂકથી મેળવેલ ઈનપુટ ટેક્ષ ક્રેડીટ આરોપીની પેઢીએ પરત કરી દીધેલ છે. આરોપીની પેઢી કરોડોનો વેપાર કરે છે. રૂા.૧૭,૦૮૦ જેવી રકમ માટે કોઈ ગુનો આચરે તેવી હકિકત ગળે ઉતરે તેવી નથી. આ ગુનાના અન્ય આરોપીઓને હાઈકોર્ટે જામીન મુક્ત કરેલ છે. દલીલો ધ્યાને લઈ સેશન્સ કોર્ટે મારૂતિ નંદન કન્સ્ટ્રકશન પેઢીના સંચાલક અનિલ પોસીયાને જામીન પર મુકત કરવાનો હુકમ ફરમાવેલ છે. આ કેસમાં આરોપી મારૂતિનંદન કન્સ્ટ્રકશન પેઢી તરફે અભય ભારદ્વાજ એન્ડ એસોસીએટ્સના અંશ ભારદ્વાજ, ધીરજ પીપળીયા, ગૌતમ પરમાર, વિજય પટેલ, જીજ્ઞેશ વિરાણી, જીતેન્દ્ર કાનાબાર, કમલેશ ઉધરેજા, રાકેશ ભટ્ટ, તારક સાવંત, કૃણાલ દવે તથા ચેતન પુરોહિત રોકાયા હતા.



અંશ ભારદ્વાજ
એડવોકેટ

## અવસાન નોંધ

**રાજકોટ:** સ્વ.જસોદાબેન પોપટભાઈ આડઠકકર, તે કુવાડવાના સ્વ. પોપટલાલ આડઠકકરના ધર્મપત્નિ, જમનાદાસ વીરજીભાઈ ગોકાણીની પુત્રી, રંજનબેન, અનંતભાઈ, હસમુખભાઈ, ધર્મેન્દ્રભાઈ, નરેન્દ્રભાઈના માતુશ્રી તથા હિતેશકુમાર રાજાણીના સાસુ તેમજ રવિ, કિસનના નાની તા.૧૭ને સોમવારના શ્રીજી ચરણ પામ્યા છે. તેમનું બેસણું તથા પિયરપક્ષની સાદડી તા.૨૧ને શુક્રવારના સાંજે ૪થી૬ દરમ્યાન જય સોમનાથ મંદિર, કિસન પાર્ક મેઈન રોડ, ઉમિયા ચોક, ૧૫૦ ફુટ રીંગરોડ, રાધે હોટલ પાછળ, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટ:** મુળ બરવાળા બાવીશી હાલ રાજકોટ સૌરાષ્ટ્ર બાજ ખેડાવાળ બ્રાહ્મણ ચંપાબેન શિવલાલભાઈ દવે (ઉ.૮૩) તે સ્વ. શિવલાલભાઈ વલ્લભજીભાઈ દવેના પત્ની, નવનીતભાઈ, કૌશિકભાઈ, મહેશભાઈ (રાજકોટ), ઈલાબેન સતીષભાઈ દવે (અમરેલી)ના માતુશ્રી તેમજ સ્વ. ચિંતનભાઈ નવનીતભાઈ દવે, ચાંદની કવનભાઈ દવે, સ્નેહા ચિંતનભાઈ દવે, ભકિત કૌશિકભાઈ દવે અને ભાષીત મહેશભાઈ દવેના દાદી તથા હેતાર્થ ચિંતનભાઈ દવેના પરદાદી તેમજ સતીષભાઈ જીવનભાઈ દવે (અમરેલી)ના સાસુ તથા નયનભાઈ નંદલાલભાઈ દવે (બરવાળા બાવીશી), નીલુબેન પ્રવીણભાઈ ભટ્ટ (બાબરા), ભાવનાબેન વસંતભાઈ મહેતા (અમરેલી)ના કાકીનું તા.૧૫ને શનિવારે અવસાન થયેલ છે. બેસણું તા.૨૦ને ગુરૂવારે સાંજે ૪થી ૬ 'ધૂમકેતુ હોલ', ૪- રોયલ પાર્ક, કેકેવી હોલની બાજુમાં, કાલાવાડ રોડ, રાજકોટ ખાતે રાખેલ છે. નવનીતભાઈ દવેઃ ૯૯૦૯૨ ૪૫૫૦૪.

**રાજકોટ:** આણંદપુર ભાડલાના વતની હાલ રાજકોટ નિવાસી નિમિષ શૈલેષભાઈ ઉપાધ્યાયના દાદા, પ્રફુલભાઈના મોટા ભાઈ,માધવીબેન શૈલેષભાઈ પંડ્યા, સ્વ.માલતી સુરેશભાઈ દવેના પિતા અને શીતલ તેજસ ભાઈ રાવલ, તથા અવની સંદીપભાઈ સતાણીના દાદા સદગત રસીકભાઈ બાલાશંકર ઉપાધ્યાયનુંઅવસાન થયેલ છે તેમનું બેસણું તારીખ ૧૯/૨/૨૫ સાંજે ૪ થી ૬ રાખેલ છે. એડ્રેસઃચંદ્ર મૌલેશ્વર મહાદેવ મંદિર,જનક પુરીમેઈન રોડ, સાધુ વાસવાણી રોડ ખાતે રાખવામાં આવ્યું છે.

**જામનગર:** સ્વ. હરેશ રમાનાથ ધોળકિયા (રિટાયર્ડ સી ટી આઇ) જામનગર તે પારુલ ધોળકિયા (વૈદ્ય- ભુજ) ના પતિ, તપન ( યુકો બેન્ક) કાજલ હાર્દિક બુચ ( જૂનાગઢ ડિસ્ટ્રિક્ટ કોર્ટ) ના પિતાશ્રી, હાર્દિક સુધીરભાઈ બુચ ( એક્સિસ બેન્ક) ના સસરા, ડો. યેશા તપન ધોળકિયા ના સસરા નું અવસાન થયું છે.પ્રાર્થના સભા / બેસણું તા. ૧૯/૦૨/૨૦૨૫ બુધવાર ના રોજ સાંજે ૫ થી ૬ દરમ્યાન શ્રી નર્મદેશ્વર મહાદેવ મંદિર, પંચવટી, જામનગર ખાતે રાખેલ છે.

**રાજકોટ:** બજાણા નિવાસી હાલ રાજકોટ સ્વ.હસમુખલાલ હિરાલાલ મેંઢાના પુત્રવધુ કિશોરભાઈના પત્નિ ગીતાબેન (ઉ.વ.૬૧) તે કપિલ,કૃપાબેન જીજ્ઞેશકુમાર પુજારાના માતૃશ્રી તથા રાકેશભાઈ મેંઢાના ભાભી તેમજ અમદાવાદ નિવાસી વનમાળીદાસ જીવરામભાઈ ગોવાણીના દિકરીનું તા.૧૭ને સોમવારના રોજ અવસાન થયેલ છે.સદ્‌ગતનું બેસણું તથા પિયર પક્ષની સાદડી તા.૨૦ ગુરૂવારના રોજ સાંજે ૪ થી ૬ કલાકે છત્રપતિ શિવાજી ટાઉનશીપ (૨- બીએચકે) એફ વિંગ, કર્ણાવતી સ્કૂલ પાસે, રેલનગર, રાજકોટ ખાતે રાખેલ છે. કિશોરભાઈ મો.નં.૯૮૨૪૯ ૧૧૫૨૮


**રાજકોટ:** મહારાજશ્રી ઘેલારામજી ઔદિચ્ય ગોહેલવાડ બ્રાહ્મ જ્ઞાતિના ગં.સ્વ.દિનુબાળા વિનોદરાય જાની તે સ્વ.વિનોદરાય ભાઈશંકરભાઈ જાનીના ધર્મપત્ની જયેન્દ્રભાઈ વિનોદરાય જાની કૌશિકભાઈ વિનોદરાય જાની, રાખીબેન કૌશિકકુમાર વ્યાસના માતૃશ્રી તેમજ રાજેન્દ્રભાઈ ભાઈશંકરભાઈ જાની અનસુયાબેન ગુણવંતરાય વ્યાસના ભાભી તથા રાજુલાબેન દુષ્યંતભાઈ જાનીના જેઠાણીનું તા.૧૫ના રોજ અવસાન થયેલ છે. બેસણું તા.૨૦ ગુરૂવારે સાંજે ૪ થી ૬ કલાકે ચંદ્રમૌલેશ્વર મહાદેવ મંદિર, ચંદનપાર્ક મેઈન રોડ, રૈયારોડ રાજકોટ ખાતે રાખેલ છે.

### ઈન્ડિયન ઓવરસીઝ બેંકના નિવૃત કર્મચારી રાજીવ પારેખનું અવસાન



રાજકોટ નિવાસી રાજીવ કનૈયાલાલ પારેખ- ઉ.વ.૫૯ (નિવૃત કર્મચારી ઈન્ડિયન ઓવરસીઝ બેંક) તે પ્રીતીબેન પારેખના પતિ, સ્વ. કનૈયાલાલ નાગરદાસના પુત્ર તથા મેઘા નિરવભાઈ મણીયાર તથા જયદા પારેખનાં પિતાશ્રી અને સુનિલભાઈ (સીટીઝન બેંક), જસ્મીના પ્રમેશભાઈ મોદી, સ્વ. નિલાબેન પારેખના ભાઈ અને કનૈયાલાલ મણીયારના જમાઈનું તા.૧૭ના રોજ અવસાન થયુ છે. તેમની સ્મશાનયાત્રા તા.૧૮ને મંગળવારે આજે રાત્રે ૮.૩૦ વાગ્યે તેમના નિવાસસ્થાન 'શ્રીરામ', ૧- તીરૂપતીનગર, હનુમાન મઢી, રાજકોટ ખાતેથી નીકળશે.


ચોથી વાર્ષિક પૂણ્યતિથિએ
શ્રધ્ધાંજલી



સ્વ. મહેન્દ્રસિંહજી દાનસિંહજી જાડેજા
સ્વ.તા. ૧૮-૨-૨૦૨૧ ગુરૂવાર

કયારેય ન ભુલાય તેવી આપની યાદ, કયારેય ન ભુલાય તેવું આપનું વ્યકિતત્વ, કયારેય ન ભુલાય તેવો આપનો સ્વભાવ, કયારેય ન ભુલાય તેવો આપનો સંગાથ, કયારેય ન ભુલાય એ ઘનઘોર છાયા. પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ આપે એજ પ્રાર્થના.

સ્વ. પુરણસિંહજી દાનસિંહજી જાડેજા (ભાઈ)
સ્વ. કરણસિંહજી કિશોરસિંહજી જાડેજા (હકુભા) (ભાઈ)
સ્વ. ભરતસિંહજી કિશોરસિંહજી જાડેજા (ભાઈ)
ઘનશ્યામસિંહ મહેન્દ્રસિંહજી જાડેજા (પુત્ર)
રાજદિપસિંહ પુરણસિંહજી જાડેજા (ભત્રીજા)
હરીરાજસિંહ પુરણસિંહજી જાડેજા (ભત્રીજા)
મેઘરાજસિંહ ભરતસિંહ જાડેજા (ભત્રીજા)
તિર્થરાજસિંહ ઘનશ્યામસિંહ જાડેજા (પૌત્ર)
હર્ષદેવસિંહ રાજદિપસિંહ જાડેજા (પૌત્ર)
ઓમદેવસિંહ રાજદિપસિંહ જાડેજા (પૌત્ર)
shashi



દુઃખદ અવસાન - સાદડી



સ્વ. ભરતભાઈ મનસુખભાઈ બારાઈ
સ્વ. તા. ૧૨-૦૨-૨૦૨૫

સ્વ. ભરતભાઈ મનસુખભાઈ બારાઈ ઉંમર વર્ષ ૬૩, તે સ્વ. મનસુખભાઈ નરોત્તમદાસ બારાઈના પુત્ર, અનુપમભાઈ નરોતમદાસ બારાઈના ભત્રીજા, આલાપ તથા મિલી બારાઈના પિતાશ્રી, સુનિલભાઈ તથા સંજયભાઈ બારાઈના મોટાભાઈનું તા.૧૨-૦૨-૨૦૨૫, બુધવારના રોજ અવસાન થયેલ છે.

સાદડી

તા. ૨૦-૦૨-૨૦૨૫, ગુરુવાર - સમય : સાંજે ૪.૩૦ થી ૫ કલાક
સ્થળ : આશાપુરા સોસાયટી ગાર્ડન, એસ.બી.આઈ. બેંક પાછળ, સુરજકરાડી, મીઠપુર, દેવભૂમીદ્વારકા

જી.એન.બારાઈ & કું. ઓખા | જી.એન.બારાઇ & કું. IOC પંપ,દ્વારકા | બારાઈ એન્ટરપ્રાઈઝ મીઠાપુર
અવધેશ એજન્સીઝ - અવધેશ લુબ્રીકન્ટસ, રાજકોટ
SIMPLE


# ગાંજાનાં ગુનામાં નાસતો ફરતો આરોપી ઝડપાયો

રાજકોટ તા.૧૮

ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનના એનડીપીએસના ગુનામાં ૭ વર્ષથી ફરાર આરોપીને જડપી લેવામાં શહેર એસઓજીને સફળતા મળી છે.

જે અન્વયે પો.ઈ. એસ.એમ. જાડેજાના માર્ગદર્શન હેઠળ એસઓજી શાખાના પો.સ.ઈ. એસ.બી. ઘાસુરા તથા એસઓજી શાખાના કર્મચારીઓ એનડીપીએસના ગુનાઓના નાસતા ફરતા આરોપીઓને શોધી કાઢવા સારૂ રાજકોટ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા તે દરમ્યાન પો.કો. કિશોરભાઈ ઘુઘલ તથા અમીતકુમાર ટુંડીયાનાઓની સંયુકત રીતે ચોકકસ બાતમી આધારે રાજકોટ શહેર ગાંધીગ્રામ પોલીસ સ્ટે.ના ગુ.ર. નં. ૩-૦૧૧૯/૨૦૧૮ એનડીપીએસ કલમ ૮(સી) ૨૦(બી) મુજબના ગુનામાં છેલ્લા ૭ વર્ષથી નાસતો ફરતો રાણાભાઈ રાજુભાઈ ચૌહાણ રહે. મકાન નં.૧૧૫૫ રીધ્ધી સીધ્ધી સોસાયટી શેરી નં.૯/સી દૂધસાગર રોડ, બેડીપરા રાજકોટ વાળો હાલ રહે. રાધાકૃષ્ણનગર શેરી નં.૧૬ જંગલેશ્વર વિક્રમ ચોક પાસે રાજકોટને ઝડપી લઈ ગાંધીગ્રામ પોલીસને હવાલે કરેલ છે. પો.ઈ. એસ.એમ. જાડેજા, પો.સ.ઈ. એસ.બી. ઘાસુરા, એએસઆઈ ફીરોજભાઈ ઈકબાલભાઈ શેખ તથા પો.કો. કિશોરભાઈ ઘુઘલ તથા અમીતકુમાર ટુડીયા તથા યોગરાજસિંહ છનુભા ગોહીલએ કરી હતી.



સાંજ પબ્લિકેશન્સ વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક, અને માલીક : પ્રદિપભાઈ નરોત્તમદાસ શાહ ; મુદ્રણ સ્થાનઃ સાંજ મીડીયા, સાંજ સમાચાર હાઉસ, કસ્તુરબા રોડ, રાજકોટ, ફોનઃ ન્યુઝ રૂમઃ ૨૪૭૩૯૧૧/ ૧૨, જાહેરખબરઃ ૨૪૭૩૯૧૫/૧૬, સર્ક્યુલેશનઃ ૨૪૭૩૯૧૮, ફેક્સઃ ૦૨૮૧-૨૪૭૩૯૨૫ sanjsamachar@gmail.com

### મેડિકલ ચેકઅપ સમયે બાપનું કૃત્ય સામે આવ્યું

# બાપ-દિકરીના સબંધ લજવાયાઃ સાવકા પિતાએ ૧૪ વર્ષની પુત્રીનો દેહ અભડાવ્યોઃ દુષ્કર્મ

**રાજકોટમાં ચકચાર મચાવતો બનાવઃ પુત્રી સ્કૂલેથી ઘરે આવતાં જ બાપે કપડા કાઢી નાંખી બળજબરી કરી, લોહીલુહાણ થઈ જતા તેણી પિરિયડમાં હોવાનું કહેવા ધમકી આપીઃ પિતાના મિત્રએ પણ અડપલાં કર્યા, સગી જનેતાએ કોઈને વાત કહીશ તો જાનથી મારી નાંખવાની ધમકી આપી**

**ગાંધીગ્રામ પોલીસ મથકના પીઆઈ મેઘાણી અને ટીમની તલસ્પર્શી તપાસ કામ આવીઃ માતા-પિતા સહિત ત્રણ સામે દુષ્કર્મ, પોક્સો સહિતની કલમ હેઠળ કાર્યવાહી કરી ઝડપી પાડ્યા**

રાજકોટ. તા.૧૮

રાજકોટમાં થોડા દિવસ પહેલાં સગીરા પર કારમાં રેપ કેસના બનાવ બાદ પીડિતાએ મોં ખોલ્યું હતું અને તેની પર તેના જ સાવકા પિતાએ દુષ્કર્મ કર્યાની ફરીયાદ નોંધાવતા બાપ-દિકરીના સબંધ લજવાયા હતાં. અગાઉ સગીરા પર થયેલ દુષ્કર્મના બનાવમાં મેડિકલ ચેકઅપ વખતે તેણીએ પિતાની કરતુત અંગે પોલીસને જાણ કરતાં બનાવ સામે આવ્યો હતો. તેમજ મિત્રએ પણ અડપલાં કર્યા અને સગી જનેતાએ કોઈને વાત કહીશ તો જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. ગાંધીગ્રામ પોલીસની તલસ્પર્શી તપાસ કામ આવી હતી અને માતા-પિતા સહિત ત્રણ સામે દુષ્કર્મ, પોક્સો સહિતની કલમ હેઠળ કાર્યવાહી કરી.

બનાવ અંગે રાજકોટના ગાંધીગ્રામ વિસ્તારમાં રહેતી ૧૪ વર્ષીય સગીરાએ નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે તેના સાવકા પિતા, માતા અને તેના પિતાના મિત્રનું નામ આપતાં ગાંધીગ્રામ પોલીસે દુષ્કર્મ, પોક્સો સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, તેણીની માતાએ બીજા લગ્ન આરોપી સાથે કર્યા હતાં. તેમને નાની બહેન પાંચ વર્ષની છે. ગત તા.૬ ફેબ્રુઆરીના તેની માતા તેની નાની બહેન સાથે નણંદના બેસવા માટે ગઈ હતી. તેણી સ્કૂલેથી પરત ફરી રૂમમાં દફતર મુકવા ગઈ ત્યારે પાછળથી ધસી આવેલા તેના સાવકા પિતાએ રૂમ અંદરથી બંધ કરી દિધો હતો. બાદમાં અચાનક જ તેણીના કપડાં કાઢી બેડ પર ધરારીથી સુવડાવી દિધી હતી. બાદમાં તેણીને ધમકાવી તેના પર ધરારીથી દુષ્કર્મ આચર્યું હતું. પિતાની હેવાનિયતથી સગીરા લોહીલુહાણ થઇ ગઇ હતી. જોકે આરોપી સાવકા પિતાએ લોહી નીકળવા બાબતે તેની માતાને પરિયડમાં આવી હોવાની વાત કરવાનું કહ્યું હતું અને તેમ નહીં કહે તો જાનથી મારી નાખીશ તેવી ધમકી આપતા સગીરાએ ચુપકીદી સાધી હતી. સગીરાની માતા ઘરે આવી ત્યારે પણ કંઇ કહ્યું નહોતું.

ઉપરાંત તેણીએ જણાવ્યું હતું કે, તેમનો સાવકો પિતા અવારનવાર ધમકી આપી શરીર અડપલાં કરતો હતો. જે તેના મિત્રને જાણ થતાં તેની પણ દાનત બગડી હતી અને તેણે થોડા દિવસ પહેલાં તેની પાસે બીભત્સ માંગ કરી હતી અને અડપલાં પણ કર્યા હતા. જોકે આ અંગે પણ સગીરાએ તેની જનેતાને જાણ કરી નહોતી.

દરમિયાન સગીરા પર કારમાં થયેલ દુષ્કર્મના બનાવમાં તેણીનો મેડિકલ ચેકઅપ કરવા માટે પોલીસ હોસ્પિટલમાં લઈ ગઈ ત્યારે સગીરાએ જણાવ્યું હતું કે, તેમની સાથે તેના બાપે પણ દુષ્કર્મ આચર્યું છે. જે વાતથી સમસમી ગયેલ મહિલા પોલીસે પીઆઈ મેઘાણીને વાત કરતાં તેઓએ સગીરાને નિવેદન નોંધવા બોલાવી હતી. જે બાદ સગીરાની માતાને આ અંગે જાણ થતાં પુત્રીને ધમકી આપી હતી કે, 'તું મને શું આપીશ, આ તારો પિતા મને રોટલો અને આશરો આપે છે, તું મરી જા તો પણ મને ફર્ક પડતો નથી, માટે પોલીસને કોઈ વાત ન કરવા અને કોઈને જાણ કરીશ તો તને મારી નાખીશ કહીં ધમકી પણ આપી હતી.

**પીડિતાને નારી સંરક્ષણ ગૃહમાં મોકલાઈ**

સાવકા પિતાની હેવાનીયતનો ભોગ બનનાર ૧૪ વર્ષની દિકરી હવે નોંધારી બની છે, તેની માતાએ પણ દુષ્કૃત્યમાં સહયોગ કરતાં માતા-પિતા બંને જેલ ભેગાં થયાં હતાં. ત્યારે હવે પોલીસ મહત્વની ભૂમિકામાં આવી હતી. પીડિતાને નારી સંરક્ષણ ગૃહમાં મોકલી દેવામાં આવી છે.

જે બાદ ગાંધીગ્રામ પોલીસે ફરીયાદ સગીરાને બોલાવી ગુનો દાખલ કરાવી પીઆઈ એસ.આર.મેઘાણી અને ટીમે આરોપીને પકડી કાયદાનું ભાન કરાવ્યું હતું.

# નૂતનનગરમાં વૃધ્ધ માતા અને બહેનને વાયપરથી ફટકારતો કળિયુગી પુત્ર

**વૃધ્ધ માતાની દવાના બીલના પૈસા આપવાનું કહેતાં જ પુત્ર રવીન ઉશ્કેરાયો અને માર મારવા લાગ્યોઃ પોલીસે ગુનો નોંધ્યો**

રાજકોટ. તા.૧૮

નૂતન નગરમાં વૃધ્ધ માતા અને બહેનને વાયપરથી કળિયુગી પુત્રએ માર મારતા તેઓને સારવારમાં ખસેડયા હતાં. બનાવ અંગે માલવીયાનગર પોલીસે ગુનો નોંધી કાર્યવાહી કરી હતી.

બનાવ અંગે કાલાવડ રોડ પર કોટેચા ચોક પાસે નૂતન નગર મેઈન રોડ પર રહેતાં નિર્મળાબેન કિશોરભાઈ કાનપરા (ઉ.વ.૭૨) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે રવિન કિશોર કાનપરાનું નામ આપી જણાવ્યું હતું કે, તેઓ નિવૃત જીવન ગાળે છે અને સંતાનમાં બે દિકરા તથા એક દિકરી છે. જેમા સૌથી મોટી ૪૯ વર્ષીય દિકરી સોનલ જે અપરિણિત અને પુત્ર રવીન છે.

ગઇ તા.૧૫ ના બપોરના સમયે તેઓ પરીવાર સાથે ઘરે હતાં ત્યારે દીકરી સોનલએ તેઓની સારવારની દવા મંગાવેલ હોય અને તેના બિલની ચુકવણી કરવા સારૂ મારી દિકરીએ રવિનને કહેલ કે, તું દવાના બિલની ચુકવણી કરી આપજે પુત્રએ કોઇ પ્રત્યુતર આપેલ નહી જેથી દીકરીએ ફરીથી દવાના બિલ બાબતે રવિનને કહેલ કે, તારે દવાના બિલની ચુકવણી કરવાની છે, કહેતાં દિકરાને સારૂ નહી લાગેલ અને એકદમ ઉશ્કેરાઇ ગયેલ હતો.

બાદમાં રવીન ઉચા અવાજે બોલવા લાગેલ હતો. જેથી તેને શાંતીથી સમજાવેલ કે, તુ ઉંચા અવાજે વાતો ના કર કહેતા તેને સારૂ લાગેલ નહીં અને દિકરી સોનલ સાથે ઝપાઝપી કરવા લાગેલ હતો. દિકરીને હાથથી માર મારવા લાગેલ અને તેઓ વચ્ચે છોડવવા પડેલ તો તેઓનો પણ હાથનો પંજો પકડી મરડી નાખેલ હતો. તેઓએ રાડારાડી કરવા લાગેલ હતાં. ત્યારે આરોપી બાથરૂમમાં પડેલ વાઇપરથી દિકરી સોનલને આડેધડ માર મારી ગુસ્સે થઈ બોલવા લાગેલ કે, હું તમને કહુ તેમજ તમારે રહેવાનુ છે તેમ કહી નાસી છૂટ્યો હતો. બાદમાં તેઓને સારવારમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતાં. બનાવ અંગે માલવીયાનગર પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

### બનાવના ૯ માસ બાદ સેશન્સ કોર્ટમાંથી પ્રથમ આરોપીને જામીન મળ્યા

# TRP અગ્નિકાંડ : એટીપીઓ મુકેશ મકવાણાને જામીન મુક્ત કરતી સેશન્સ કોર્ટ



મુકેશ મકવાણા

**સરકાર પક્ષે અને ભોગ બનનાર પક્ષે વાંધા મુકાયા પણ હાઈકોર્ટમાંથી ગૌતમ જોશીને મળેલ જામીનના ચુકાદાને રાજકોટ સેશન્સ કોર્ટે ધ્યાને લીધો**



રાજકોટ, તા.૧૮

૨૭ લોકોના જીવતા સળગી જતા મોત થયાના ચકચારી બનાવ ટીઆરપી અગ્નિકાંડના ગુનામાં વધુ રાજકોટ મહાનગર પાલિકાના વધુ એક એન્જીનીયરની જામીન અરજી મંજુર થઈ છે. એટીપીઓ મુકેશ મકવાણાને જામીન મુક્ત કરવા રાજકોટ સેશન્સ કોર્ટે હુકમ કર્યો છે.

સમગ્ર વિગત જોઈએ તો તા.૨૫ મે ૨૦૨૪ની સાંજે રાજકોટના નાના મવા રોડ નજીક સયાજી હોટલ પાછળ આવેલ ટીઆરપી ગેમઝોનમાં આગ લાગતા ૨૭ લોકોના મોત થયા હતા અને ત્રણેક લોકોને ઇજા થઇ હતી. જે અંગે પોલીસે ફરિયાદી બની ફરિયાદ નોંધી હતી. આ બનાવમાં ૧૬ આરોપી સામે ગુનો દાખલ થયો છે. જેમાં ટીઆરપી ગેમઝોનના સંચાલકો (૧) ધવલ ભરત ઠક્કર (ધવલ કોર્પોરેશનના પ્રોપરાઇટર), રેસવે એન્ટરપ્રાઇઝના ભાગીદારો (૨) અશોકસિંહ જગદીશસિંહ જાડેજા, (૩) કિરીટસિંહ જગદીશસિંહ જાડેજા, (૪) પ્રકાશચંદ કન્હેયાલાલ હીરન, (૫) યુવરાજસિંહ હરીસિંહ સોલંકી, (૬) રાહુલ લલીતભાઇ રાઠોડ, ગેમઝોન મેનેજર (૭) નીતિન મહાવીરપ્રસાદ લોઢાજૈન, રાજકોટ મહાનગર પાલિકાના ટાઉન પ્લાનિંગ ઓફિસર (૮) મનસુખભાઇ ધનજીભાઇ સાગઠીયા, આસિસ્ટન્ટ ટીપીઓ (૯) ગૌતમ દેવશંકરભાઇ જોષી, આસિસ્ટન્ટ ટીપીઓ (૧૦) મુકેશભાઇ રામજીભાઇ મકવાણા, કાલાવડ રોડ ફાયર સ્ટેશનના ફાયર સ્ટેશન ઓફિસર (૧૧) રોહીતભાઇ આસમલભાઇ વિગોરા, ટીપી શાખાના એન્જીનીયર અને એટીપીઓ (૧૨) જયદીપ બાલુભાઈ ચૌધરી (૧૩) રાજેશભાઇ નરશીભાઇ મકવાણા, ચીફ ફાયર ઓફિસર (૧૪) ઇલેશ વાલાભાઈ ખેર, ડેપ્યુટી ચીફ ફાયર ઓફીસર (૧૫) ભીખા જીવાભાઈ ઠેબા અને ગેમઝોન ખાતે ફેબ્રિકેશનનો કોન્ટ્રાકટ રાખનાર (૧૬) મહેશ અમૃત રાઠોડ સામે ગુનો નોંધાયો છે. જેમાં અગ્નિકાંડના બનાવમાં પ્રકાશચંદ કન્હેયાલાલ હીરનનું મોત થયું હતું. જેથી બાકીના ૧૫ આરોપીની ધરપકડ કરી રિમાન્ડ બાદ જેલ હવાલે છે.

દરમિયાન આ કેસમાં ચાર્જશીટ થયા બાદ જમીન માલિક અશોકસિંહ જાડેજા, કિરીટસિંહ જાડેજા, ફાયર ઓફિસર ઇલેશ ખેર, ચીફ ટાઉન પ્લાનિંગ ઓફિસર મનસુખ સાગઠીયા, આસી. ટાઉન પ્લાનિંગ ઓફિસર રાજેશ મકવાણા, ગૌતમ જોષી, આસી. એન્જીનીયર જયદિપ ચૌધરીએ સેશન્સ કોર્ટમાં કરેલી જામીન અરજી નામંજૂર થતાં ગુજરાત હાઇકોર્ટમાં રેગ્યુલર જામીન મેળવવા અરજી કરી હતી. જેમાં એટીપી રાજેશ મકવાણા, ગૌતમ જોષી અને એન્જીનીયર જયદીપ ચૌધરીની જામીન અરજી હાઇકોર્ટે મંજુર કરતો હુકમ કર્યો હતો. જે પછી તાજેતરમાં આરોપી એટીપીઓ મુકેશ રામજીભાઈ મકવાણાએ રાજકોટ સેશન્સ કોર્ટમાં જામીન અરજી કરી હતી. જેની આજે સુનાવણી થઈ. જેમાં સરકાર પક્ષે જામીન અરજી રદ કરવા દલીલ થયેલી. ઉપરાંત પીડીત પરિવાર વતી એડવોકેટ નરેન્દ્રસિંહ આર. જાડેજાએ વાંધા રજૂ કર્યાં હતા. તેઓની દલીલ હતી કે, ટીઆરપી ગેમઝોનનું બાંધકામ ગેરકાયદેસર હોય, જેની નોટિસ અપાઈ હતી. તેનાથી આરોપી વાકેફ હતા. વગેરે દલીલો વાંધા રજૂ કર્યાં હતા.

જ્યારે આરોપી પક્ષે ગૌતમ જોશીને હાઈકોર્ટ દ્વારા જામીન મુક્ત કરવા હુકમ થયો છે. તેને ટાંકી દલીલો કરાઈ હતી. જેમાં બનાવ બન્યો ત્યારે ટીઆરપી ગેમઝોન જે વિસ્તારમાં આવે તેના એટીપીઓ ગૌતમ જોશી હતા. જ્યારે બનાવ પહેલા જ એટીપીઓ મુકેશ મકવાણાની બદલી થઈ ગઈ હતી. બનાવ વખતે ગૌતમ જોશી એટીપીઓ હતા તેને હાઈકોર્ટએ જામીન મુક્ત કર્યાં છે તો તે ધ્યાને લઈ મુકેશ મકવાણાને પણ જામીન મુક્ત કરવા જોઈએ. રજુઆતો ધ્યાને લઈ એટીપીઓ મુકેશ મકવાણાને જામીન મુક્ત કરવા કોર્ટે હુકમ કર્યો છે. આમ બનાવના ૯ માસ બાદ સેશન્સ કોર્ટમાંથી પ્રથમ આરોપીને જામીન મળ્યા છે. આ જામીન અરજીના કામે આરોપી અરજદાર મુકેશ મકવાણા વતી એડવોકેટ પી.એમ. બુચ રોકાયેલ હતા.

**ફેબ્રીકેશનનું કામ કરનાર મહેશ રાઠોડની જામીન અરજી પર મુદ્દત પડી**

ટીઆરપી ગેમઝોનમાં વેલ્ડિંગ કરતી તીખારા પડતા આગ લાગી હતી અને અગ્નિકાંડ સર્જાયો હતો. જેથી પોલીસે ફેબ્રીકેશનનું કામ કરનાર મહેશ અમૃત રાઠોડને પણ આરોપી બનાવી તેની ધરપકડ કરી જેલ હવાલે કરેલ. જેલમાંથી છૂટવા મહેશ રાઠોડ દ્વારા સેશન્સ કોર્ટમાં જામીન અરજી કરાઈ છે. જેની કોર્ટે આગામી મુદતે સુનાવણી નક્કી કરી છે.

# જૂની અદાવતનો ખાર રાખી સફાઈ કામદાર પર પડોશી માતા-પુત્રનો લોખંડના પાનાથી હુમલો

**વાલ્મીકી આવાસનો બનાવઃ યુવક લોહીલુહાણ થતાં સારવારમાં ખસેડાયોઃ પોલીસે ગુનો નોંધી તપાસ આદરી**

રાજકોટ. તા.૧૮

વાલ્મીકી આવાસમાં જૂની અદાવતનો ખાર રાખી સફાઈ કામદાર પર પડોશી માતા-પુત્રએ લોખંડના પાનાથી હુમલો કરતાં ઘવાયેલા યુવાનને સારવારમાં ખસેડાયો હતો. બનાવ અંગે બી. ડિવિઝન પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

બનાવ અંગે પેડક રોડ પર વાલ્મીકી આવાસ યોજનાના કવાર્ટરમાં રહેતાં વિજયભાઈ ભગવાનજીભાઈ મકવાણા (ઉ.વ.૩૮) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે વિજય હેમંત ગળીયલ, તેની માતા હેમંત ગળીયલનું નામ આપી જણાવ્યું હતું કે, તેઓ અને તેમના પત્ની સોનલબેન કુવાડવા રોડ ગોકુલ હોસ્પીટલમાં સફાઈ કામદાર તરીકે નોકરી કરે છે. તેમની બીલ્ડીંગમાં રહેતાં સાળા સહિતના સાથે વાયરલેસ ઓફીસ પાસે અગાઉ છએક મહીના પહેલા કોઇ બાબતે ઝઘડો થયેલ જેમા તેઓની વચ્ચે અંદરો અંદર સમાધાન થઇ ગયેલ હતું. જે બાબતનો ખાર રાખી ઉષાબેન તથા તેનો દિકરો વિજય ફરીયાદી સાથે અવાર નવાર બોલાચાલી ઝઘડો કર્યા કરતા હતાં.

ગઈકાલે તેઓ અને તેમનો પુત્ર ઘરે હતા ત્યારે વિજય ગરીયલ તથા તેના માતા ઉષાબેન ઘરના દરવાજા પાસે આવી ગાળો બોલી અગાઉના ઝઘડા વિશે જોરથી બોલી સંભળાવતા હોય જેથી તેઓ ઘરની બહાર નીકળી સીડી પાસે આવી ગાળો બોલવાની ના પાડતા બંને મા-દિકરો હાથાપાઈ કરવા લાગેલ અને ઢીકાપાટુનો મુઢ માર મારવા લાગેલ હતાં. તેમજ ઉષાબેનના કહેવાથી તેના દિકરા વિજયએ ઉશ્કેરાઈ જઈ પોતાના પેન્ટના નેફામાંથી લોખંડનું પાનું કાઢી મને કપાળના ભાગે એક ઘા મારી દિધેલ અને બીજો ઘા બાવડા ઉપર ઝીંકી દિધો હતો

તેમને કપાળના ભાગે લોહી નીકળવા લાગતા આરોપી માતા-પુત્ર ત્યાંથી નાસી ગયેલ હતાં. બાદમાં તેમની પત્નિ આવી જતાં તેમને ૧૦૮ મારફતે સારવારમાં ખસેડેલ હતાં. બનાવ અંગેની ફરીયાદ પરથી બી. ડિવિઝન પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

# ઉલ્ટી-ઉબકા કરી લૂંટ ચલાવતી રીક્ષા ગેંગના વધું બે સાગરીતને દબોચી લેતી પોલીસ

રાજકોટ. તા.૧૮

ઉલ્ટી-ઉબકા કરી લૂંટ ચલાવતી રીક્ષા ગેંગના વધું બે સાગરીતને દબોચી ગાંધીગ્રામ પોલીસે દબોચી લઈ જેલ ભેગા કર્યા હતા. ગઇ તા.૧૩ ના સાંજના સમયે ત્રણ અજાણ્યા ઇસમોએ મળી ફરીયાદીને ૧૫૦ ફુટ રીંગ રોડ ઇન્દીરા સર્કલ બ્રીજ ઉપર પાસેથી પોતાની ઓટો રીક્ષામાં પેસેન્જર તરીકે બેસાડી વાતચીત કરી પેસેન્જરની નજર ચુકવી ફરીયાદી પાસે રહેલ પર્સની તથા રોકડા રૂપીયાની ચોરી કરી ઓટો રીક્ષા લઇ નાશી ગયેલ હતાં. જે બાબતે ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમા ગુનો નોંધાતા પીઆઈ એસ.આર.મેઘાણીના સીધા માર્ગદર્શન હેઠળ પીએસઆઇ એસ.બી.જાડેજા અને ટીમ તપાસમાં હતી ત્યારે હેડ કોન્સ્ટેબલ મસરીભાઇ ભેટારીયા અને કોન્સ્ટેબલ મુકેશભાઇ તેમજ પ્રદિપભાઇ ડાંગરને મળેલ ચોક્કસ બાતમીના આધારે ભુરા શામજી સિંધવ (ઉ.વ.૨૭),( ધંધો.રીક્ષા ડ્રાઇવિંગ,રહે.વેલનાથપરા મોરબી રોડ ઝુપડ પટ્ટીમાં) અને બકુલ ઉર્ફે ઢેબો અનકુ ચૌહાણ ★ઉ.વ.૨૮ ધંધો.મજુરીકામ),( રહે.યુવરાજનગર ગમારા પેટ્રોલપંપ સામે ગુજરાત મોટર્સ બાજુમાં આજીડેમ પાસે) ને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી કરી હતી. ઉલ્લેખનીય છે કે, રીક્ષા ગેંગના મુખ્ય સૂત્રધાર સંજય મગન બાંભણીયાને એક દિવસ પહેલાં જ એલસીબી ઝોન-૨ ની ટીમે પકડી પાડ્યો હતો.

## ટીવી ચેનલ

(છેલ્લા પાનાનું ચાલું)

જાણકારોને એવી શંકા છે કે અમુક સેટેલાઈટ ઓપરેટરોની ચીન સાથેની સાંઠગાંઠ તથા ભૌગોલીક ટેન્શનને કારણે સરકાર વધુ છુટછાટ નહિં આપે.સુત્રોએ કહ્યું કે વિદેશી સેટેલાઈટની અરજીની પ્રક્રિયા ચાલુ છે. માસાંતે ગૃહ સહિતના મંત્રાલયોની સ્ટેન્ડીંગ કમીટીની બેઠક બાદ ચિત્ર ઘણા અંશે સ્પષ્ટ થઈ શકશે. સુત્રોએ કહ્યું કે આવા મહત્વના નિર્ણય લેવામાં સામાન્ય રીતે બે બેઠક થતી હોય છે. ૩૧ માર્ચ સુધીમાં બાકીના વિદેશી સેટેલાઈટને મંજુરી મળશે કે કેમ તે સવાલ છે. માસાંતે ચિત્ર ઘણા અંશે સ્પષ્ટ થઈ શકે.અમુક વિદેશી સેટેલાઈટ તો તાજેતરમાં જ અરજી કરી છે તમામ જરૂરી વિગતો પુરી પાડે પછી મંજુરી પ્રક્રિયામાં ૧૨૦ દિવસ થતા હોય છે. જોકે અમુક અરજીઓ ગત સપ્ટેમ્બર મહિનાથી પેન્ડીંગ છે. ઘણી વખત અરજી અધુરી હોય ત્યારે કવેરી કાઢવામાં આવતી હોય છે. તમામ વિગતો મળ્યા બાદ જ અરજી સ્ટેન્ડીંગ કમીટીમાં પહોંચે છે કમીટી તમામ માપદંડ ચકાસે છે. આંતરીક સુરક્ષા પર ખાસ ફોકસ રાખવામાં આવે છે.

વિદેશી સેટેલાઈટને સમયસર મંજુરી ન મળવાના સંજોગોમાં તેનું પ્રસારણ ખોરવાવાનું જોખમ ઉભુ થશે.

## બજેટ

(છેલ્લા પાનાનું ચાલું)

શાક માર્કેટ, બે શાક માર્કેટના રીનોવેશન, સૌપ્રથમ પશુ દવાખાનુ, કોર્પો.ની શાળાની વિધાર્થીનીઓ માટે સર્વાઇકલ કેન્સરની ફ્રી વેકસીન, મેમોગ્રાફી મશીન, વોર્ડ નં.૧૨માં નવો બગીચો, રેસકોર્સ રીંગ રોડ પર ડેકોરેટીવ લાઇટીંગ, ધર્મેન્દ્ર રોડ શાક માર્કેટમાં ફ્રુટ માર્કેટ અને હોકર્સ ઝોન, હેરીટેજ રોડનું બ્યુટીફીકિશન સામેલ કરવામાં આવ્યું છે.

## રાજકોટ જીલ્લા

(છેલ્લા પાનાનું ચાલું)

તેનાથી કોઈ નુકશાન થશે કે કેમ તેના પર મીટ હતી. પરંતુ આજે જાહેર થયેલા પરિણામમાં ભાજપને સ્પષ્ટ બહુમતી મળી હતી. ૪૪માથી ૩૨ બેઠકો પર ભાજપે જીત મેળવી હતી. ૧૧ અપક્ષના ફાળે ગઈ હતી જયારે કોંગ્રેસને સમ ખાવા પુરતી માત્ર એક બેઠક મળી હતી.

નગરપાલિકામાં ફરી સતા મળતા ધારાસભ્ય જયેશ રાદડીયાની આગેવાનીમાં વિજયોત્સવ મનાવાયો હતો. તેઓએ ભાજપને જીત અપાવવા ખભેખભા મિલાવીને કામ કરનારા આગેવાનો-કાર્યકરોનો આભાર માન્યો હતો.

કેબીનેટમંત્રી કુંવરજી બાવળીયાનો મત વિસ્તાર ધરાવતી જસદણ નગરપાલિકાની ૨૮માંથી ૨૨ બેઠકો કબ્જે કરીને ભાજપે બહુમતી મેળવી હતી. કોંગ્રેસને ૫ તથા અપક્ષને એક બેઠક મળી હતી.

ધોરાજી નગરપાલિકામાં પણ કમળ ખીલ્યુ હતુ અને ૩૬માંથી ૨૪ બેઠકો ભાજપે કબ્જે કરી હતી.

ઉપલેટા નગરપાલિકાની ૩૬માંથી ૨૭ બેઠકો પર જીત મેળવીને ભાજપે સતા હાંસલ કરી હતી. કોંગ્રેસને ૬ તથા અપક્ષને ૩ બેઠકો મળી હતી.

ભાયાવદર નગરપાલિકાની ૨૪માંથી ૧૬ બેઠકો પર જીત મેળવીને ભાજપે જીત હાંસલ કરી લીધી હતી. કોંગ્રેસને બાકીની આઠ બેઠકો મળી હતી.

પાંચેય નગરપાલિકામાં જીતને પગલે હવે રાજકોટ જીલ્લાની તમામ નગરપાલિકા પર ભાજપનો વાવટો છે. કોંગ્રેસનો રકાસ છે. ભાજપની છાવણીમાં ઉત્સાહના ઘોડાપુર હતા.

જીલ્લા ભાજપ મહામંત્રી નરેન્દ્રસિંહ જાડેજાએ એવો દાવો કર્યો હતો કે જીલ્લાના ઈતિહાસમાં પ્રથમવાર તમામ નગરપાલિકામાં ભાજપનુ શાસન આવ્યુ છે જે ભાજપ પ્રત્યે લોકોનો ભરોસો સાબીત કરે છે.

## ગજુમતીબેન કોઠારી

(છેલ્લા પાનાનું ચાલું)

અશ્વિનભાઇ કોઠારી (સી.એ.), પંકજભાઇ કોઠારી (એડવોકેટ), શ્રીમતી પૂર્વીબેન પ્રદીપભાઇ શાહ (સાંજ સમાચાર), તરૂણભાઇ કોઠારી (એડવોકેટ), ડો. હિરેનભાઇ કોઠારી (ઓર્થોપેડીક સર્જન)ના માતુશ્રી તથા શ્રી અનંતભાઇ કોઠારી (સિનિયર એડવોકેટ)ના ભાભી, શ્રી પ્રદીપભાઇ શાહ (તંત્રી, સાંજ સમાચાર)ના સાસુ તથા ચેતનભાઇ કોઠારી (એડવોકેટ)ના ભાભુ, તે પાલીતાણાના સ્વ. હરગોવિંદદાસ ખુશાલદાસ કપાસીના દીકરી, તે કેતનભાઇ (એડવોકેટ), કૃણાલભાઇ (એડવોકેટ), ભાવિનભાઇ (એડવોકેટ), ડો. જયરાજ, ડો. જસરાજ, રાજ (એડવોકેટ), અવનિશ (એડવોકેટ), ડો. જુહીના દાદી, તે શ્રી અંકુરભાઇ તથા શ્રી કરણભાઇ (સાંજ સમાચાર)ના નાની, તે દીપકભાઇ સંઘવી (ફાઇવ સ્ટાર કેટરર્સ), સ્વ. અતુલભાઇ (એડવોકેટ) તથા ડો. કલ્પિતભાઇ સંઘવીના મામી થતા હતા.

આજે સવારે ૮ વાગે સદ્ગતની અંતિમયાત્રા તક્ષશિલા સોસાયટી નં.૨, ફૂલછાબ પ્રેસ પાછળ, રાજકોટ ખાતેથી નીકળી ત્યારે રાજકોટના વકીલો, ડોકટરો, જૈન અગ્રણીઓ તથા વિવિધ સમાજના આગેવાનો મોટી સંખ્યામાં જોડાયા હતા અને રામનાથ સ્મશાનગૃહ (મુકિતધામ) ખાતે અંતિમ વિધિ કરવામાં આવી હતી.

## બિલ્ડર

(પહેલા પાનાનું ચાલું)

લેવાયા છે. ભાવનગર-શિહોરમાં જ ૩૦ સ્થળોએ દરોડામાં આવકવેરાનાં ૧૫૦ થી વધુ અધિકારીઓનો કાફલો જોડાયો હતો. પ્રાથમીક તપાસમાં જ શંકાસ્પદ વાંધાજનક દસ્તાવેજો મળી આવ્યા હતા જે જપ્ત કરવાની તજવીજ શરૂ કરવામાં આવી છે.કરોડો રૂપિયાનાં નાણાકીય વ્યવહારોનો ખુલાસો થવાના તથા જંગી માત્રામાં કરચોરી પકડાવાની આશંકા છે.

ભાવનગરમાં મોટામાથાઓ ઈન્કમટેકસની ઝપટે ચડતાં બિલ્ડર ઉપરાંત ઝવેરી સહીતના તમામ વેપાર ઉદ્યોગકારોમાં ફફડાટ સર્જાયો છે. માર્ચની સમાપ્તીને આડે દોઢ મહિનો પણ બાકી નથી ત્યારે આવકવેરા વસુલાતનો લક્ષ્યાંક હાંસલ કરવા આવતા દિવસોમાં વધુ દરોડા પડવાની ભીતિથી ફફડાટ છે. આવકવેરા અધિકારીઓનો મોટો કાફલો ઉતરતા અમુક વેપારીઓએ તો મોડે સુધી દુકાનો ખોલવાનું જ ટાળ્યુ હતું.

## પીએફ

(પહેલા પાનાનું ચાલું)

સંગઠનને એકસચેંજ ટ્રેડેડ ફંડ (ઈટીએફ) અને અન્ય રોકાણ પર ઓછુ રિટર્ન મળે છે જેનું નુકશાન સીધી રીતે ઈપીએફઓ સભ્યોને પણ ઉઠાવવો પડે છે.

ખાસ કરીને જયારે શેરબજારમાં ચડાવ-ઉતાર થાય છે તો તેની અસર ઈપીએફઓને રોકાણ પર મળનારી રકમ પર પણ થાય છે.ઓછા રિટર્નની સ્થિતિમાં ઈપીએફઓએ પીએફનાં વ્યાજ દરોમાં કપાત કરવી પડે છે.

**આગામી કેટલાંક મહિનામાં નિર્ણય સંભવઃ**

ફંડ બનાવવાને લઈને ચાલી રહેલી વાતચીત હજુ પ્રારંભીક દોરમાં છે. દરેક વસ્તુઓનું બારીકીથી અધ્યયન બાદ રિપોર્ટ તૈયાર કરાશે. જો બધુ યોજના મુજબ રહ્યું તો આગામી ૪ થી ૬ મહિનામાં ફંડ બનાવવા પર અંતિમ નિર્ણય થઈ શકે છે.

**આ રીતે કામ કરશે પ્રસ્તાવિત યોજનાઃ**

આ સ્થિતિનો સામનો કરવા માટે ઈપીએફઓની યોજના એવુ ફંડ બનાવવાની છે જે રોકાણ પર મળનાર રિટર્નને સ્થિર રાખશે. આથી ઈપીએઈઓના સભ્યોને સ્થિટ દરે વ્યાજ ઉપલબ્ધ કરાવવામાં મદદ મળશે. સુત્રો બતાવે છે કે પ્રસ્તાવિત યોજના અંતર્ગત દર વર્ષે મેળવેલ વ્યાજથી બાકીનાને અલગ કરીને એક અનામત કોષ બનાવવામાં આવશે. જેનો ઉપયોગ કોઈપણ વર્ષે નિરંતર અને સ્થિર વ્યાજ દર નિશ્ચિત કરવા માટે કરવામાં આવી શકે છે. આથી શેરબજારમાં કોઈપણ સ્થિતિમાં અસંગત દરમાં કપાતને રોકવામાં મદદ મળશે.

## બેન્ક

(પહેલા પાનાનું ચાલું)

ઈસ્યુરન્સ, થાપણ વિમાનો લાભ મળશે. ૨૦૨૦માં મોદી સરકારે જ દશકાઓ જુની રૂા.૧ લાખની થાપણ વિમા મર્યાદા વધારીને રૂા.૫ લાખ કરી હતી અને હવે તેમાં પણ વધારીને રૂા.૭.૫૦ લાખ કે રૂા.૧૦ લાખ કરવાની વિચારણા કરી રહી છે. બેન્ક નબળી પડવાની સ્થિતિમાં આ થાપણ વિમાની રકમ શક્ય તેટલી ઝડપથી તેને બેન્કમાં ફસાયેલા નાણા પરત મળી જાય તે નિશ્ચિત કરવા જઈ રહી છે.

ન્યુ ઈન્ડીયા કોઓપરેટીવ બેન્કમાં રોકડમાં રૂા.૧૨૨ કરોડની ઘટ હોવાનું રીઝર્વ બેન્કને જાણ થતા જ તુર્તજ સ્પે.ઓડિટ ટીમ મોકલવામાં આવી હતી અને તેમાં બેન્કના એમ.ડી. સહિતના ઉચ્ચ અધિકારીઓની સંડોવણી ખુલી છે જેમાં હવે કાનુની પ્રક્રિયા શરૂ થશે પણ જે રીતે બેન્કમાં થાપણદારો સહિતના નાણા પરત આપવા રીઝર્વ બેન્કે નિયંત્રણો મુકવા પડયા અને તેના કારણે લાખો ખાતેદારો માટે મુશ્કેલી ઉભી થઈ તે અંગે હાલ તો ઝડપી કશુ થઈ શકે તેમ નથી. રીઝર્વ બેન્કે આ પ્રકારની સ્થિતિમાં જે થાપણદારોને તેમના બેન્ક ખાતા મારફત હાઉસીંગ લોન સહિતની લોનના હમાનું શેડયુલ હોય તેમને અન્ય બેન્કો મારફત વ્યવસ્થા કરવા સલાહ આપી છે પણ થાપણ વિમા યોજનામાં ડિપોઝીટ કે અન્ય જમા રકમનો કલેમ મળવામાં પણ વર્ષો જાય છે. ડિપોઝીટ ઈસ્યુરન્સ એન્ડ ક્રેડીટ ગેરેન્ટી કોર્પોરેશન એક તબકકા પછી એકશનમાં આવે છે.

ખાસ કરીને સહકારી બેન્કોમાં આ પ્રકારની સ્થિતિ વધુ સર્જાય છે જેમાં કાચી પડતા જ સામાન્ય વર્ગના થાપણદારોના નાણા વધુ ફસાય છે. હવે ન્યુ ઈન્ડીયા કો-ઓપરેટીવ બેન્કના ૧.૩ લાખ ખાતેદારો પણ આ પરીસ્થિતિમાં ફસાયા છે. તે સમયે નાણા વિભાગે હવે ડિપોઝીટ-વિમા અંગેની રકમમાં હવે વધારો કરવાની વિચારણા શરૂ કરી છે.

## મસ્ક

(પહેલા પાનાનું ચાલું)

ભારતમાં આવી રહી છે તે નિશ્ચિત થયુ છે અને ટેસ્લાએ ભારતમાં મુંબઈ-દિલ્હી માટે સિનીયર પોઝીશનના સ્ટાફની ભરતી માટે જાણીતા પ્રોફેશનલ પ્લેટફોર્મ લીંકડ-ઈનમાં તેના હાયરીંગ-પ્લાનની જાહેરાત કરી છે. જેમાં પાંચ પોઝીશન જે મુખ્યત્વે સેલ્સ અને સર્વિસ તથા કસ્ટમર રીલેશન સાથે સંકળાયેલ છે તેવા સ્ટાફની ભરતી કરી રહી છે જેનો અર્થ એ છે કે કંપની હાલ મુંબઈ-દિલ્હીમાં તેના શોરૂમ ખોલશે. ભારતે હાલમાં જ ઓટો-કસ્ટમ ડયુટી કટ કર્યા તેનાથી ટેસ્લાની કાર ભારતમાં વેચવાની સુવિધા ઉભી થઈ છે. ભારતે અગાઉ આ અંગેની પોલીસી જાહેર કરી છે જેમાં કંપનીએ ભારતમાં તેણે એસેમ્બલી અને બાદમાં પ્રોડકશન યુનિટ પણ સ્થાપવા પડશે.

# પલ્ટી ગયેલા વિમાનમાં સીટ બેલ્ટથી બંધાયેલી મહિલા ઉલટી લટકી

**વિમાનમાં યાત્રીઓ વિડીયો બનાવતા હતા ત્યારે મહિલા પાયલોટે કહેવું પડયું, વિડીયો ન બનાવો, બહાર નીકળો**

ટોરંટોઃ આ પ્લેન ક્રેશ બાદ વિમાનમાં મોજૂદ લોકોએ કેટલાક વિડીયો બનાવીને વાયરલ કર્યા છે. વિડીયોમાં જોઈ શકાય છે કે વિમાન બરફની સપાટી પર ઉલટું પડયું છે અને ઈમરજન્સી કર્મચારી વિમાનને ધોઈ રહ્યા છે. અકસ્માત બાદ વિમાનમાં એક મહિલા સીટ બેલ્ટથી બંધાયેલી હતી અને ઉલ્ટી લટકી રહી હતી. બીજી બાજુ પલટી ગયેલા વિમાનમાંથી મહિલા પાયલોટે યાત્રીઓને બચાવ્યા હતા. આ અકસ્માત દરમિયાન પણ કેટલાક યાત્રીઓ વિડીયો બનાવતા ત્યારે મહિલા પાયલોટે યાત્રીઓને કહેવું પડયું કે બહાર નીકળો, વિડીયો ન બનાવો.

## વિમાન

(પહેલા પાનાનું ચાલું)

જણાવ્યા અનુસાર ૬૫ કિલો મીટરની ઝડપે પવન ફૂંકાઇ રહ્યો હતો. જેના લીધે વિમાનને અકસ્માત નડ્યો હોવાનું અનુમાન છે. જોકે હજુ સુધી અકસ્માતનું ચોક્કસ કારણ જાણી શકાયું નથી. હાલમાં યુએસ નેશનલ ટ્રાન્સપોર્ટેશન સેફ્ટી બોર્ડ મદદે પહોંચી ગયું છે.

કેનેડાના હવામાન વિભાગના જણાવ્યા અનુસાર ૬૫ કિલો મીટરની ઝડપે પવન ફૂંકાઇ રહ્યો હતો. જેના લીધે વિમાનને અકસ્માત નડ્યો હોવાનું અનુમાન છે. જોકે હજુ સુધી અકસ્માતનું ચોક્કસ કારણ જાણી શકાયું નથી. હાલમાં યુએસ નેશનલ ટ્રાન્સપોર્ટેશન સેફ્ટી બોર્ડ મદદે પહોંચી ગયું છે.

ટોરાન્ટોના પિયર્સન ઇન્ટરનેશનલ એરપોર્ટે આ ઘટનાને લઇને X પર એક પોસ્ટમાં લખ્યું છે કે 'અમે મિનિયાપોલિસથી આવનાર ડેલ્ટા એરલાઇન્સના વિમાન સાથે સંકળાયેલી એક ઘટનાથી માહિતગાર છીએ, અને ઇમરજન્સી ટીમો રાહત અને બચાવ કાર્યમાં જોડાઇ ગઇ છે. તમામ મુસાફરો અને ચાલક દળનું ધ્યાન રાખવામાં આવી રહ્યું છે.'

પીલ સ્થાનિક પોલીસના કોન્સ્ટેબલ સારા પૈટને અકસ્માત સંબંધિત માહિતી આપતાં કહ્યું હતું કે 'એક વિમાન દુર્ઘટના સર્જાઇ છે. મારી જાણકારી અનુસાર મોટાભાગના મુસાફરો સુરક્ષિત છે અને તેમને પ્લેનમાંથી બહાર કાઢી લેવામાં આવ્યા છે.

દુર્ઘટનાગ્રસ્ત વિમાનના ઘણા વીડિયો સોશિયલ મીડિયા પર સામે આવ્યા છે, જેમાં વિમાન પલટી ખાઇ ગયેલું જોવા મળે છે અને ઇમરજન્સી સર્વિસની ટીમો રેસ્કયૂ કરી રહી છે. રનવેની ચારેય તરફ બરફ પડેલો જોવા મળે છે. આ ઘટનાના કારણે ટોરોન્ટો પિયર્સન એરપોર્ટ પરથી ઉડાણ ભરનાર ૪૦ વિમાનો મોડા પડશે. જાણકારી અનુસાર ફ્લેપ એકટ્યૂએટરમાં ખામીના કારણે વિમાન પલટી ખાઇ ગયું છે.

# ભાજપને એક વર્ષમાં રૂા.૪૩૪૦.૪૭ કરોડનું દાન મળ્યું: ૫૧% ખર્ચ કર્યો; કોંગ્રેસને રૂા.૧૨૨૫ કરોડ મળ્યા

## આમ આદમી પાર્ટી કરતા ભાજપને ૨૦૦ ગણુ દાન: તમામ પક્ષોને કુલ ૨૬૬૯.૮૭ કરોડનુ ડોનેશન

ન્યુ દિલ્હી : એસોસિએશન ઓફ ડેમોક્રેટિક રિફોર્મ્સ (ADR) એ સોમવારે રાષ્ટ્રીય પક્ષોને મળેલા દાન અંગેનો અહેવાલ બહાર પાડ્યો. રિપોર્ટ અનુસાર, નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં, ભાજપને સૌથી વધુ ૪૩૪૦.૪૭ કરોડ રૂપિયાનું દાન મળ્યું છે.

કોંગ્રેસ ૧૨૨૫.૧૨ કરોડ રૂપિયા સાથે બીજા ક્રમે રહી. ADR એ તેના અહેવાલમાં જણાવ્યું હતું કે પક્ષોને મળતા દાનનો મોટો હિસ્સો ચૂંટણી બોન્ડમાંથી આવતો હતો.

ભાજપે તેની કુલ આવકના ૫૦.૯૬% એટલે કે ૨૨૧૧.૬૯ કરોડ રૂપિયા ખર્ચ કર્યા જ્યારે કોંગ્રેસે તેની આવકના ૮૩.૬૯% એટલે કે ૧૦૨૫.૨૫ કરોડ રૂપિયા ખર્ચ કર્યા.

### મોટાભાગના દાન ચૂંટણી બોન્ડમાંથી આવ્યા હતા

ચૂંટણી બોન્ડમાંથી ભાજપને સૌથી વધુ ૧૬૮૫.૬૩ કરોડ રૂપિયા મળ્યા, જ્યારે કોંગ્રેસને ૮૨૮.૩૬ કરોડ રૂપિયા અને આપને ૧૦.૧૫ કરોડ રૂપિયા મળ્યા.

ત્રણેય પક્ષોને ચૂંટણી બોન્ડ દ્વારા ૨૫૨૪.૧૩૬૧ કરોડ રૂપિયા મળ્યા, જે



તેમના કુલ દાનના ૪૩.૩૬% છે. જોકે, સુપ્રીમ કોર્ટે ગયા વર્ષે મે મહિનામાં આ દાનને ગેરબંધારણીય જાહેર કર્યું હતું.

RTI દ્વારા ADR દ્વારા મળેલી માહિતી અનુસાર, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાએ જણાવ્યું હતું કે ૨૦૨૩-૨૪માં, ઘણી પાર્ટીઓએ ૪૫૦૭.૫૬ કરોડ રૂપિયાના ચૂંટણી બોન્ડ રોકડ કર્યા હતા. રાષ્ટ્રીય પક્ષોએ આ ભંડોળનો ૫૫.૯૯% એટલે કે ૨૫૨૪.૧૩૬૧ કરોડ રૂપિયા ખર્ચ્યા.અડ ને ૨૨.૬૮ કરોડ રૂપિયાનું દાન મળ્યું જ્યારે પાર્ટીએ તેનાથી વધુ એટલે કે ૩૪.૦૯ કરોડ રૂપિયા ખર્ચ કર્યા.

તમામ પક્ષોને મળેલા કુલ દાનમાંથી ૭૪.૫૭% એકલા ભાજપને જ મળ્યા છે. બાકીના ૫ પક્ષોને ૨૫.૪૩% દાન મળ્યું છે.

સીપીઆઈ (એમ) ને ૧૬૭.૬૩૬ કરોડ રૂપિયાનું દાન મળ્યું, જેમાંથી તેણે ૧૨૭.૨૮૩ કરોડ રૂપિયા ખર્ચ કર્યા. બહુજન સમાજ પાર્ટી (BSP) ને ૬૪.૭૭૯૮ કરોડ રૂપિયા મળ્યા અને પાર્ટીએ ૪૩.૧૮ કરોડ રૂપિયા ખર્ચ કર્યા. નેશનલ પીપલ્સ પાર્ટી (NPP) ને ૦.૨૨૪૪ કરોડ રૂપિયા મળ્યા અને ૧.૧૩૯ કરોડ રૂપિયા ખર્ચ કર્યા.

### રિપોર્ટમાં ખર્ચ સંબંધિત ૪ હકીકતો...

કોંગ્રેસે ચૂંટણીમાં સૌથી વધુ ૬૧૯.૬૭ કરોડ રૂપિયા ખર્ચ કર્યા. આ પછી, વહીવટી અને અન્ય કામો પાછળ ૩૪૦.૭૦૨ કરોડ રૂપિયા ખર્ચવામાં આવ્યા.

સીપીઆઈ(એમ) એ વહીવટી અને અન્ય કાર્યો પર ૫૬.૨૯ કરોડ રૂપિયા અને પાર્ટી સ્ટાફ પર ૪૭.૫૭ કરોડ રૂપિયા ખર્ચ કર્યા.

૬ પક્ષોમાંથી, ફક્ત કોંગ્રેસ (રૂ. ૫૮.૫૬ કરોડ) અને સીપીઆઈ (એમ) (રૂ. ૧૧.૩૨ કરોડ) એ કૂપન વેચાણમાંથી કુલ રૂ. ૬૯.૮૮ કરોડની પ્રાપ્તિ જાહેર કરી.

સીપીઆઈ(એમ), કોંગ્રેસ અને ભાજપના ઓડિટ રિપોર્ટ ૧૨ થી ૬૬ દિવસના વિલંબ સાથે સબમિટ કરવામાં આવ્યા હતા. અહેવાલમાં જણાવાયું છે કે રાષ્ટ્રીય પક્ષોમાં સૌથી સામાન્ય ખર્ચ ચૂંટણી અને વહીવટી ખર્ચ હતો.

### ભારત જોડો યાત્રા ૨.૦ પર અંદાજિત રૂા.૫૦ કરોડનો ખર્ચ થયો

કોંગ્રેસે ઈલેક્ટ્રોનિક જાહેરાતો પર ૨૦૭.૯૪ કરોડ રૂપિયા અને છાપેલી જાહેરાતો પર ૪૩.૭૩ કરોડ રૂપિયા ખર્ચ કર્યા. પાર્ટીએ વિમાનો અને હેલિકોપ્ટર પર ૬૨.૬૫ કરોડ રૂપિયા અને ઉમેદવારોને નાણાકીય સહાય પર ૨૩૮.૫૫ કરોડ રૂપિયા ખર્ચ કર્યા. કોંગ્રેસે ચૂંટણી પ્રચાર પાછળ ૨૮.૦૩ કરોડ રૂપિયા અને સોશિયલ મીડિયા પર ૭૯.૭૮ કરોડ રૂપિયા ખર્ચ કર્યા. પાર્ટીએ તેના ઓડિટ રિપોર્ટમાં જણાવ્યું હતું કે તેણે ૨૦૨૩-૨૪ દરમિયાન ભૂતપૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીની બીજી ભારત જોડો યાત્રા પર ૪૯.૬૩ કરોડ રૂપિયા ખર્ચ કર્યા હતા. પહેલી ભારત જોડો યાત્રા પર ૭૧.૮૪ કરોડ રૂપિયાનો ખર્ચ થયો હતો.

# ચેમ્પિયન્સ ટ્રોફી પહેલાં ભારતને આંચકો : ભારતીય કોચ અચાનક સ્વદેશ પહોંચ્યા

## ટીમ ઈન્ડિયાના બોલિંગ કોચ મોર્કેલ તેનાં પિતાના અવસાનને કારણે ચેમ્પિયન્સ ટ્રોફી પહેલાં દુબઈથી નીકળી ગયા

દુબઇ : ચેમ્પિયન્સ ટ્રોફી શરૂ થવામાં હવે ફક્ત એક જ દિવસ બાકી છે. ૧૯ મીથી, આ હાઈ વોલ્ટેજ આઇસીસી ટૂર્નામેન્ટ પાકિસ્તાન અને દુબઇમાં રમવામાં આવશે, જેમાં વિશ્વની ૮ મજબૂત ટીમો વચ્ચે ટક્કર થશે. ટીમ ઇન્ડિયા પણ આ ટૂર્નામેન્ટ જીતવા માટેની મોટી દાવેદાર છે.



પરંતુ તે દરમિયાન, ભારતીય ટીમને ચેમ્પિયન્સ ટ્રોફી પહેલાં જ મોટો આંચકો લાગ્યો છે. ટીમ ઈન્ડિયાના બોલિંગ કોચ માર્ને મોર્કેલ અચાનક ચેમ્પિયન્સ ટ્રોફી પહેલાં ઘરે પરત ફર્યા છે.

મોર્ને મોર્કેલનું અચાનક પરત ફરવું એ વ્યક્તિગત ઈમરજન્સી છે. હકીકતમાં મોર્ને મોર્કેલના પિતા મૃત્યુ પામ્યાં છે, જેનાં કારણે તે હાલમાં ટીમ ઇન્ડિયાને છોડીને ઘરે પરત ફરી રહ્યાં છે. ટીમ ઈન્ડિયા ચેમ્પિયન્સ ટ્રોફીમાં ઉતરતાં પહેલાં જ આ એક મોટો ઝટકો છે.

મોર્કેલ ઇંગ્લેન્ડ સામેની તાજેતરની ઘરેલુ શ્રેણી દરમિયાન ટીમ ઇન્ડિયા સાથે ભારતમાં હતાં. ત્યારબાદ ૧૫ ફેબ્રુઆરીએ તે ટીમ સાથે દુબઇ પહોંચ્યાં હતાં. ૧૬ મીએ, તે ટીમ સાથે પ્રેક્ટિસમાં પણ જોડાયાં હતાં. પરંતુ ૧૭ ફેબ્રુઆરીએ, તેમણે ટીમ સાથે પ્રેક્ટિસ સેશનમાં ભાગ લીધો ન હતો. હવે તે દક્ષિણ આફ્રિકાથી ક્યારે પાછાં આવશે અને ટીમ ઇન્ડિયા સાથે ચેમ્પિયન્સ ટ્રોફીમાં જોડાશે તે વિશે કોઈ સમાચાર નથી. ટીમ ઇન્ડિયા ચેમ્પિયન્સ ટ્રોફી જીતવા માટેની સૌથી મોટી દાવેદાર માનવામાં આવે છે. ટીમ ઇન્ડિયા તાજેતરમાં ૨૦૨૩ વનડે વર્લ્ડ કપ જીતવાથી માત્ર થોડી દૂર રહી હતી. આ પછી, ટીમ ઇન્ડિયાએ ૨૦૨૪ માં ટી ૨૦ વર્લ્ડ કપ જીત્ય હતો. હવે ટીમ ઈન્ડિયા ચેમ્પિયન્સ ટ્રોફી પણ ઘરે ટ્રોફી લાવવા માંગશે. ટીમે ૨૦૧૩ માં મહેન્દ્રસિંહ ધોનીની કેપ્ટનશિપ હેઠળ ખિતાબ જીત્યો હતો, પરંતુ ૨૦૧૭ માં, ટીમ ઇન્ડિયાને ફાઇનલમાં પાકિસ્તાન સામે પરાજયનો સામનો કરવો પડ્યો હતો.

# સૌરાષ્ટ્રમાં સતત બીજા દિવસે ધાબડિયુ હવામાન

## મોડી સવાર સુધી સૂર્ય દેવતા ધુમ્મસ હેઠળ છુપાયા: ઠંડી ગાયબ



રાજકોટ,તા.૧૮

રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-કચ્છમાં આજે સવારે સતત બીજા દિવસે પણ ધુમ્મસ છવાયુ હતું.અને ધાબડિયા હવામાનના કારણે સૂર્યદેવતા મોડી સવાર સુધી ગાયબ રહેવા પામ્યા હતાં.જયારે આજે પણ સવારનાં ભાગે ઠંડી સાવ ગાયબ રહી હતી અને દરેક સ્થળોએ ૧૬ થી ૨૦ ડિગ્રી વચ્ચે લઘુત્તમ તાપમાન રહેવા પામ્યુ હતું.આજે સવારે અમદાવાદમાં ૨૧ વડોદરામાં ૨૦.૨, ભાવનગરમાં ૨૦.૭, ભુજમાં ૨૧, દમણમાં ૧૮.૮, ડિસામાં ૧૯.૭, દિવમાં ૧૬.૫, દ્વારકામાં ૨૨.૧, ગાંધીનગરમાં ૧૯.૫, કંડલામાં ૨૨.૫, નલિયામાં ૧૯.૮, ઓખામાં૨૨.૪, પોરબંદરમાં ૧૮.૮, રાજકોટમાં ૧૯.૭, સુરતમાં ૨૦.૬, જયારે વેરાવળમાં ૨૦.૭ ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાવા પામ્યુ હતું.ઉપરાંત જામનગર શહેરમાં છેલ્લા ૨૪ કલાકમાં લઘુતમ તાપમાનમાં સિદ્ધો ૨.૫ ડિગ્રીના વધારો થતા ૨૧ ડિગ્રી પહોંચ્યુ હતું.જ્યારે મહતમ તાપમાનનો પારો પણ ૨ ડિગ્રી વધારા સાથે ૩૨.૫ ડિગ્રી નોંધાયુ હતું.જ્યારે વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૬ ટકાના ઘટાડા સાથે ૮૮ ટકા અને પવનની ગતિ પ્રતિકલાક ૬.૫ કિમિ નોંધાઇ છે.

જામનગર આજે સતત બીજા દિવસે વાદળછાયુ વાતાવરણ સવારે રહ્યું હતું. ફરી મિશ્ર રુતૃ થી રોગચાળો વકર્યો હતો.

# ચહલને છુટાછેડા માટે ૬૦ કરોડ ચુકવવા પડશે? અટકળો

નવી દિલ્હી : ક્રિકેટર યુઝવેન્દ્ર ચહલ અને તેની પત્ની ધનશ્રી વર્મા વચ્ચે છૂટાછેડાની અફવાઓ સોશિયલ મીડિયા પર ઉડી રહી છે. ચહલ પર ૬૦ કરોડ રૂપિયાની મોટી એલ્યુમ્નીની અટકળો લગાવવામાં આવી રહી છે, પરંતુ આ અફવાઓની કોઈ સત્તાવાર પુષ્ટિ નથી. ચહલે પોતે આ અફવાઓ ઉપર



દુ:ખ વ્યક્ત કર્યું છે અને લોકોને અફવાઓ ન ફેલાવવાની અપીલ કરી છે. બીજી બાજુ, ધનશ્રીએ અનામી ટ્રોલ કરનારની પણ ટીકા કરી છે જે પાયાવિહોણી અફવાઓ ફેલાવે છે. આખી વાર્તા ઇન્સ્ટાગ્રામ પર એકબીજાને અનફોલો કરવાથી શરૂ થઈ હતી અને હવે તે છૂટાછેડાની અટકળો પર પહોંચી ગઈ છે. બીજી બાજુ, ક્રિકેટરનું વેલેન્ટાઇન ડે પર દર્દ બહાર આવ્યું હતું.

યુઝવેન્દ્ર ચહલ અને ધનશ્રી વર્માના લગ્ન ૨૦૨૦ માં ગુરુગ્રામમાં થયાં હતાં. બંને રોગચાળા દરમિયાન મળ્યાં હતાં જ્યારે ચહલ નૃત્ય શીખવા માટે ધનશ્રીનો સંપર્ક કર્યો હતો. પરંતુ હવે, સોશિયલ મીડિયા પર ફેલાયેલી અફવાઓ અનુસાર, તેમનાં સંબંધોમાં અણબનાવ આવી ગયો છે. કેટલાક લોકો એમ પણ કહી રહ્યાં છે કે ચહલને છૂટાછેડા પછી ધનશ્રીને ૬૦ કરોડ ચૂકવવા પડશે.

જો કે, આ ફક્ત સોશિયલ મીડિયાની અટકળો છે. તેની કોઈ નક્કર પુષ્ટિ કરવામાં આવી નથી. ચહલ કે ધનશ્રીએ છૂટાછેડાના અહેવાલો પર સત્તાવાર રીતે કોઈ નિવેદન આપ્યું નથી. ધનશ્રીએ અનામી ટ્રોલ કરનારની ટીકા કરી છે જે પાયાવિહોણા દાવાઓ ફેલાવે છે. પરંતુ તેણે છૂટાછેડા વિશે કંઇ કહ્યું નથી. ચહલે વેલેન્ટાઇન ડે પર લખ્યું હતું કે તમે જેવા છો તેવાં તમે પૂરતાં છો.

ચહલે જાન્યુઆરીમાં ઇન્સ્ટાગ્રામ સ્ટોરી દ્વારા આ બાબતે મૌન તોડયું હતું. તેણે કહ્યું હતું કે તે પોતાનાં અંગત જીવનથી સંબંધિત અફવાઓ જોઈ રહ્યો છે. તેમણે એમ પણ કહ્યું કે તે લોકોની ઉત્સુકતા, ખાસ કરીને તેનાં અંગત જીવન વિશે સમજે છે. પરંતુ તેમણે દરેકને વિનંતી કરી કે આ અટકળોમાં ન આવે. ચહલે લખ્યું કે એક પુત્ર, ભાઈ અને મિત્ર તરીકે, હું દરેકને નમ્ર વિનંતી કરું છું કે કૃપા કરીને આ અટકળોમાં સામેલ ન થાઓ, કારણ કે તેઓએ મને અને મારા પરિવારને ખૂબ જ દુ:ખ પહોંચાડ્યું છે.

# હવે છેવાડાનો માણસ પણ મ્યુચ્યુઅલ ફંડમાં રૂા.૨૫૦થી રોકાણ કરી શકશે

## એસબીઆઈએ 'જનનિવેશ' 'એસઆઈપી' લોન્ચ કરી



મુંબઈ તા.૧૮

એસબીઆઈ મ્યુચ્યુઅલ ફંડે સોમવારે એક નવો એસઆઈપી (સિસ્ટેમેટિક ઈન્વેસ્ટીમેન્ટ પ્લાન) લોન્ચ કર્યો છે. તેમાં ઓછા પૈસામાં પણ મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરવાનો મોકો મળશે. માર્કેટ રેગ્યુલેટર સેબીના ચેરપર્સન માધવી પુરી બુચની હાજરીમાં લોન્ચ થયેલ 'જન નિવેશ' એસઆઈપી સ્કીમમાં માત્ર ૨૫૦ રૂપિયાથી રોકાણ કરી શકાય છે.

મ્યુચ્યુઅલ ફંડને વધુ લોકો સુધી પહોંચાડવા માટે ૨૫૦ રૂપિયાનો આ સ્મોલ એસઆઈપી શરૂ કરાયો છે.

એસબીઆઈ મ્યુચ્યુઅલ ફંડના મેનેજીંગ ડાયરેકટર અને ચીફ એકઝીકયુટીવ નંદ કિશોરે જણાવ્યું હતું કે અમારો ઉદ્દેશ પહેલી વાર રોકાણ કરનારા, નાની બચત વાળા અને ઓર્ગેનાઈઝડ સેકટર સાથે જોડાયેલા લોકોને આકર્ષિત કરવાનો છે. એસબીઆઈના ચેરમેન સી.એસ.શેટ્ટીએ કહ્યું હતું કે અમે વધુમાં વધુ લોકોને રોકાણની પ્રક્રિયામાં સામેલ કરવા માંગીએ છીએ. તેના માટે નવી-નવી રીતોથી બધાને બરાબર તક આપવી જરૂરી છે.

## ટ્રમ્પના એક પછી એક ટેન્શનમાં નાખતા પગલાં

# સ્ટાફની અછત અનુભવતા અમેરિકાના એફએએમાં સેંકડોની છટણી ટ્રમ્પે કરી

વોશિંગ્ટન (અમેરિકા) તા.૧૮

સત્તામાં આવ્યા બાદ ટ્રમ્પ લોકોના ટેન્શન વધે તેવા પગલા લઈ રહ્યા છે. હવે પહેલાથી જ સ્ટાફની અછતનો સામનો કરતા એફએએ-ફેડરલ એવિએશન એડમીનીસ્ટ્રેશનમાં છટણી શરૂ કરી દીધી છે, ઈ-મેલ મોકલીને કર્મચારીઓને નોકરીમાંથી કાઢી મુકયા છે.



ટ્રમ્પ પ્રશાસને સંઘીય નાગરિક ઉડ્ડયન પ્રશાસન-એફએએમાં છટણી શરૂ કરી દીધી છે. ગત શુક્રવારે રાત્રે ઈ-મેલ મોકલી સેંકડો કર્મચારીએ નોકરીમાંથી કાઢી મુકાયા હતા. આ છટણી એવા સમયે થઈ છે, જયારે એફએએ પહેલાથી જ સ્ટાફની ઘટનો સામનો કરી રહ્યો છે. અહીં હાલ તાજેતરમાં વોશિંગ્ટનમાં થયેલા વિમાન દુર્ઘટનાની તપાસ ચાલી રહી છે ત્યારે જ આ છટણી શરૂ થઈ છે.

# દિલ્હીમાં સીએમ રેસમાં હવે રવિન્દ્ર ઇન્દ્રરાજની એન્ટ્રી

## દલિત સમાજના યુવા ધારાસભ્યને સીએમ બનાવી બિહારમાં સંદેશો આપવાનો વ્યુહ : નવી દિલ્હી પ્રથમ વખત સીએમ પદ ગુમાવશે તેવા સંકેત

નવી દિલ્હી, તા. ૧૮

દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં પ્રચંડ વિજય સાથે હવે ભાજપ એક કે બે દિવસમાં પાટનગરમાં સરકાર રચવા જઇ રહ્યો છે અને મુખ્યમંત્રીની પસંદગીમાં પરવેશ વર્મા અને વિજેન્દ્ર ગુપ્તાના ચર્ચાતા નામ વચ્ચે પક્ષની અનુસુચિત જાતિ મોરચાના રાષ્ટ્રીય કારોબારીના સભ્ય અને પ્રથમ વખત ધારાસભ્ય પદે ચૂંટાયેલા રવિન્દ્ર ઇન્દ્રરાજનું નામ અચાનક જ આગળ થઇ ગયું છે. ૫૦ વર્ષીય રવિન્દ્ર બિઝનેસમેન છે અને તેનો ક્રિમીનલ રેકોર્ડ પણ અત્યંત સ્વચ્છ છે. તેને મુખ્યમંત્રી બનાવીને ભાજપ ખાસ કરીને બિહાર દલિતો અને મહાદલિતોને મોટો સંદેશ આપી શકે છે અને દિલ્હીના ગ્રામીણ વિસ્તાર કે જેને હજુ સુધી મુખ્યમંત્રી મળ્યા નથી તેને પણ ખુશ કરી શકે છે. દિલ્હીમાં સામાન્ય રીતે નવી દિલ્હી વિધાનસભા બેઠક જીતનાર મુખ્યમંત્રી બને છે. શિલા દિક્ષીત અને અરવિંદ કેજરીવાલ બંને આ બેઠક પરથી જીત્યા હતા. પણ આ ચૂંટણીમાં નવી દિલ્હી બેઠક પર કેજરીવાલ હારી ગયા છે અને ભાજપના પરવેશ વર્મા વિજેતા બન્યા છે તેઓ મુખ્યમંત્રી પદના દાવેદાર છે પણ ભાજપ હવે તેનું ફોકસ નવી દિલ્હીના બદલે દિલ્હીના ગ્રામીણ વિસ્તારોમાં ફેરવવા માંગે છે.



ખાસ કરીને બિહારમાં જે રીતે અનુસૂચિત જાતિ અને વ્યાપક દલિત સમાજનો દબદબો છે તે જોતા આ સમાજને દિલ્હીના મુખ્યમંત્રી બનાવીને ભાજપ આ વર્ષના અંતમાં યોજાનારી બિહારની ચૂંટણીમાં પણ કલીનસ્વીપ કરવા આતુર છે.

# મહાકુંભમાં ગંગાનાં પ્રદૂષણમાં વધારો : ન્હાવા માટે યોગ્ય નહિ

## સેન્ટ્રલ પ્રદૂષણ નિયંત્રણ બોર્ડે જણાવ્યું કે ગંગાનાં પાણીમાં ફેકલ કોલિફોર્મ બેક્ટેરિયાનો વધારો થયો

પ્રયાગરાજ : સેન્ટ્રલ પ્રદૂષણ નિયંત્રણ બોર્ડે સોમવારે પોતાનો અહેવાલ નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ એટલે કે એન.જી.ટી. બહાર પાડ્યો જેમાં કહેવામાં આવ્યું છે કે મહાકુંભ દરમિયાન, પ્રયાગરાજમાં ફેકલ કોલિફોર્મ બેક્ટેરિયાની માત્રામાં વધારો થયો છે, નદીમાં પ્રદૂષણનું પ્રમાણ વધ્યું છે. અહેવાલ મુજબ, મહાકુંભ દરમિયાન પ્રયાગરાજમાં વિવિધ



સ્થળોએ ફેકલ કોલિફોર્મનું સ્તર નહાવા માટેની પાણીની ગુણવત્તાને અનુરૂપ નથી.

સેન્ટ્રલ પ્રદૂષણ નિયંત્રણ બોર્ડનાં અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે ફેકલ કોલિફોર્મ્સની સંખ્યા ગંગામાં ૧૦૦ મીલી લીટરે ૨૫૦૦ પર પહોંચી છે. ગંગા અને પ્રયાગરાજમાં યમુના નદીઓમાં ગટરનાં પ્રવાહને અટકાવવાના મામલે એનજીટી સુનાવણી કરી રહી છે.

એનજીટીએ યુપી સરકારને ૨૦૨૫ ના મહાકુંભ મેળા માટે ગટર વ્યવસ્થાપન યોજના ઘડવા માટે નિર્દેશ આપ્યો હતો.

નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલની સૂચના અનુસાર, ભક્તોને પાણીની ગુણવત્તા વિશે જાણ કરવી જોઈએ જેમાં તેઓ ડૂબકી લે છે. જો કે આ થઈ રહ્યું નથી. એનજીટીએ ડિસેમ્બર ૨૦૨૪ ના તેનાં ક્રમમાં કહ્યું હતું કે મહાકુંભ દરમિયાન, પ્રયાગરાજમાં ગંગાનાં પાણીની પૂરતી ઉપલબ્ધતા હોવી જોઈએ અને તેની ગુણવત્તા પીવા અને નહાવા માટે યોગ્ય હોવી જોઈએ.

### ૨૦૧૯ કુંભમાં પણ પાણીની ગુણવત્તા નબળી હતી

આવા મુદ્દાઓ ઉભાં થયાં હોય તે પહેલી વાર નથી. ૨૦૧૯ માં પ્રયાગરાજ કુંભ અંગેનાં સીપીસીબીના અહેવાલમાં સ્પષ્ટપણે સંકેત આપવામાં આવ્યાં હતાં કે સ્નાનના દિવસોમાં પણ પાણીની ગુણવત્તા નબળી હતી. ૨૦૧૯ કુંભ મેળા દરમિયાન ૧૩૦.૨ મિલિયન લોકોએ ભાગ લીધો હતો. અહેવાલ મુજબ તમામ ઘાટ પર ફેકલ કોલિફોર્મનું સ્તર સ્વીકાર્ય મર્યાદાથી ઉપર મળી આવ્યું હતું.

# કુંભ શ્રદ્ધાળુઓના અકસ્માતમાં વધુ ૧૩ના મૃત્યુ: અનેક વાહનો અથડાયા

## મહાકુંભના પ્રારંભ બાદના શ્રદ્ધાળુઓનો અકસ્માતમાં મૃત્યુઆંક ૧૪૧ થયો છે

ભોપાલ:

દેશ અને દુનિયાના સૌથી મોટા ધાર્મિક આયોજન સમાન મહાકુંભમાં લાખો શ્રદ્ધાળુઓ રોજ આવાગમન કરે છે જેમાં સર્જાતા માર્ગ અકસ્માતમાં મધ્યપ્રદેશ તથા ઉતરપ્રદેશમાં છેલ્લા ૨૪ કલાકમાં સર્જાયેલા ૭



અકસ્માતોમાં ૧૩ શ્રદ્ધાળુઓના મૃત્યુ થયા છે અને ૨૬ ઈજાગ્રસ્ત થયા છે. મધ્યપ્રદેશમાં ત્રણ અને ઉતરપ્રદેશમાં ત્રણ અકસ્માત નોંધાયા હતા. મહાકુંભમાં આવતા-જતા મુસાફરોના વાહનો વચ્ચે અકસ્માતમાં અત્યાર સુધીમાં ૧૪૧ મૃત્યુ થયા છે. મધ્યપ્રદેશના સિંધિમાં પાંચ મિત્રો કુંભમાં જઈ રહ્યા હતા. તે સમયે તેમની કાર એક કેનાલમાં ખાબકતા ચાર મિત્રોના મૃત્યુ થયા છે અને એકને ઈજા થઈ છે. રવિવારની રાત્રીએ જબલપુર મહાકુંભથી પરત આવી રહેલા વૃદ્ધ યુગલ સહિત ૭ લોકોના ગ્રુપને મધ્યપ્રદેશમાં થયલા અકસ્માતમાં બેના મૃત્યુ થયા હતા. ઉતરપ્રદેશમાં પણ કાર-ટ્રક અથડાવાની ઘટનામાં ૭ ના મોત થયા હતા.

# ઉત્તર પ્રદેશમાં ૧૦ લાખનાં ૪૦૦ કબૂતરોની અનોખી ચોરી

## મેરઠમાં ચોરોએ ઘરની છત પર પાંજરામાંથી આશરે ૧૦ લાખ રૂપિયાના ૪૦૦ દેશી-વિદેશી કબૂતરની ચોરી કરી

યુપી : યુપીનાં મેરઠમાં લિસડી ગામમાં અનોખી ચોરી થઈ હતી. ચોરોએ રવિવારે રાત્રે ઘરની છત પર પાંજરામાંથી આશરે ૧૦ લાખ રૂપિયાના ૪૦૦ સ્વદેશી અને વિદેશી કબૂતરની ચોરી કરી હતી. એસપી આયુષ વિક્રમ સિંહે કહ્યું કે લિસાડી ગામમાં હાજી કૈયુમના ઘરની છત પરથી કેટલાક કબૂતર ચોરી કરવામાં આવ્યાં છે. પોલીસ ટીમ તપાસ કરી રહી છે. સીસીટીવી કેમેરાની પણ તપાસ કરવામાં આવી રહી છે.

લિસાડી ગામનાં રહેવાસી હાજી કૈયુમ ૧૫-૨૦ વર્ષ સુધી કબૂતર પાળી રહ્યો છે. તેણે પોતાનાં ઘરની છત પર કબૂતરનાં પાંજરા બનાવ્યાં છે, જ્યાં ઘણી જાતિનાં કબૂતર રાખવામાં આવ્યાં છે. આ કબૂતરો ટૂર્નામેન્ટમાં પણ ભાગ લે છે. તેની પાસે લગભગ ૪૦૦ કબૂતરો હતાં. તેનાં મકાનમાં બાંધકામનું કામ ચાલી રહ્યું છે. રવિવારની મોડી રાત્રે, ચોરો છત પર પહોંચ્યાં અને તમામ કબૂતરની ચોરી કરી હતી. કૈયુમે પોલીસને ૧૦-૧૫ લાખ રૂપિયાની ૪૦૦ કબૂતરની ચોરી વિશે માહિતી આપી છે.

પોલીસે ફરિયાદીને પોલીસ સ્ટેશનમાં બેસાડ્યો હતો અને પોલીસે પૂછપરછ કરવાનું ચાલુ રાખ્યું કે આટલા કિંમતી કબૂતરો તેની પાસે કેવી રીતે અને ક્યાંથી આવ્યાં હતાં.

જ્યારે હાજી કૈયુમે ચોરેલા કબૂતરની કિંમત વિશે જણાવ્યું હતું, ત્યારે પોલીસ પણ ચોંકી ગઈ હતી. કૈયુમે કહ્યું કે કે તેની પાસે ઘણી જાતિનાં કબૂતરો છે. તેમાંથી, કોલકાતાની જાતિ, કાલસીરા, સહારનપુરના કલર્સ, મદ્રાસી જાતિનાં કબૂતરો સૌથી મોંઘાં હતાં. તેમણે કબૂતરોના નામ રોમિયો, બાદશાહ, લલસિરા, ગાજરા વગેરે રાખ્યાં હતાં. પોલીસ માને છે કે ચોરો કબૂતરોને કોથળામાં ભરીને લઈ ગયાં હશે.

# ફરીદાબાદમાં એક નરાધમ પુત્રએ પિતાને જીવતા સળગાવીને હત્યા કરી

## પિતા અભ્યાસ માટે અવારનવાર પુત્રને ઠપકો આપતાં હતાં તેથી પુત્રએ તેને જીવતાં સળગાવી દીધાં



ફરીદાબાદ : ફરીદાબાદમાં અજય નગર ભાગ-૨ ના બજરંગ ચોકમાં રહેતાં એક વ્યક્તિને તેનાં ૧૪ વર્ષનાં પુત્રએ જીવતો સળગાવી દીધો હતો. આ ઘટના મોડી રાત્રે બની હતી. કિશોરને તેનાં પિતાએ અભ્યાસ માટે ઠપકો આપ્યો હતો. તે કયારેક કયારેક તેનાં પિતાના ખિસ્સામાંથી પૈસા ચોરી લેતો હતો. કિશોર માત્ર આ કારણે જ પોતાનાં પિતાથી નાખુશ હતો.

પોલીસે ગુનો નોંધ્યો છે. હાલ કિશોર ફરાર થઈ ગયો છે. પોલીસ તેને શોધી રહી છે. મૃતકની લાશને પોસ્ટ મોર્ટમ માટે બાદશાહ ખાન સિવિલ હોસ્પિટલમાં મોકલવામાં આવી છે

મૃતક મોહમ્મદ અલીમના પાંચ બાળકો છે. ત્રણ પુત્રી અને બે પુત્રો. તેમની પત્નીનું ઘણાં વર્ષો પહેલાં અવસાન થયું હતું. તેમનાં ૧૪ વર્ષનાં પુત્રને બાદ કરતાં તેમણે બાકીનાં બધાં બાળકોનાં લગ્ન કરી દીધાં છે. તે તેનાં પુત્ર સાથે ઘરે રહેતો હતો. તેનાં પુત્રને ખરાબ આદતો હતી. તે ભણવામાં ખૂબ જ નબળો હતો અને અવારનવાર પોતાનાં જ પિતાનાં ખિસ્સામાંથી પૈસા ચોરી લેતો હતો.

આ હરકતોને કારણે મોહમ્મદ અલીમ તેને ઠપકો આપ્યો હતો. આ બાબતે કિશોરને તેનાં પિતા સાથે દુશ્મનાવટ થવા લાગી હતી. રાતે બંને વચ્ચે બોલાચાલી થઈ હતી. જ્યારે મોહમ્મદ અલીમ સૂઈ ગયો તો દીકરાએ તેનાં પર કેરોસીન રેડીને આગ લગાવી દીધી હતી. તેનાં પિતા બચી ન જાય તે માટે, તેણે રુમને બહારથી બંધ કરી દીધો હતો અને તે ભાગી ગયો હતો. જ્યારે પડોશીઓએ ચીસો સાંભળી ત્યારે તેઓએ રુમ ખોલી અને આગને કાબૂમાં લીધી હતી. ત્યાં સુધીમાં મોહમ્મદ અલીમનું મૃત્યુ થઈ ચૂક્યું હતું

# સંસદના બજેટ સત્ર પછી મોદી સરકારના મંત્રી મંડળમાં ફેરફાર!

## ભાજપનું સંગઠન રચાઇ ગયા બાદ એપ્રિલ માસમાં સરકારમાં બદલાવ શકય

નવી દિલ્હી, તા. ૧૮

કેન્દ્રની મોદી સરકાર હવે બિહારની ચૂંટણીમાં જાય તે પૂર્વે કેબીનેટ રીશફલની શકયતાઓની તૈયારીઓ કરી રહી હોવાના સંકેત છે. મોદી-૩ને ૧૦ મહિના થઇ ગયા છે અને વિધાનસભા ચૂંટણીઓમાં પણ ઝારખંડ સહિતની તમામ ચૂંટણીઓ જીતી છે. બજેટ પણ રજૂ થઇ ગયું છે અને ભાજપના સંગઠનમાં પણ ફેરફાર તોળાઇ રહ્યા છે. તે સમયે હવે બજેટ સત્ર બાદ સરકારમાં ફેરફારની શકયતાઓ નકારાતી નથી. ખાસ કરીને બિહારમાં ભાજપ નવા મંત્રીઓને સમાવશે તો મહારાષ્ટ્રમાં પણ જે રીતે ભાજપને લોકસભામાં સહન કરવું પડયું તે પછી શિંદે જુથ જે પ્રોમીસ આપીને ઉધ્ધવ ઠાકરે જુથના સાંસદોને પોતાની સાથે લેવા તૈયારીમાં છે તેથી તેમને પણ સમાવાશે.



સુત્રોના જણાવ્યા પ્રમાણે મોદી-૩માં હવે અને મહત્વના ફેરફારો થશે અને એક વખત ભાજપનું રાષ્ટ્રીય સંગઠન રચાઇ જાય પછી કેન્દ્રની સરકારમાં ફેરફાર કરાશે. જેમાં અર્ધો ડઝન જેટલા વર્તમાન મંત્રીઓને રજા આપીને નવા ચહેરાઓને લવાશે.

# ધ્રાંગધ્રા હાઈવે પર વસાડવા ચોકડી નજીક કન્ટેનર ચાલક સ્ટેરીંગ પર કાબુ ગુમાવતા પલ્ટી ગયુ

ધ્રાંગધ્રા હાઇવે પર વસાડવા ચોકડી નજીક કન્ટેનર ગાડી ચાલે સ્ટેરીંગ પર કાબુ ગુમાવતા કન્ટેનર રોડ પર પટકાયું હતું અને ગાડી સાઈડમાં હાઈ સ્કૂલની દિવાલ સાથે અથડાતા અકસ્માત સજાયો હતો જેમાં સદનસીબે મોટી જાનહાની થતા ટળી હતી.

સુરેન્દ્રનગર જિલ્લાના ધ્રાંગધ્રા તાલુકો જિલ્લાનું મહત્વનું સેન્ટર છે અહીં કચ્છ થી અમદાવાદ મેઈન રોડ વચ્ચે ધ્રાંગધ્રા પડતું હોવાથી છાશવારે અકસ્માતો જોવા મળતાં હોય છે ત્યારે છેલ્લા એક મહિનામાં હાઇવે પર અકસ્માતના અનેક બનાવો બન્યા છે ત્યારે ધાંગધ્રા માલવણ હાઇવે પર વસાડવા ચોકડી પાસે કન્ટેનર ગાડીના ચાલે કે અગમ્યો કારણસર સ્ટેરીંગ પર કાબુ ગુમાવતા કન્ટેનર રોડ ઉપર પલટી મારી ગયું હતું અને ગાડી સાઈડમાં હાઈસ્કૂલની દિવાલ સાથે અથડાણી હતી.



જેમાં સદનસીબે હાઇવે પર ટ્રાફિક ન હોવાના કારણે મોટી દુર્ઘટના થતા ટળી હતી ત્યારે નજીક થી લોકો દ્વારા ઘટના સ્થળે પહોંચી ગાડી ચાલકના ડ્રાઈવરને બહાર કાઢી બચાવ કામગીરી કરવામાં આવી હતી જેમાં સદ નસીબે બાજુમાં હાઇસ્કુલ હોવાના કારણે મોટી જાનહાની થતા ટળી હતી અકસ્માત થતા હાઇવે ઉપર ટ્રાફિક જામના દ્રશ્ય સજાયા હતા ત્યારે હાઇવે પર કંપની ની ઈમરજન્સી સેવા આપતી ગાડીને અને તાલુકાના પોલીસ ને જાણ થતા ઘટના સ્થળે પહોંચીને ટ્રાફિક હડવો કર્યો હતો.

# ધો.૧૦-૧૨ ની પરીક્ષા પહેલા જ શિક્ષકોના પેપર તપાસણીના ઓર્ડરોઃ છાત્રોની હોલટીકીટ બોર્ડ વેબસાઈટ પર મુકાઈ

## પરીક્ષા બાદ તા.૧૧ થી મુલ્યાંકન કેન્દ્રો ધમધમશેઃ ગુજરાતીના પેપરોની કુવાડવા તપાસણી થશેઃ વિજ્ઞાનની ઉત્તરવહીઓ ખામટામાં ચેક કરાશેઃ મનોવિજ્ઞાન, સમાજશાસ્ત્ર, અંગ્રેજી, એસ.પી. વાણીજય વ્યવસ્થા, ગણિત સહિતનાં વિષયોના પેપરો રાજકોટની સ્કુલોમાં ચેક કરાશે

રાજકોટ તા.૧૮

ગુજરાત માધ્યમિક ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી તારીખ ૨૭-૨ ફેબ્રુઆરીથી પ્રારંભ થનારી ધો.૧૦ અને ૧૨( સામાન્ય પ્રવાહ-વિજ્ઞાન પ્રવાહ)ની પરીક્ષાના આડે હવે માત્ર ગણતરીના જ દિવસો બાકી રહ્યા હોય રાજકોટ શહેર જીલ્લામાં આ પરીક્ષા શાંતિપૂર્ણ વાતાવરણમાં લેવાય તે માટેની તૈયારીઓને શિક્ષણ વિભાગ દ્વારા આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે.

આ પરીક્ષા સંદર્ભે આવતીકાલે શિક્ષણ બોર્ડ દ્વારા રાજકોટ સહિત રાજયભરના જીલ્લા કલેકટરો સાથે વિડીયો કોન્ફરન્સ આયોજીત કરવામાં આવી છે તેની સાથોસાથ રાજકોટ જીલ્લા પરીક્ષા સમિતિની બેઠક પણ જીલ્લા કલેકટર પ્રભવ જોશીનાં અધ્યક્ષસ્થાને યોજવામાં આવી છે.

આ બેઠક બાદ રાજકોટ શહેર જીલ્લામાં લેવાનાર બોર્ડની આ પરીક્ષાના એકશન પ્લાન જાહેર કરી દેવામાં આવશે. આ દરમ્યાન શિક્ષણ બોર્ડ દ્વારા ધો.૧૦ અને ૧૨ ની આ પરીક્ષામાં નોંધાયેલા રાજકોટ સહિત રાજયનાં ૧૪.૩૦ લાખ જેટલા વિદ્યાર્થીઓની હોલ ટીકીટ શિક્ષણ બોર્ડની વેબસાઈટ ઉપર મુકી દેવામાં આવી છે.શિક્ષણ બોર્ડની આ વેબસાઈટ ઉપરથી હોલ ટીકીટ ડાઉનલોડ કરી વિદ્યાર્થીઓને પહોંચતી કરવા માટે બોર્ડ દ્વારા શાળા સંચાલકોને સૂચના આપી દેવામાં આવી છે.હોલ ટીકીટમાં વિદ્યાર્થીઓના નામ, અટકમાં જો કોઈ ભૂલ રહેલી હોય તો આ મામલે પાંચ દિવસમાં જ શિક્ષણ બોર્ડની કચેરીને રજુઆત કરવાની રહેશે.

વિદ્યાર્થીઓને હોલ ટીકીટની સાથે શિક્ષણ બોર્ડ દ્વારા ધો.૧૦ અને ૧૨ ની પરીક્ષાનાં પેપરોની તપાસણી માટે શિક્ષકોનાં ઓર્ડરો પણ બોર્ડની વેબસાઈટ પર જ મુકી દેવામાં આવેલ છે જેમાં રાજકોટ શહેર જીલ્લાની સરકારી ગ્રાન્ટેડ અને ખાનગી શાળાઓના લગભગ શિક્ષકોને આવરી લેવામાં આવેલ છે.આ ઉપરાંત બોર્ડનાં પેપરોની તપાસણી માટે પરીક્ષા બાદ તા.૧૧ માર્ચથી મુલ્યાકન કેન્દ્રો ધમધમશે. બોર્ડ દ્વારા મુલ્યાંકન કેન્દ્રો પણ જાહેર કરી દેવામાં આવેલ છે.જેમાં ગુજરાતીના પેપરોનું આટકોટ તેમજ રાજકોટની સ્કુલમાં મુલ્યાંકન થશે.આ ઉપરાંત અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન, સમાજશાસ્ત્ર, અંગ્રેજી, એસપી, વાણીજય વ્યવસ્થા, સામાજીક વિજ્ઞાન, અંગ્રેજી,ગણીતના પેપરોનું રાજકોટની સ્કુલોમાં મુલ્યાંકન થશે. જયારે સંસ્કૃત વિષયનુ ગોંડલની શાળામાં અને વિજ્ઞાન વિષયના પેપરોની પડધરીના ખામટાની સ્કુલમાં તપાસણી કરવામાં આવનાર છે.

# ગ્રાન્ટેડ કોલેજો બંધ કરવા સામે વિરોધની આંધીઃ અધ્યાપકો-વિદ્યાર્થીઓ દ્વારા રામધુન-સુત્રોચ્ચાર

## સદ્દગુરૂ મહિલા કોલેજનો હોમસાયન્સ કોર્ષ, તેમજ ધમસાણીયા કોલેજ શરૂ રાખવાની માંગણી સાથે ટીચર્સ એસો.મેદાને કુલપતિને અપાયુ આવેદનપત્ર

રાજકોટ તા.૧૮

રાજકોટની સદગુરૂ મહિલા કોલેજનો હોમ સાયન્સ કોર્ષ તેમજ એમ.ટી. ધમસાણીયા કોલેજ બંધ કરવા સામે વિરોધની આંધી ઉઠી છે. આ અંગે આજે વિદ્યાર્થીઓ અને અધ્યાપકો દ્વારા રામધૂન અને સુત્રોચ્ચાર કરવામાં આવેલ હતા.

તેમજ આ બન્ને કોલેજોના અધ્યાપકો અને ટીચર્સ એસો.ના હોદેદારોએ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિને આવેદનપત્ર સુપ્રત કરી આ બન્ને સંસ્થાઓને શરૂ રાખવા માટે માંગણી દોહરાવી હતી. અહીં એ ઉલ્લેખનીય છે કે સદગુરૂ મહિલા કોલેજનો હોમ સાયન્સ કોર્ષ તેમજ ધમસાણીયા કોલેજ શરૂ રાખવાના મુદ્દે અગાઉ પણ વિદ્યાર્થી આગેવાનો તેમજ આ કોલેજોના અધ્યાપકો દ્વારા કુલપતિને રજૂઆત કરવામાં આવી હતી.





સદગુરૂ મહિલા કોલેજનો હોમ સાયન્સનો કોર્ષ તેમજ ધમસાણીયા કોલેજ જો બંધ થશે તો વિદ્યાર્થીઓને રાહતદરની ફીમાં મળતી ઉચ્ચ શિક્ષણની સુવિધા છીનવાશે. આ બન્ને સંસ્થાઓમાં વિદ્યાર્થીઓ હાલ નજીવી ફીમાં અભ્યાસ કરી રહ્યા હોય આ બન્ને ગ્રાન્ટેડ સંસ્થાઓને શરૂ રાખવા માટે અધ્યાપકો અને વિદ્યાર્થીઓ દ્વારા માંગણી ઉઠાવી રામધૂન અને સુત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા. અહીં એ પણ ઉલ્લેખનીય છે કે રાજય સરકારના ઉચ્ચ શિક્ષણ વિભાગ દ્વારા છેલ્લા લાંબા સમયથી રાજયની અનુદાનીત કોલેજોની માંગણીઓ તરફ દુર્લક્ષ સેવવામાં આવી રહ્યું છે જેમાં અનુદાનીત કોલેજોમાં ખાલી પડેલ અધ્યાપકોની જગ્યા ભરવામાં આવતી નથી તેમજ કલીયરીકલ કર્મચારીઓની પણ જગ્યાઓ પણ આવી સંસ્થાઓમાં વર્ષોથી વણપુરાયેલી રહી છે જેના પગલે અમુક સંસ્થાઓમાં ન છુટકે અધ્યાપકોને કલીયરીકલ વર્ક કરવું પડે છે. આવા સંજોગોમાં ઉચ્ચ શિક્ષણ વિભાગ દ્વારા અનુદાનીત કોલેજોમાં ખાલી પડેલી અધ્યાપકોની જગ્યા તત્કાલ પુરવામાં આવે તે અતિ આવશ્યક છે.

# અમરેલી જિલ્લામાં કોંગ્રેસ સાફ ! ભગવો લહેરાયો

## રાજુલા, જાફરાબાદ, ચલાલામાં કોંગ્રેસનું ખાતુ પણ ન ખુલ્યુઃ લાઠીમાં ૨૪-પૈકી ૧૮ બેઠકો ભાજપનાં ફાળે

(મિલાપ રૂપારેલ દ્વારા)
અમરેલી,તા.૧૮

અમરેલી જિલ્લામાં ચાર નગરપાલિકાની સામાન્ય ચૂંટણી તથા અન્ય ત્રણ પેટા ચૂંટણીનું મતદાન રવિવારે યોજાયા બાદ આજે સવારે જે તે સ્થળોએ મત ગણતરી હાથ ધરતાં ચાર નગરપાલિકા પૈકી ત્રણ પાલિકામા તમામ બેઠકોમાં ભાજપની ભવ્ય જીત થઈ હતી. જ્યારે લાઠી પાલિકામાં ૧૮ ભાજપ, ૫ કોંગ્રેસ ૧ અપક્ષને ફાળે જવા પામેલ છે. છતાં ચારેય પાલિકામાં ભાજપનું શાસન સ્થપાયેલ છે. જ્યારે અમરેલી પાલિકાની ૨ બેઠકની પેટા ચૂંટણીમાં ૧ કોંગ્રેસ ૧ ભાજપના ફાળે જવા પામેલ છે. દામનગર પાલિકાની ૨ બેઠકની પેટા ચૂંટણીમાં ૨ ભાજપના ફાળે તથા સાવરકુંડલા પાલિકાની ૧ બેઠકની પેટા ચૂંટણીમાં ભાજપનો વિજય થવા પામેલ છે.



અમરેલી જિલ્લાના રાજુલા નગરપાલિકાની ૨૮ બેઠકોની ચૂંટણી યોજાયેલ હતી. જેમાં તમામ ૨૮ બેઠકો ઉપર ભાજપને ફાળે ગઇ છે. રાજુલા પાલિકામાં કોંગ્રેસ પક્ષ અહીં ખાતું પણ ખોલાવી શકેલ નથી. જ્યારે જાફરાબાદ પાલિકામાં ૨૮ બેઠકોમાંથી ૨૮ બેઠકો ભાજપના ફાળે જવા પામેલ છે. અત્રે ઉલ્લેખનીય છે કે અગાઉ આ ૨૮ બેઠકો પૈકી ૧૬ બેઠકો બિનહરફિ થઈ જવા પામેલ હતી.બાકીની ૧૨ બેઠકો આજે ભાજપને ફાળે જતાં જાફરાબાદ પાલિકામાં પણ પાલિકામાં કોંગ્રેસ પક્ષ અહીં ખાતું પણ ખોલાવી શકેલ નથી.

ચલાલા પાલિકાની ૨૪ બેઠકોની ચૂંટણી યોજાયેલ હતી. જેમાં તમામ ૨૪ બેઠકો ઉપર ભાજપને ફાળે ગઇ છે. ચલાલા પાલિકામાં કોંગ્રેસ પક્ષ અહીં ખાતું પણ ખોલાવી શકેલ નથી. જ્યારે લાઠી પાલિકામાં પાલિકાની ૨૪ બેઠકોની ચૂંટણી યોજાયેલ હતી. જેમાં ૧૮ બેઠકો ભાજપ, ૫ કોંગ્રેસ અને ૧ બેઠક અપક્ષને ફાળે જવા પામેલ છે.જ્યારે અમરેલી પાલિકાની ખાલી પડેલ મહિલા અનામતની ૨ બેઠકની પેટા ચૂંટણી યોજાતા આજે પરિણામ જાહેર થતાં ૧ બેઠક કોંગ્રેસ તથા ૧ બેઠક ભાજપના ફાળે જવા પામેલ છે. જ્યારે દામનગર પાલિકાની ૨ બેઠકની પેટા ચૂંટણીમાં બંને બેઠકો ભાજપના ફાળે તથા સાવરકુંડલા પાલિકાની ૧ બેઠકની પેટા ચૂંટણીમાં ભાજપનો વિજય થવા પામેલ છે.

# જુની અદાવતમાં કલરકામ કરતા યુવક પર પરપ્રાંતીય બેલડીનો હુમલો

## હુડકો ચોકડી પાસેનો બનાવઃ ભક્તિનગર પોલીસે ગુન્હો નોંધી આરોપીને પકડવા તજવીજ આદરી

રાજકોટ તા.૧૮

હુડકો ચોકડી પાસે જુની અદાવતનો ખાર રાખી કલરકામ કરતા યુવક પર પરપ્રાંતીય બેલડીએ લોખંડના સળીયાથી હુમલો કરતા સારવારમાં ખસેડવામાં આવ્યો હતો. બનાવ અંગે ભક્તિનગર પોલીસે ગુન્હો નોંધી તપાસ આદરી હતી.બનાવ અંગે કોઠારીયા મેઈન રોડ પર હુડકો ચોકડી પાસે રહેતા સુરજસિંહ શિવકુમાર ઠાકુર ઉ.વ.૩૨ એ નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે ભીમસિંગ મંગલસિંગ ઠાકુર અને રબીતસિંગનું નામ આપી જણાવ્યું હતું કે તેઓ છેલ્લા દશેક વર્ષથી રાજકોટમાં રહે છે અને કલરકામની મજુરી કરે છે. ગઈકાલે રાત્રીના સમયે હુડકો ચોકડી પાસે બલરાજભાઈની ચાની હોટેલ પાસે તે બેઠો હતો ત્યારે ભીમસિંગ અને રબીતસિંગ ધસી આવેલ અને કહેવા લાગેલ કે તારો ભાઈ કરણસિંગ મને ગાળો આપે છે તેમ કહી ગાળો આપી ઉશ્કેરાઈ જઈ લોખંડના સળીયા વડે હુમલો કરી દીધો હતો. સળીયાનો ઘા માથાના ભાગે લાગતા લોહી નીકળવા લાગ્યુ હતું. ઘટનાસ્થળે લોકો એકઠા થઈ જતા બંને શખ્સો નાસી છુટયા હતા. બાદમાં ઈજાગ્રસ્ત યુવકને સારવારમાં ખસેડવામાં આવ્યો હતો. બનાવ અંગે ભક્તિનગર પોલીસે ગુન્હો નોંધી તપાસ આદરી હતી.

# થાન ન.પા.માં ૨૮ માંથી ૨૫ બેઠકો કબ્જે કરતો ભાજપ

## ૩ બેઠકો બી.એસપીને મળીઃ સાયલા તા.પં.ની ધારા ડુંગરી સિટ ઉપર પણ કમળ ખીલ્યુઃ ધ્રાંગધ્રા અને લિંબડી ન.પા.ની વોર્ડ નં.૧ની પેટાચૂંટણીમાં પણ ભાજપનો વિજય

(ફારૂક ચૌહાણ)
વઢવાણ,તા.૧૮

સુરેન્દ્રનગર જિલ્લાની થાનગઢ નગરપાલિકાની ચૂંટણી માટે ૧૬ ફેબ્રુઆરીએ મતદાન પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. જેમાં થાનગઢ નગરપાલિકામાં ૬૦.૩૫ ટકા મતદાન થયું હતું. આજે સવારે ૯ વાગ્યાથી મતગણતરી હાથ ધરવામાં આવશે. અહીં થાનગઢ પાલિકાના પરિણામની વિગતો નીચે આપવામાં આવી છે.થાન નગરપાલિકાની ચૂંટણીમાં કુલ સાત વોર્ડની ૨૮ બેઠકોમાંથી ૨૫ ઉમેદવારોમાં ભાજપના ઉમેદવારોનો ભવ્ય વિજય થયો છે. જ્યારે બસપાના ૩ ઉમેદવારોની જીત થઈ છે. આ પાલિકામાં કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના એક પણ ઉમેદવારની જીત થઈ નથી. થાન પાલિકામાં વોર્ડ નંબર ૪ની ૩ બેઠકમાં બસપાના ઉમેદવારો જીત્યા છે આ સિવાય તમામ બેઠક પર ભાજપે કબજો જમાવ્યો છે. ભારતીય જનતા પાર્ટીનો વિજય થયો છે. જેથી ઉત્સાહનો માહોલ છવાયો છે. બીજી તરફ થાન નગરપાલિકામા બસપાની પણ એન્ટ્રી થઈ છે. ૩ સીટો પર જીત મેળવી છે.





જયારે મતગણતરી થાન મામલતદાર કચેરી ખાતે યોજાશે, જેમાં કુલ ૩૩ રાઉન્ડમાં મતગણતરી હાથ ધરવામાં આવી રહી છે. દરેક વોર્ડની મતગણતરી અંદાજે ચાર રાઉન્ડમાં પૂર્ણ થશે. મતગણતરી દરમિયાન ૪૫ કર્મચારીઓનો સ્ટાફ કામગીરી સંભાળશે. નોંધનીય છે કે, આ ચૂંટણીમાં એક પણ બેઠક બિનહરીફ રહી નથી.

સુરેન્દ્રનગર જિલ્લાના સાયલા તાલુકા પંચાયતની ધારાડુંગરી સીટ પર કમળ ખીલતા ગેલાભાઈ રણછોડભાઈ ઉગરેજાનો વિજય થયો છે.

ધ્રાંગધ્રા નગરપાલિકા વોર્ડ નંબર ૧ની પેટા ચૂંટણીમાં ભાજપના ઉમેદવાર અમરાભાઈ ભરવાડનો ૧૯૨૨ મતે વિજય થયો છે. ભાજપનાં ઉમેદવાર અમરાભાઈ ભરવાડને ૨૪૨૮ મત જ્યારે કોંગ્રેસનાં અલ્પેશભાઈને ૫૦૬ મત મળ્યા હતા.લીંબડી નગરપાલિકા વોર્ડ નંબર ૧ની પેટા ચૂંટણીમાં ભાજપના ઉમેદવારનો ૧૨૩૧ મતોથી વિજય થયો છે. રાઉન્ડ નંબર ૫ના અંતે ભાજપના ઉમેદવાર હરદીપસિંહ વનરાજસિંહ રાણાને ૧૩૮૭ મત મળ્યા હતા. કોંગ્રસના ઉમેદવાર ભરતભાઈ માળીને ૧૫૩ મત મળ્યા છે. જયારે આપના ઉમેદવાર પ્રવીણભાઈ પટેલ ૩૯ મત, બહુજન પાર્ટીના ઉમેદવાર જયાબેન ખુશાલભાઈને ૫૯ મત મળ્યાં છે. આ ઉપરાંત નોટામાં ૪૫ મત પડયા હતા.

# નાના મવા આરોગ્ય કેન્દ્રમાંથી લેપટોપ અને ચાર્જરની ચોરી કરનાર સગીર ઝડપાયો

## તાલુકા પોલીસની ટીમે નાના મવા સર્કલ ઓવર બ્રીઝ નિચેથી આરોપીને પકડી ચોરીનો ભેદ ઉકેલ્યો

રાજકોટ. તા.૧૮

નાના મવા આરોગ્ય કેન્દ્રમાંથી લેપટોપ અને ચાર્જરની ચોરી કરનાર સગીરને તાલુકા પોલીસની ટીમે નાના મવા સર્કલ ઓવર બ્રીઝ નિચેથી પકડી ચોરીનો ભેદ ઉકેલ્યો હતો અને ચોરી કરેલ લેપટોપ કબ્જે કર્યું હતુ.

બનાવ અંગે ગઈ તા.૦૩ ના નાના મવા આરોગ્ય કેન્દ્રમાં કોઇ અજાણ્યા ઇસમે ગેરકાયદેસર પ્રવેશ કરી આરોગ્ય કેન્દ્રના ઉપરના માળના મુખ્ય દરવાજાનો નકુચો તોડી આર.બી.એસ.કે. રૂમમા આવેલ કબાટમાંથી રૂ.૩૦ હજારનું લેપટોપ તેમજ લેપટોપ ચાર્જર મળી કુલરૂ.૩૦૫૦૦ ના મુદ્દામાલની ચોરી થયેલ બનાવ અંગે તાલુકા પોલીસ મથકમાં ગુનો નોંધાયો હતો.

જે મામલે પીઆઈ ડી.એમ.હરિપરાની રાહબરીમાં ટીમે આઈવે પ્રોજેકટના સી.સી. ટી.વી. કેમેરા ચેક કરી તપાસ હાથ ધરતા કોન્સ્ટેબલ જયપાલસિંહ સરવૈયા તથા મહાવિરસિંહ જાડેજાને સયુંકત રીતે હ્યુમન સોર્સીસથી ખાનગી રાહે ચોકકસ હકીકત મળતાં ઘરફોડ ચોરીમાં સંડોવાયેલ સગીરને ચોરી કરેલ લેપટોપ સાથે રાજકોટ ૧૫૦ ફુટ રીંગ રોડ નાના મવા સર્કલ ઓવર બ્રીઝ નિચે બી.આર.ટી.એસ. બસ સ્ટેન્ડ નજીકથી પકડી લઈ કાયદેસરની કાર્યવાહી કરી હતી.

# જામનગરમાં સ્માર્ટ વીજમીટર મામલે વીજ ટુકડી અને સ્થાનિકો વચ્ચે બબાલ





## વિજ ગ્રાહકોને જાણ કર્યા વિના પાર્કિંગમાં નવા સ્માર્ટ મીટર લગાવવાની કાર્યવાહી કરનાર વીજ ટુકડીને સ્થાનિકોએ અટકાવતાં જીભાજોડી

જામનગર તા.૧૮ઃ જામનગરમાં હરીયા કોલેજ રોડ પર આવેલા એક એપાર્ટમેન્ટના પાર્કિંગમાં નવા સ્માર્ટ મીટર લગાવવા માટે ગયેલી વિજ ટુકડી સાથે સ્થાનિકો વચ્ચે ભારે ગરમાગરમી થઈ હતી, અને આખરે વીજ ટુકડીએ પરત ફરવાનો વારો આવ્યો હતો.

પાર્કિંગમાં લગાવેલા વીજ મીટર કે જ્યાં વિજગ્રાહકોને જાણ કર્યા વિના નવા સ્માર્ટ મીટર લગાવવા ની કાર્યવાહી કરવામાં આવી રહી હતી, અને ત્યારબાદ વીજ ગ્રાહકોને બોલાવીને તેના ડોકયુમેન્ટમાં સહી કરવાનું કહેતા સ્થાનિક નારાજ થયા હતા. દરમિયાન વિજ ટુકડી સાથે સ્થાનિકો દ્વારા બબાલ કરવામાં આવી હતી, અને ભારે ગરમા ગરમી અને પાવર કટ કરી નાખવાની પણ ધમકી અપાઈ હોવાનું એપાર્ટમેન્ટ ના રહેવાસીઓ જણાવી રહ્યા હતા. આખરે વિજ ટુકડીને સ્માર્ટ મીટર બદલવાની પ્રક્રિયા રોકી દઈ પરત ફરવાનો વારો આવ્યો હતો.

# મોરબીની પીપળીયા ચોકડી નજીક બાઇક અકસ્માતઃ યુવાન રાજકોટ ખસેડાયો

મોરબી, તા.૧૮

મોરબીના નવલખી રોડ ઉપર આવેલ પીપળીયા ચોકડીથી નવલખી જતા રસ્તે વાહન અકસ્માતના બનાવમાં માળીયા મીંયાણા તાલુકાના વર્ષામેડી ગામના શૈલેષભાઈ કાથળભાઈ રાઠોડ નામના ૨૫ વર્ષના યુવાનને ઇજા થતા મોરબીની સરકારી હોસ્પિટલેથી વધુ સારવાર માટે હાલ રાજકોટ ખસેડાયો છે. એ ડિવિઝન પોલીસ મથકના ધ્રુવરાજસિંહ ઝાલા દ્વારા પ્રાથમિક તપાસ કરી બનાવ અંગે માળિયા પોલીસને જાણ કરવામાં આવી હતી.જ્યારે હળવદના નવા દેવડીયા ગામે બાઈક સ્લીપ થઈ જતાં રંજનબા ગંભીરસિંહ પરમાર નામના ૫૨ વર્ષના આધેડ મહિલાને ઇજાગ્રસ્ત હાલતમાં સારવાર માટે અત્રેની ખાનગી હોસ્પિટલે લાવવામાં આવ્યા હતા.તેમજ મોરબીના જુના રફાળેશ્વર રોડ ઉપર મિલેનિયમ ફાટક પાસે અજાણ્યા બાઈક ચાલક સાથે અકસ્માત સર્જાતા પડધરીના સુભાષભાઈ જેરામભાઈ સોલંકી નામના ૩૭ વર્ષના યુવાનને અત્રેની ખાનગી હોસ્પિટલે સારવાર માટે ખસેડાયો હતો.જેથી બનાવને પગલે તાલુકા પોલીસ મથકના જે.બી.પટેલ દ્વારા નોંધ કરીને તપાસ કરવામાં આવી હતી.

### થાન પાલિકાની ચૂંટણીનું પરિણામ

| વોર્ડ નં | વિજેતા | પાર્ટી | વોટ |
|---|---|---|---|
| ૧ | નીતાબેન રૂદાતલા | | ભાજપ |
| | બાબભાઇ ધાંધલ | ભાજપ | |
| | ભારતીબેન ખમાણી | | ભાજપ |
| | ભુપતભાઈ પરમાર | | ભાજપ |
| ૨ | જ્યોતિબેન ખમાણી | | ભાજપ |
| | નીતિનભાઈ શિહોરા | | ભાજપ |
| | રંજનબેન સવાડીયા | | ભાજપ |
| | વિજયભાઈ વારેવડીયા | | ભાજપ |
| ૩ | અરૂણભાઈ મકવાણા | | ભાજપ |
| | નિર્મળાબેન ઝાલા | ભાજપ | |
| | હર્ષદકુમાર પાટડીયા | | ભાજપ |
| | લીલાબેન ચાવડા | ભાજપ | |
| ૪ | આકાશભાઈ પરમાર | | ભાજપ |
| | પુજાબેન પરમાર | બસપા | |
| | કિરણબેન મકવાણા | | બસપા |
| | વિનોદભાઈ ચાવડા | બસપા | |
| ૫ | વર્ષાબેન ભટ્ટ | | ભાજપ |
| | કિરણબેન જાદવ | ભાજપ | |
| | રાજુભાઈ અલગોતર | | ભાજપ |
| | ઘનશ્યામભાઈ અલગોતર | | ભાજપ |
| ૬ | ખોડાભાઈ મકવાણા | | ભાજપ |
| | પાર્વતીબેન પારઘી | ભાજપ | |
| | પ્રદ્યુમનસિંહ રાણા | ભાજપ | |
| | લીનાબેન ડોડીયા | ભાજપ | |

### આઠ બેઠક બિનહરીફ કર્યા બાદ જૂનાગઢમાં ફરી શાસન નિશ્ચિત કરતો ભાજપ

# જૂનાગઢ મહાપાલિકામાં કેસરીયું શાસન યથાવતઃ અપક્ષ જાયન્ટ કિલર બન્યા

## ૬૦માં ભાજપ ૪૮- કોંગ્રેસને ૧૧ અને એક અપક્ષના ફાળેઃ ભાજપે વિજય સરઘસ કાઢયુઃ સ્ટાર પ્રચાર વગર પણ વિજય

રાજકોટઃ ગુજરાતમાં જૂનાગઢ મહાપાલિકાની પ્રતિષ્ઠાભરી બનેલી ચૂંટણીમાં ભાજપે ૬૦માંથી ૪૮ બેઠકો જીતીને ફરી એક વખત સતા કબ્જે કરવા ઉપરાંત ગુજરાતમાં તમામ મહાપાલિકાઓ પર ભાજપનું શાસન નિશ્ચિત કર્યુ છે. જો કે છેલ્લા પરિણામો મુજબ ભાજપ ૪૮ કોંગ્રેસને ૧૧ અને એક બેઠક જાયન્ટ કિલર બનેલા અપક્ષે જીતી છે.

ભાજપે અગાઉ જ વોર્ડ નં.૩ તથા વોર્ડ નં.૧૪ની બેઠકો બિનહરીફ જીતી હતી અને મતદાન બાદ કોંગ્રેસ પક્ષે વોર્ડ નં.૮ અને વોર્ડ નં.૧૫માં તમામ બેઠકો જીતી છે. આમ કોંગ્રેસ પક્ષે વિપક્ષનું સ્થાન યથાવત રહ્યું છે. વોર્ડ નં.૪માં કોંગ્રેસ પક્ષે એક બેઠક જીતી હતી. વોર્ડ નં.૯માં અશ્વીનભાઈ ભારાઈએ સાત વખત મહાપાલિકામાં ડે.મેયર રહી ચૂકેલા અને જૂનાગઢના રાજકારણમાં દબદબો ધરાવતા વર્તમાન ડે.મેયર



ગિરીશ કોટેચાના પુત્ર પાર્થ કોટેચાને પરાજીત કરી સનસનાટી મચાવી છે.

### ડે.મેયર અને જૂનાગઢના રાજકારણમાં દબંગ ગણાતા નેતા ગિરીશ કોટેચાના પુત્ર પાર્થ કોટેચાને અપક્ષે ૪૪૩૧ મતે હરાવતા કોંગ્રેસના ઉમેદવારે હારની પણ ઉજવણી કરીઃ ભવનાથ વિવાદ કોટેચા પરિવારને નડી ગયાની ચર્ચા

આ વોર્ડમાં કોંગ્રેસના ઉમેદવાર મહીપતસિંહ બસીયા પરાજીત થયા છે પણ તેઓએ પોતાના પરાજયમાં પણ ખુશી દર્શાવતા કહ્યું કે મારૂ લક્ષ્ય પાર્થ કોટેચાને હરાવવાનું હતું અને મને જે જોઈતુ હતુ તે મળી ગયુ છે. એમ કહી તેણે તુર્તજ ભાજપમાં જોડાઈ ગયા હતા.

આ બેઠક પર અપક્ષ અશ્વિન ભારાઈ ૪૪૩૧ મતે જીત્યા છે. આ વોર્ડમાં ભવનાથ સહિતના ક્ષેત્રનો સમાવેશ થાય છે. આમ જૂનાગઢમાં જે રીતે ભવનાથના મહંત મહેશગીરી વિવાદમાં ફસાયા હતા અને ગીરીશ કોટેચાએ તેની સામે જંગ છેડયો હતો તેનો બદલો મહેશગીરીએ લઈ લીધો હોવાની ચર્ચા જૂનાગઢમાં છે.

આ ઉપરાંત ભાજપના વેવમાં શહેર કોંગ્રેસ પ્રમુખ મનોજભાઈ તથા પુર્વ મેયર તથા એક સમયના જૂનાગઢ નગરપાલિકાના પ્રમુખ રહી ચૂકેલા કેપ્ટન સતીશના પત્ની પ્રજ્ઞાબેન વિરડા પણ પરાજીત થયા છે.

### ગીરીશ કોટેચાનું રાજકારણ પુરૂ કરવા ખેલ નખાયો : ભવનાથની પણ ભૂમિકા

રાજકોટ, તા. ૧૮

જુનાગઢ મહાનગરપાલિકાની ચૂંટણીમાં વોર્ડ નં. ૯ના ઉમેદવાર પાર્થ કોટેચાને પરાજીત કરવામાં મહત્વની ભૂમિકા ભજવનાર કોંગ્રેસના ઉમેદવાર મહિપત બસીયાએ પરિણામની સાથે જ કેસરીયો ખેસ પહેરીને આ વોર્ડમાં જબ્બરૂ સેટીંગ હતું તે નિશ્ચિત કરી દીધુ છે. અશોક ભરાઇ ૪૪૩૧ મતે જીત્યા તે પછી બસીયાએ જાહેર કર્યુ કે મે જે ધાર્યુ હતું તે મને મળી ગયું છે, મારે જે કરવું હતું તે કરી લીધુ છે આમ કહીને તે પાર્થ કોટેચાને પરાજીત કરવા જ ચૂંટણીમાં ઉતર્યા હોવાનું ખુલ્લુ કર્યુ હતું અને ભાજપમાં ભળી જાય અને તેમને તુર્ત જ કેસરીયો ખેસ પહેરાવી દેવાયો તેથી હવે ગીરીશ કોટેચાનું રાજકારણ પુરૂ કરવા ભાજપમાં જ ખેલ નંખાયો હોય તેવી ચર્ચા જુનાગઢ શહેરમાં ચાલી રહી છે. બીજી તરફ ભવનાથ મંદિરના મહંતનો જે વિવાદ ચગ્યો હતો તેમાં ગીરીશ કોટેચાએ મહેશગીરી સામે મોરચો માંડયો હતો તેથી વોર્ડ નં.૯માં કે જયાં ભવનાથ વિસ્તાર આવે છે ત્યાં આ રીતે કોટેચાના પુત્રનો પરાજય સૂચક છે.

### એક સમયના જૂનાગઢના કોંગ્રેસ મહારથી કેપ્ટન સતીષના પત્ની અને શહેર કોંગ્રેસ પ્રમુખ પણ પરાજીત થયા

#### રાજકોટ ભાજપ સ્ટાઈલથી માઈક્રોમેનેજમેન્ટ ગોઠવાયું

## જૂનાગઢમાં ટીમ ભાજપ; કમલેશ મીરાણીનું નેતૃત્વ અને વિજય નિશ્ચિત થયો હતો

### પ્રચાર પુર્વે જ આઠ બેઠકો બિનહરીફઃ કોઈ સ્ટારપ્રચારક વગર જ જીતની હેટ્રીક

રાજકોટઃ

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની યોજાયેલી ચુંટણીમાં એક માત્ર જૂનાગઢ મહાનગરપાલિકાની ચૂંટણી યોજાઈ હતી જેમા ભાજપે સતત ત્રિજી વખત ચુંટણી જીતીને હેટ્રીક કરી છે તો આ ચુંટણીમાં અનેક અપસેટ પણ સર્જાયા છે. પણ મહત્વપૂર્ણ રીતે જૂનાગઢ મહાપાલિકામાં ભાજપના વિજયમાં ટીમ રાજકોટ અને ખાસ કરીને રાજકોટ શહેર ભાજપના પુર્વ પ્રમુખ કમલેશ મીરાણીની ભૂમિકા મહત્વપૂર્ણ રહી છે. પ્રદેશ ભાજપે તેમને જૂનાગઢ મહાપાલિકાની ચૂંટણીના ઈન્ચાર્જ બનાવ્યા અગાઉ રાજકોટમાં લોકસભાની ધારાસભા અને



મહાપાલિકા ચૂંટણીઓમાં છ વર્ષના પ્રમુખપદના ગાળામાં ભાજપને વિજય ભણી દોરનાર કમલેશ મીરાણીએ ચુંટણી જાહેર થતા જ જૂનાગઢમાં કેમ્પ કરી રાજકોટમાં જેમ ભાજપ માઈક્રોમેનેજમેન્ટની ચુંટણીમાં જીતે છે તે જ રીતે જૂનાગઢમાં સ્થાનિક ધારાસભ્ય તથા ટીમ ભાજપ જૂનાગઢ સાથે રહીને ચુંટણી વ્યુહ ગોઠવ્યા હતા તથા પ્રથમ તબકકામાં ૮ બેઠકો ભાજપને બિનહરીફ કરી હતી તથા બાદમાં કોઈ સ્ટાર પ્રચારક વગર જીતનું ગણીત નિશ્ચિત કર્યુ હતું.નગર પ્રાથમિક શિક્ષણ સમીતીના ચેરમેન વિક્રમ પુજારાએ પણ તેમની સાથે જૂનાગઢમાં મૂકામ કર્યો હતો,

**જુનાગઢ મનપા**

વોર્ડ ૦૧ – બીજેપી પેનલ
વોર્ડ ૦૨ – બીજેપી પેનલ
વોર્ડ ૦૩ – બીજેપી પેનલ
વોર્ડ ૦૪ – ૦૧ કોગ્રેસ ૦૩ ભાજપ
વોર્ડ ૦૫ – બીજેપી પેનલ
વોર્ડ ૦૬ – ૨ બીજેપી ૨ કોંગ્રેસ
વોર્ડ ૦૭ – બીજેપી પેનલ
વોર્ડ ૦૮ – કોંગ્રેસ પેનલ
વોર્ડ ૦૯ – ૦૩ બીજેપી ૦૧ અપક્ષ
વોર્ડ ૧૦ – બીજેપી પેનલ
વોર્ડ ૧૧ – બીજેપી પેનલ
વોર્ડ ૧૨ – બીજેપી પેનલ
વોર્ડ ૧૩ – બીજેપી પેનલ
વોર્ડ ૧૪ – બીજેપી પેનલ
વોર્ડ ૧૫ – કોંગ્રેસ પેનલ
પ્રદીપ ખીમાણી
બીજેપી ૪૮
કોંગ્રેસ ૧૧
અપક્ષ ૧

## જિલ્લા પંચાયતની તમામ ૯ બેઠકોની પેટા ચૂંટણી પણ ભાજપે જીતી

રાજકોટ, તા. ૧૮ : ગુજરાતમાં સ્થાનિક સ્વરાજય સંસ્થાઓની ચૂંટણીમાં જિલ્લા પંચાયતની ૯ બેઠકોમાં પેટા ચૂંટણીમાં ભાજપે વિજય મેળવ્યો છે. ગાંધીનગરની હાલીસા, ભરૂચની આછોડ, દાહોદની પીપેરો, ડાંગની કડમાલ, અમદાવાદની કસલાલી અને કોઠ, તેમજ બોટાદની પાળીયાદ બેઠક પર ભાજપે વિજય મેળવ્યો છે. આમ કોંગ્રેસે જિલ્લા કે તાલુકા પંચાયતમાં સફળતા મળી નથી.

## હવે ગુજરાત ભાજપના નવા પ્રદેશ પ્રમુખની વરણી નજીકમાં : સંગઠન પણ જાહેર થશે

### દિલ્હીમાં નવી સરકારની શપથવિધિ બાદ ભાજપ સંગઠન પર જોર કેન્દ્રીત કરશે

રાજકોટ, તા. ૧૮

સ્થાનિક સ્વરાજય સંસ્થાઓની ચૂંટણીમાં ભાજપે પ્રચંડ વિજય મેળવતા હવે સૌનું ધ્યાન ભાજપના સંગઠન નવરચના પર ગયું છે અને આગામી દિવસોમાં જ નવા પ્રદેશ પ્રમુખની વરણી થઇ જશે. અને ત્યારબાદ જિલ્લા અને મહાનગરોના જે પ્રમુખોની નિયુકિત થવાની છે તેની ફાઇલ ગાંધીનગરમાં તૈયાર જ છે અને તે નામ રીલીઝ કરી દેવાશે. સુત્રોના જણાવ્યા મુજબ આગામી સમયમાં હવે ગુજરાત ભાજપે કોઇ મોટી ચૂંટણી લડવાની નથી. જોકે ૪૦૦૦થી વધુ ગ્રામ પંચાયતોની ચૂંટણી યોજાશે તેમાં સમરસ થવાની ધારણા છે અને ચૂંટણી પરિણામો પછી હવે કોંગ્રેસની તાકાતમાં પણ મોટો ઘટાડો થયો છે. આમ પંચાયતોની ચૂંટણી જીત્યા બાદ ભાજપ હવે ગ્રામ પંચાયતોમાં કેસરીયો લહેરાવશે. સુત્રોના જણાવ્યા મુજબ દિલ્હીમાં ભાજપની સરકાર રચાઇ ગયા બાદ તુર્ત જ ગુજરાતના નવા પ્રદેશ પ્રમુખ જાહેર થઇ જશે.

## ડાકોરમાં ભાજપ અને અપક્ષ વચ્ચે ટાઇ પડી : માંગરોળમાં બસપા કિંગમેકર

ગુજરાતમાં યોજાઇ રહેલી ચૂંટણીમાં ડાકોરમાં રસપ્રદ સ્થિતિ બની છે. અહીં ભાજપ અને અપક્ષ બંનેને ૧૪-૧૪ બેઠક મળતા ટાઇ પડી છે. અને ઓપરેશન લોટસ ગમે તે સમયે અપક્ષને ભાજપમાં ભેળવી દેશે તો માંગરોળમાં ભાજપ અને કોંગ્રેસને ૧૫-૧૫ બેઠક મળી અને બસપાને ૪ બેઠકો મળી તેથી બસપા કિંગમેકરની ભૂમિકામાં આવી ગયું આપ અને અન્યને ૧-૧ બેઠક મળી છે.

## કોડીનાર નગરપાલિકામાં ભાજપનો ભગવો લહેરાયોઃ ભવ્ય વિજય

### અગાઉ ૪ બેઠક બિનહરીફ થતા ભાજપને મળી હતીઃ અન્ય ૨૪ બેઠકોની ચૂંટણીમાં ભાજપનો જીતઃ કોંગ્રેસનું ખાતુ પણ ખુલ્લુ નહીં



**(દિનેશ જોષી)**
**કોડીનાર,તા.૧૮**

કોડીનાર નગરપાલિકા માં તમામ ૨૮ બેઠકો ઉપર ભાજપ નો ભગવો લહેરાયો,૪ બેઠક અગાઉ બિન હરીફ ભાજપ ને મળી હતી જ્યારે આજે બાકી ની ૨૪ બેઠકો ઉપર ભાજપે ભવ્ય વિજય મેળવ્યો, છેલ્લા ૩૦ વર્ષથી કોડીનાર નગરપાલિકા ઉપર ભારતીય જનતા પાર્ટીનું શાસન યથાવત રહ્યું..કોંગ્રેસ ખાતું ખોલાવવામાં પણ નિષ્ફળ, નગરપાલિકા ચૂંટણીમાં આજે વિજેતા થયેલા ઉમેદવારો અને તેમને મળેલા મતો, વોર્ડ નંબર ૧, વોર્ડ નં.૧ માં ઉમેદવારો ને મળેલા મતો, ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર અતુલકુમાર ગંગદેવ ૨૦૬૨, કાંતાબેન જાદવ ૧૮૮૨, રવેસિંહભાઇ ડોડીયા ૧૯૬૨, લલીતાબેન ડોડીયા ૧૮૫૦, વોર્ડ નં.૨,અસલમ ભાઈ



ચોહાણ ૧૫૬૨, પુષ્પા બેન બારડ ૧૭૨૯, મનીષાબેન રાઠોડ ૧૭૬૨, મુકેશભાઈ સાખટ ૧૭૧૪, વોર્ડ નં.૩ કૈયુમ કાસમ જુણેજા ૨૦૮૧ મ.અનીસ સૈયદ હુસેન કાદરી ૧૮૬૪, વોર્ડ નં.૪ ઈકબાલખાન દાઉદખાન પઠાણ ૧૬૨૦ કોમલબેન નિલેષભાઈ ખીલવાની ૧૫૯૯ દીપક બાલુભાઈ દમણિયા ૧૭૧૭ લાભુબેન ગોપાલભાઈ ચુડાસમા ૧૫૨૯ વોર્ડ નં.૫ અવેશ અ.રઝાક કાદરી ૨૩૬૬ કવિતાબેન નરેન્દ્રકુમાર જાની ૨૩૩૪ મિસબા માજીદ બેલીમ ૨૧૬૨ વિવેક મનુભાઈ મેર ૧૯૯૫ વોર્ડ નં.૬ અલ્પાબેન મહેશભાઈ કામલીયા ૨૦૦૨ નારણભાઈ પ્રદીપભાઈ ડાભી ૧૯૪૪ ભારતીબેન રાજુભાઈ બાંભણીયા ૧૭૪૯ મનોજકુમાર દાનાભાઈ વાઢેલ ૧૬૭૫ વોર્ડ નં.૭ પ્રતાપભાઈ હમીરભાઈ સોલંકી ૨૪૩૬ જાવીદભાઈ યુસુફભાઈ જુણેજા ૨૩૮૪ વિજેતા ઉમેદવારોના સરઘસ કાઢવામાં આવ્યા હતા બાદ અહીંના પાણી દરવાજે પાસે જંગી જાહેરસભા નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ભાજપના અગ્રણીઓએ કોડીનાર શહેરની જનતાનો આભાર વ્યક્ત કર્યો હતો.

## મોરબી જિલ્લાની બન્ને પાલિકામાં કેસરીયો લહેરાયો

(જીગ્નેશ ભટ્ટ દ્વારા)
મોરબી,તા.૧૮

મોરબી જિલ્લાની હળવદ તથા વાંકાનેર નગરપાલિકાની ચૂંટણીની મતગણતરી પુર્ણ થઇ ગયેલ છે અને આ બંન્ને પાલિકામાં ભાજપ પુનઃ સત્તા ઉપર આવી ગયેલ છે જો કે, વાંકાનેર પાલિકામાં દસ વર્ષ પછી કોંગ્રેસને પાંચ બેઠક મળેલ છે. આ તકે ધારાસભ્ય જીતુભાઇ સોમાણીએ કહેયુ હતુ કે, હું સક્રિય કોંગ્રેસમાં છો ત્યાં સુધી વાંકાનારે પાલિકા ભાજપની જ છે અને રહેશે જે દિવસે ભાજપની પાલિકા નહી બને ત્યારે તે રાજકારણમાંથી નિવૃતિ જાહેર કરી દેશે

મોરબી જિલ્લામાં આવેલ હળવદ નગરપાલિકાની સામાન્ય ચૂંટણી માટેનું રવિવારે મતદાન થયું હતું અને ૬૩.૬૧ ટકા મતદાન મતદારો દ્વારા કરવામાં આવ્યું હતું આ નગરપાલિકાના સાત બોર્ડની ૨૮ બેઠકો માટે કુલ મળીને ૭૦ જેટલા ઉમેદવારો ચૂંટણીના જંગમાં હતા અને હળવદમાં આવેલ મોર્ડન સ્કૂલ ખાતે આ મતોની ગણતરી કરવામાં આવી હતી ત્યારે





### વાંકાનેરમાં ૨૧ અને હળવદમાં – ૨૭ બેઠક ઉપર ભાજપનો વિજય

વોર્ડ નંબર ૧ માં ૧ બેઠક કોંગ્રેસને મળી છે જો કે, ૨૭ બેઠકો ઉપર ભાજપ વિજેતા બનેલ છે આવી જ રીતે વાંકાનેર નગરપાલિકાની મધ્યસત્ર ચૂંટણી જાહેર કરવામાં આવી હતી અને સાત બોર્ડની ૨૮ બેઠકો પૈકી ભાજપને ૧૧, કોંગ્રેસને ૧ અને બસપાને ૧ કુલ મળીને ૧૩ બેઠકો બિનહરીફ થઈ ગયેલ હતી અને ૧૫ બેઠકો માટે મતદાન કરવામાં આવ્યું હતુ જેની ગણતરી પુર્ણ થઇ ગયેલ છે જેમા ૨૧ બેઠકો ઉપર ભાજપ, ૫ બેઠક ઉપર કોંગ્રેસ, ૧ બેઠક ઉપર આપ અને ૧ બેઠક ઉપર અપક્ષ વિજેતા બનેલ છે. આ તકે ધારાસભ્ય જીતુભાઇ સોમાણીએ કહેયુ હતુ કે, હું સક્રિય કોંગ્રેસમાં છો ત્યાં સુધી વાંકાનારે પાલિકા ભાજપની જ છે અને રહેશે જે દિવસે ભાજપની પાલિકા નહી બને ત્યારે તે રાજકારણમાંથી નિવૃતિ જાહેર કરી દેશે ઉલ્લેખનીય છે કે આ બંન્ને પાલિકા વર્ષોથી ભાજપ પાસે છે જ્યારે વાંકાનેર તાલુકા પંચાયતની ચંદ્રપુર બેઠક ઉપર પેટા ચૂંટણીમાં કોંગ્રેસના ઉમેદવારનો વિજય થયો છે તો માળીયા તાલુકા પંચાયતની સરવડ બેઠકની પેટા ચુંટણીમાં પણ કોંગ્રેસના ઉમેદવારનો વિજય થયો છે.

## કુતિયાણા-રાણાવાવ પાલિકા કબ્જે કરતી સમાજવાડી પાર્ટી કાંધલ જાડેજાનો દબદબો

### કુતિયાણા પાલિકામાં ૨૪માંથી ૧૪ બેઠકો પર સમાજવાદી પાર્ટીનું બુલડોઝર ફરી વળતા ઢેલીબેન ઓડેદરાના એકચક્રી શાસનનો અંતઃ ભાજપને માત્ર ૧૦ બેઠક મળી

રાજકોટ તા.૧૮

કુતિયાણા અને રાણાવાવ પાલિકા બહુમતી સાથે સમાજવાદી પાર્ટીએ કબ્જે કરી છે. કુતિયાણા નગરપાલિકાની ચૂંટણીમાં ૨૪માંથી ૧૪ બેઠકો સમાજવાદી પાર્ટીએ હાંસલ કરી છે જેની સાથે કાંધલ જાડેજાનો દબદબો યથાવત રહ્યો છે.

જયારે ભાજપને માત્ર બેઠક મળતા



ઢેલીબેનને મોટો ફટકો પડયો છે ઢેલીબેન ૧૯૯૫થી કુતિયાણા નગરપાલિકાના પ્રમુખ હતા આમ તેમના એકચક્રી શાસનનો અંત આવેલ છે.

અહીં એ ઉલ્લેખનીય છે કે કુતિયાણા નગરપાલિકાની ચુંટણીમાં ભાજપ અને સમાજવાદી પાર્ટી વચ્ચે રસાકસી ભર્યો જંગ ખેલાયો હતો. મતદારોને રીઝવવા માટે બન્ને પક્ષાએ એડીચોટીનું જોર લગાવી દીધું હતું.



પાલિકાની ચૂંટણીની મતગણતરીનો આજે સવારના ૯ વાગ્યે શાંતિપૂર્ણ વાતાવરણમાં પ્રારંભ થતા જ પરિણામ અંગે ઉત્સુકતા છવાઈ જવા પામી હતી.

મત ગણતરી દરમિયાન સમાજવાદી પાર્ટીએ ૧૪ બેઠકો પર વિજય વાવટો ફરકાવી દીધો હતો. જયારે ભાજપને માત્ર ૧૦ બેઠકો મળવા પામી છે.

## ચલાલા પાલિકાની ચૂંટણીમાં પુનરાવર્તનઃ ભાજપનો વિજય

**(પ્રકાશ કારીયા)**
**ચલાલા તા.૧૮**

ચલાલા નગરપાલીકામાં મતદારોએ પરીવર્તન નદી પુનરાવર્તનનો જનાદેશ આપી, ભાજપની વિકાસ યાત્રા ફરી વખત જોડાઈ ચલાલા નગરપાલીકાના તમામ ભાજપના ઉમેદવારોને ભવ્ય વિજય અપાવ્યો છે.

ચલાલાના નગરજનોને ધારાસભ્ય જે.વી. કાકડીયાના હોમ ટાઉન ચલાલામાં ભાજપના તમામ ચોવીસેય ઉમેદવારને ભવ્ય વિજય અપાવી ધારાસભ્ય નેતાગીરીમાં સંપૂર્ણ વિશ્વાસ વ્યકત કર્યો છે.

વોર્ડ નં.૨ના ઉમેદવાર અને ગત ટર્મના નગરપાલીકાના ઉપપ્રમુખ

### ઉપપ્રમુખ જયરાજ વાળા સતત ત્રીજી વખત ચૂંટાયાઃ તમામ વોર્ડમાં ભાજપના ઉમેદવારોનો વિજયઃ વિજય સરઘસ નીકળ્યું

જયરાજભાઈ વાળા સતત ત્રણ વખત વિજેતા બની વિજયની હેટ્રીક લગાવી છે. વોર્ડ ૧થી ૬માં ભાજપના વિજય ઉમેદવારોમાં વોર્ડ નં.૧ નયનાબેન વનરાજભાઈ વાળા, રેણુકાબેન તેજસગીરી ગોસાઈ, મનસુખભાઈ નાથાભાઈ ગેડિયા, હિંમતભાઈ મનુભાઈ દોંગા, વોર્ડ નં.૨ મુકતાબેન કૌશિકભાઈ પરમાર, ભૂમીબેન જયરાજભાઈ વાળા, અવિરતભાઈ બિચ્છુભાઈ માલા, પરેશભાઈ મનસુખભાઈ કાથરોટીયા, વોર્ડ નં.૩ આરતીબેન ચોપરાજભાઈ ધાંધલ, જયાબેન મનસુખભાઈ કાથરોટિયા, હિતેશભાઈ જયંતીભાઈ રામાણી, પ્રવિણભાઈ બાવચંદભાઈ માલવિયા, વોર્ડ નં.૪ ચેતનાબેન અશોકભાઈ તલાટીયા, વનીતાબેન કાલિદાસ લશ્કરી, કેતનભાઈ મધુભાઈ સરવૈયા, ભરતભાઈ મધુભાઈ માલવિયા, વોર્ડ નં.૫ રમાબેન ચતુરભાઈ સુરેલા, ખેરૂનબેન તાજમહમદભાઈ બ્લોચ, દલસુખભાઈ ભીખાભાઈ ગોહિલ, શિવરાજભાઈ બીછુભાઈ વાળા, વોર્ડ નં.૬ શાંતાબેન લાલજીભાઈ રાઠોડ, જયશ્રીબેન ભરતભાઈ સોલંકી, અનુરૂધ્ધભાઈ દીલુભાઈ વાળા, હિતેશભાઈ ચંદુભાઈ રાજયગુરૂનો વિજય થતા વિજય સરઘસ કાઢી વિજયોત્સવ મનાવ્યો હતો.

## મહેમદાબાદમાં ભાજપની જીતમાં લોરેન્સ બિશ્નોઈના પોસ્ટર ફરકાવાતા વિવાદ

### પોસ્ટર ફરકાવનારની પોલીસે અટક કરી



મહેમદાબાદ,તા.૧૮

ખેડાના મહેમદાવાદ પાલિકાના ચૂંટણી પરિણામ બાદ ભાજપના ઉમેદવાદની જીતની ઉજવણી વિવાદમાં આવી છે. અહીં કુખ્યાત ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઇના પોસ્ટર સાથે સમર્થકો આવ્યા અને જીતની ઉજવણી કરી હતી. આ ઘટના મહેમદાવાદ સોનાવાલા હાઈસ્કૂલની હોવાનું જણાવાઈ રહ્યું છે.

મળતી માહિતી અનુસાર, મહેમદાવાદના ચૂંટણી પરિણામોમાં લોરેન્સ બિસ્નોઈના પોસ્ટર સાથે ઉજવણી કરવામાં આવી. ભારે પોલીસ બંદોબસ્ત વચ્ચે જીતેલા ઉમેદવારને વધાવવા લોરેન્સના પોસ્ટર ફરકાવ્યા. જીતની ઉજવણી કરતા ટોળામાં ભાજપના ખેસવાળા કાર્યકર પણ જોવા મળ્યાં હતા. જો કે પોસ્ટર ફરકાવનારની પોલીસે અટકાયત કરવામાં આવી છે, આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યો છે.

## સિહોર, તળાજા અને ગારીયાધાર પાલિકામાં ભાજપનો વિજય વાવટો

### ભાવનગર મ્યુ.કોર્પોની પેટા ચૂંટણીમાં પણ કમળ ખીલ્યુઃ વિજેતા ઉમેદવારોનું વિજય સરઘસ નિકળ્યું

(વિપુલ હિરાણી દ્વારા)
ભાવનગર,તા.૧૮

ભાવનગર જિલ્લાની ત્રણેય નગરપાલિકામાં ભાજપનો ભગવો લહેરાયો છે. સિહોર નગરપાલિકા ગારીયાધાર નગરપાલિકા અને તળાજા નગરપાલિકામાં ભાજપ એ સત્તા કબ્જે કરી છે. ભાવનગર નગરપાલિકાની એક બેઠકની પેટા ચૂંટણીમાં પણ ભાજપના ઉમેદવાર વિજય બન્યા છે.

સ્થાનિક સ્વરાજની ચૂંટણી માટે ભાવનગર જિલ્લાની ત્રણ નગરપાલિકાઓ તેમજ પેટા ચૂંટણી માટે વડવા બ વોર્ડ તથા પાંચ તાલુકા પંચાયતની મતગણતરી



હાથ ધરાઇ છે. જેમાં ભાવનગર મહાનગરપાલિકાના વોર્ડ નંબર ત્રણ વડવા બોડની મતગણતરી એમીનીટી બિલ્ડીંગ રૂમ નંબર. ૩૦૩ સરકારી ઇજનેરી કોલેજ વિદ્યાનગર ખાતે કરવામાં આવી હતી.

ગારીયાધાર નગરપાલિકાની કુલ ૨૮ બેઠકોમાં થી ભાજપના ૧૮ ઉમેદવારો વિજય બન્યા છે જયારે કોંગ્રેસના ૭ ઉમેદવારો વિજય બનતા ગારીયાધાર નગરપાલિકા ઉપર ફરી ભાજપ એક કબજો જમાવ્યો છે. વિજેતા ઉમેદવારોનું ભવ્ય વિજય સર્કસ નીકળ્યું હતું.

જ્યારે તળાજા નગરપાલિકા ની કુલ ૨૮ બેઠકો માટે ભાજપ એ ૧૭ બેઠકો ઉપર વિજય પ્રાપ્ત કર્યો છે જ્યારે કોંગ્રેસને ૧૧ બેઠક ઉપર વિજય પ્રાપ્ત થયો છે. સિહોર નગરપાલિકાની કુલ ૩૬ બેઠકોમાંથી ભાજપનો ૨૫ બેઠકો ઉપર વિજય થયો છે. જ્યારે કોંગ્રેસ ના ૧૦ ઉમેદવારો વિજય બન્યા છે .જ્યારે એક અપક્ષનો પણ વિજય થયો છે. આમ ભાવનગર જિલ્લાની ત્રણેય નગરપાલિકા માં ભાજપનો ભગવો લહેરાયો છે.

## રાજકોટના બજાર ભાવ

| તેલ (૧૫ કિલો) | ભાવ |
|---|---|
| સીંગતેલ તેલ (નવા ડબ્બા) | ૨૩૮૫-૨૪૩૫ |
| સીંગતેલ (જૂના ડબ્બા) | ૨૩૩૫-૨૩૮૫ |
| કપાસીયા તેલ (નવા ડબ્બા) | ૨૧૮૫-૨૨૩૫ |
| કપાસીયા તેલ (જૂના ડબ્બા) | ૨૧૩૫-૨૧૮૫ |
| પામોલીયન તેલ | ૨૨૦૦-૨૨૦૫ |
| મસ્ટર્ડ તેલ | ૨૧૫૦-૨૧૮૦ |
| સનફ્લાવર તેલ | ૨૧૪૦-૨૧૬૦ |
| મકાઇ તેલ | ૨૦૦૦-૨૦૨૦ |
| વનસ્પતિ ઘી | ૨૨૪૦-૨૨૭૦ |
| કોપરેલ | ૩૪૩૦-૩૪૭૦ |
| દિવેલ | ૨૨૨૦-૨૨૩૦ |



**સોનુ-ચાંદી**

| સોનુ (૧૦ ગ્રામ) |
|---|
| ૮૭૮૦૦(-૨૦૦) |

| ચાંદી |
|---|
| ૯૭૮૦૦(-૯૦૦) |

## સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણીમાં ભવ્ય વિજય બાદ હવે ફરી સરકાર પર સૌનું ધ્યાન કેન્દ્રીત

# કાલથી વિધાનસભાનું બજેટ સત્ર : ગુરૂવારે બજેટ પર સૌની નજર : રાહત મળશે !

### આવતીકાલે રાજયપાલના સંબોધન બાદ કડીના દિવંગત ધારાસભ્યના શોકમાં બેઠક મુલત્વી રહેશે : તા.૨૦ના રોજ નાણામંત્રી કનુભાઇ દેસાઇ બજેટમાં રીયલ એસ્ટેટ ક્ષેત્રને રાહત આપે તેવા સંકેત : જંત્રી ઈફેકટ જોવા મળશે

રાજકોટ, તા. ૧૮

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણીમાં ભાજપના વિજય બાદ આવતીકાલથી શરૂ થઇ રહેલી વિધાનસભાના સત્રમાં સરકાર વધુ તાકાતથી શાસનનો સંકલ્પ કરશે તથા તા.૨૦ના રોજ ગુજરાતના બજેટમાં હવે ખાસ કરીને રાજય સરકાર દ્વારા જે જંત્રી વધારા સહિતની હિલચાલ ચાલુ કરવામાં આવી છે તેમાં રીયલ એસ્ટેટ ક્ષેત્રને રજીસ્ટ્રેશન ફીમાં કેટલી રાહત આપશે તેના પર નજર છે. જોકે આવતીકાલે વિધાનસભાનું સત્રમાં કડીના ધારાસભ્યના નિધન સાથે તેમને શ્રધ્ધાંજલી આપીને ગૃહની બેઠક મુલત્વી રહેશે. જોકે આ પૂર્વે રાજયપાલ આચાર્ય દેવવ્રત વિધાનસભાને સંબોધીત કરશે અને તેમાં સરકારના આગામી સમયના કાર્યક્રમોની પણ રૂપરેખા રજુ કરશે. વિધાનસભામાં ભાજપને ૧૬૧ બેઠકો થઇ હતી પરંતુ કડીના ધારાસભ્યના નિધનથી ફરી ૧૬૦ બેઠકો ભાજપ સાથે હશે. જોકે અગાઉ જ વિસાવદરની ચૂંટણી મુલત્વી રહી હોવાથી વિધાનસભા ખંડિત જ રહેશે. નાણામંત્રી કનુભાઇ દેસાઇ તેમનું




ત્રીજુ બજેટ રજૂ કરશે અને તેમાં હવે ખાસ કરીને સરકાર કોઇ રાહત આપે છે કે કેમ તેના પર નજર છે. વિધાનસભાના આ સત્રમાં સરકાર દ્વારા અનેક મહત્વના વિધેયકો પણ રજૂ થનાર છે. કાલથી શરૂ થનારા બજેટ સત્ર પૂર્વે સચિવાલય અને ગાંધીનગરમાં કિલ્લેબંધી જેવી સ્થિતિ કરવામાં આવી છે. ખાસ કરીને સત્ર દરમ્યાન અનેક સંગઠનો પોતાની માંગણી સાથે ગાંધીનગર કૂચ કરે તેવા સંકેત છે અને તેથી જ સમગ્ર પાટનગરમાં ૬ ડીવાયએસપી, ૧૦ પોલીસ ઇન્સ્પેકટર, ૩૫ સબ ઇન્સ્પેકટર, ૬૬૦ જવાનોને સ્ટેન્ડ ટુ રાખી દેવાયા છે. તેમજ રાજયની અનામત પોલીસ દળની ટુકડીઓ ગાંધીનગર નજીક કરાઇ એકેડેમી ખાતે રાખવામાં આવી છે. ગુજરાતમાં લાંબા સમયથી જે રીતે મંત્રી મંડળની વિસ્તરણની ચર્ચા છે. પરંતુ હવે તે વિધાનસભા સત્ર બાદ જ યોજવામાં આવે તેવી ધારણા છે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના નેતૃત્વની સરકાર દ્વારા હવે ગુજરાતને જે રીતે દેશના શ્રેષ્ઠ વિકસીત રાજયો બનાવવા માટેનો જે સંકલ્પ લેવાયો છે તેથી બજેટમાં તેનો કેટલો પ્રભાવ જોવા મળે છે તેના પર સૌની નજર છે.

# શેરબજારમાં માહોલ ખરાબઃ હવે પ્રાયમરી માર્કેટ પણ કસોટીના તબકકેઃ પરેશ વાઘાણી

### માર્કેટમાં સારા કારણોની અવગણના, સેન્ટીમેન્ટ ખરડાયેલુ છે

રાજકોટ તા.૧૮

છેલ્લા ઘણા ટ્રેડિંગ સેશનથી શેર બજારમાં સતત ઘટાડો જોવા મળી રહ્યો છે. શેર બજાર સારા કારણોને પણ અવગણીને તુટતુ જાય છે. કારણ કે,પહેલેથી જ શેર બજાર ઓવર હીટેડ હતું,ઘણું વધેલું હતું.ત્યાર પછી એફ.આઈ.આઈ ની વેચવાલી આવતા બજાર તૂટ્યું.રૂપિયાના અવમૂલ્યન ની પણ બજાર પર નેગેટીવ અસર પડી. અધુરૂં માં પૂરું એમ કહીએ તો ચાલે કે કંપનીઓના પરિણામો પણ નબળા આવ્યા હતા.

આ બધાના વચ્ચે સારા કારણો પણ આવ્યા પરંતુ મંદી વાળાઓ બજાર પર હાવી છે અને બજારને સુધારવા દેતા નથી. થોડુંક બજાર ચાલે અને શેરોના ભાવ વધે એટલે મંદીવાળા વેચવા આવી જાય છે. મુખ્ય કારણ ઘટવાનું એ પણ છે કે શોર્ટ ટર્મ-લોંગ ટર્મ ટેકસમાં જે રીતે વધારો કરવામાં આવ્યો છે તે પણ બજાર માટે ઘાતક સાબિત થયો છે.



આવી પરિસ્થિતિમાં જો સ્થાનિક નાણાકીય સંસ્થાઓની ખરીદી અટકશે તો બજારની હાલત વધારે ખરાબ થશે.જો મ્યુચ્યુઅલ ફંડના રીડમ્પશન શરૂ થશે કે પછી એસ.આઈ.પી સ્ટોપ કરવામાં આવશે તો પણ પરિસ્થિતિ બગડશે.નાના રોકાણકારોમાં ડરનો માહોલ છે એટલે આવનારા દિવસોમાં એસ.આઈ.પી સ્ટોપ થવાના કિસ્સા વધશે.આવી પરિસ્થિતિમાં સ્થાનિક નાણાકીય સંસ્થાઓ મ્યુચ્યુઅલ ફંડો ની લેવાલી અટકતા બજાર વધુ તૂટશે.

શેરબજારના નિષ્ણાંત પરેશભાઈ વાઘાણી ના જણાવ્યાનુસાર શેર બજારમાં હાલમાં માહોલ ખરાબ છે. શેર બજાર સારા કારણોને પણ અવગણી રહ્યું છે. બજારનું સેન્ટીમેન્ટ ખરડાયેલું છે. રોકાણકારો માં ડરનો માહોલ છે. આવનારા દિવસોમાં એફ.આઇ.આઇ ની વેચવાલી અટકે, રૂપિયાનું અમૂલ્યન ન થાય અને કંપનીઓના પરિણામો સુધરશે. ત્યાર પછી શેરબજારમાં સુધારો જોવા મળશે.

માર્કેટમાં જોવા જઈએ તો ઊંચા પ્રીમિયમ થી પ્રમોટરો આઇ.પી.ઓ લાવી રહ્યા હતા એટલે તે પ્રાઇમરી માર્કેટની તેજીનો પરપોટો ફૂટી ગયો છે.આઇ.પી.ઓ વ્યાજબી પ્રીમિયમ થી જો આવશે તો જ ચાલશે. અન્યથા હવે સબસ્ક્રીપ્સન પણ મળવા મુશ્કેલ છે. આઇ.પી.ઓ પૂરા ભરાવવા પણ મુશ્કેલ થતું જાય છે.છેલ્લા અમુક આઈ.પી.ઓ માં તો રિટેલ ભરણા ખૂબ જ ઓછા થયા છે અને રિટેલ તેમજ એચ.એન.આઇ ક્વોટા ખાલી ગયો છે.પ્રમોટરો એ ક્યુ.આઈ.બી ક્વોટા ભરાવડાવી આઇ.પી.ઓ પાસ કર્યા છે,જે ખૂબ જ ખરાબ હાલત ની નિશાની છે.નજીકના દિવસોમાં પ્રમોટરો આઇ.પી.ઓ લાવતા પણ ડરશે અને જો વ્યાજબી ભાવથી આઇ.પી.ઓ લાવશે તો જ સકસેસ જશે અને તો જ પ્રાઇમરી માર્કેટ ચાલશે.આશરે ૧૨૫ જેટલા આઇ.પી.ઓ પાઈપ લાઇન માં છે જેની કુલ વેલ્યુએશન આશરે ૫૦ હજાર કરોડ થી વધારે છે

# શેરબજારમાં સતત બીજા દિવસે અફડાતફડીઃ કરન્સી માર્કેટમાં રૂપિયો ફરી ૮૭ની નજીક

### હેવીવેઈટ શેરોમાં પ્રારંભીક ગાબડા બાદ રિકવરી



રાજકોટ તા.૧૮

મુંબઈ શેરબજારમાં આજે સતત બીજા દિવસે અફડાતફડીના માહોલ વચ્ચે પ્રારંભીક ધડાકા બાદ રિકવરી આવી ગઈ હતી. સેન્સેકસમાં મામુલી સુધારો હતો.

શેરબજારમાં આજે શરૂઆત નબળા ટોને થઈ હતી. આક્રમક વેચવાલીનો મારો હતો. અમેરિકાનું ટ્રેડવોર તથા યુક્રેન-રશિયા યુદ્ધનો અંત આવવાના કોઈ એંધાણ ન રહેતા માનસ ખરડાયેલુ હતુ. કોઈ સારા કારણો ઉભા થતા ન હોવાથી ખચકાટ પ્રવર્તતો હતો. જાણીતા શેરબ્રોકરોના કહેવા પ્રમાણે માર્કેટમાં માહોલ અનિશ્ચિત છે અને ટુંકાગાળામાં એક તરફી ચાલ શરૂ થવાના કોઈ સંકેત રહ્યા નથી.

શેરબજારમાં આજે હેવીવેઈટ શેરોમાં મીશ્ર ટોન જોવા મળ્યો હતો. એનટીપીસી, ટેક મહીન્દ્ર, વીપ્રો, પાવરગ્રીડ, ઈન્ફોસીસ, કોટક બેંક, ઝોમેટો, અદાણી પોર્ટ, બજાજ ફાઈનાન્સ, એચડીએફસી બેંક જેવા શેરોમાં સુધારો હતો. જયારે ઈન્ડુસઈન્ડ બેંક, મહીન્દ્ર, ટાટા મોટર્સ, ટીસીએસ, ટાઈટન, અલ્ટ્રાટેક સિમેન્ટ, ભારતી એરટેલ, હિન્દ લીવર, આઈસીઆઈસીઆઈ બેંક જેવા શેરોમાં ઘટાડો હતો.

મુંબઈ શેરબજારનો સેન્સીટીવ ઈન્ડેક્સ ૩ પોઈન્ટના સુધારાથી ૭૫૯૯૨ હતો તે ઉંચામાં ૭૬૦૭૧ તથા નીચામાં ૭૫૫૩૧ હતો. નેશનલ સ્ટોક એકસચેંજનો નિફટી ૧૨ પોઈન્ટ વધીને ૨૨૯૪૭ હતો તે ઉંચામાં ૨૨૯૯૨ તથા નીચામાં ૨૨૮૦૧ હતો. બીજી તરફ ચલણબજારમાં અમેરિકી ડોલર સામે ભારતીય રૂપિયો ફરી ઘસારાના માર્ગે હતો અને ફરી ૮૦ની નજીક આવી ગયો હતો જે ૮ પૈસા ઘટીને ૮૬.૯૭ સાંપડયો હતો.

## દિલ્હીમાં મુખ્યમંત્રીની શપથવિધિનું મુહૂર્ત બદલ્યું, હવે તા.૨૦મીએ સવારે ૧૧-૩૦ વાગ્યે

નવીદિલ્હી ખાતે ભાજપ દ્વારા મુખ્યમંત્રીની શપથ વિધિ તા.૨૦મીએ બપોરે ૪-૩૦ વાગ્યે થવાની હતી હવે તેના સમયમાં ફેરફાર થતા સવારે ૧૧-૩૦ વાગ્યે શપથવિધિ સમારોહ યોજાશે.

# સુરતના માંગરોળમાં પ્રેમી યુગલ ગળા કપાયેલી હાલતમાં મળી આવતા ખળભળાટઃ પ્રેમિકાનું મોત

### પ્રેમી યુગલે આત્મહત્યાનો પ્રયાસ કર્યાની પોલીસને આશંકાઃ બંન્ને એકબીજા સાથે લગ્ન કરવા માગતા હતા પણ યુવતીના પિતાને લગ્ન મંજૂર નહોતાઃ પોલીસે હત્યાની પણ શંકા વ્યકત કરી

સુરત,તા.૧૮

સુરત જિલ્લાના માંગરોળ તાલુકાના વાંકલ નજીકથી પ્રેમીયુગલ ગળા કપાયેલી હાલતમાં મળી આવ્યા બાદ યુવતીનું મોત નિપજ્યું છે. જ્યારે યુવકને ગંભીર હાલતમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો છે. યુવકના ગળા પર ગંભીર ઘા થયો હોવાના કારણે તે હાલ બોલી પણ શકતો નથી.

પોલીસે હત્યાની આશંકા વ્યકત કરી આ સમગ્ર ઘટનાની તપાસ હાલ માંગરોળ પોલીસ દ્વારા કરવામાં આવી રહી છે. ઘટનાસ્થળેથી જે ચપ્પુ મળ્યું છે તે વળી ગયું છે. જેથી પોલીસે આશંકા વ્યક્ત કરી છે કે, કદાચ સુરેશે તેજસ્વીની હત્યા કરી હોય શકે. કારણ કે, તેજસ્વીના મૃતદેહની તપાસ કરતા, તેના ગળાના ભાગે હોલ હોવાનું પણ દેખાઈ આવ્યું છે. તેજસ્વી ગુજરાતી ભાષામાં ગ્રેજ્યુએશન કરી રહી છે અને બીજા વર્ષમાં અભ્યાસ કરે છે. ચપ્પુની સ્થિતિ જોતા, પોલીસે હત્યાની આશંકા વ્યક્ત કરી છે.





યુવકે મોબાઇલમાં ટાઇપ કરીને પરિવારના નંબર આપ્યા સુરેશ બોલી શકતો ન હોવાથી મોબાઇલમાં ટાઇપ કરીને પરિવારના નંબર આપ્યા, પોલીસે પૂછતાં ઈશારામાં જણાવ્યું કે પહેલા યુવતીએ પોતાનું ગળું કાપ્યું, પછી પોતે પોતાનું ગળું કાપ્યું. પોલીસે પરિવારનો સંપર્ક કરી સુરત સિવિલ હોસ્પિટલ બોલાવ્યા હતા. આ કેસમાં વધુમાં જાણવા મળતી વિગત અનુસાર તેજસ્વીને તેના પિતાએ સુરેશ સાથે લગ્ન કરવાની ના પાડી દીધી હતી યુવતી તેજસ્વીનું મોત નિપજ્યું છે. હાલ પોલીસ તપાસમાં પ્રાથમિક રીતે જાણવા મળ્યું છે કે સુરેશ જોગી અને તેજસ્વી શાળા સમયથી એકબીજાને ઓળખતા હતા. સુરેશ મજૂરીનું કામ કરે છે, જ્યારે તેજસ્વી કોલેજમાં ભણતી હતી. બંને એકબીજાને લગ્ન કરવા માંગતા હતા, પરંતુ હાલ પોલીસની પ્રાથમિક તપાસમાં આ પણ જાણવા મળ્યું છે કે તેજસ્વીના પિતા તેમના સંબંધથી ખુશ નહોતા અને તેઓએ તેજસ્વીને સુરેશ સાથે લગ્ન કરવાની ના પાડી દીધી હતી. તેજસ્વીના પિતા સાથે પણ હાલ પોલીસ પૂછપરછ કરી રહી છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ઘટના બન્યા પહેલા બંનેના મોબાઈલ પર વાત થયેલી હતી. બંને એકબીજાને વાંકલ ખાતે મળવા આવ્યા હતા અને સાથે બેઠા હતા. તેમના વચ્ચે શું બન્યું, કોઈ અણબનાવ હતો કે નહીં, તમામ વિગતો પોલીસે એકત્ર કરી રહી છે. આ ઘટના બાદ પોલીસ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી હતી. પોલીસને ત્યાં એક ચપ્પુ અને બ્લેડ મળ્યા. સુરેશના માતાપિતાએ કહ્યું- 'શું થયું તે અમને ખબર નથી' સુરેશની માતા મીનાબેનએ જણાવ્યું હતું કે, ''શું ઘટના બની છે, તે અંગે મને કંઈ ખબર નથી. અત્યાર સુધી મેં તેનું મોં પણ જોયું નથી. મારો છોકરો મજૂરી કામ કરે છે.'' સુરેશના પિતા કાલિદાસે જણાવ્યું હતું કે, ''મારો છોકરો ઘરે હતો. ઘરેથી બાઈક લઈને નીકળ્યો પછી શું થયું એ અંગે અમને જાણ નથી. આ ઘટના કેવી રીતે બની, તે મને ખબર નથી. હું મજૂરી કરીને જીવન ગુજરાન ચલાવું છું.

# 'રામ રાખે તેને કોણ ચાખે': જામનગરમાં આત્મહત્યા કરવા બે-બે વાર તળાવમાં કૂદી, તો પણ જીવ બચી ગયો...

'રામ રાખે તેને કોણ ચાખે' તે વાત આજે જામનગરમાં પુરવાર થઈ છે. બે-બે વખત આત્મહત્યા કરવા માટે તળાવમાં જંપલાવી દેનાર યુવતીને આખરે બચાવી લેવાઇ છે. ખોજાનાકા વિસ્તારમાં રહેતી રેશમાબેન સબીરભાઈ નામની ૩૫ વર્ષની યુવતી આજે સવારે ૯ વાગ્યાને ૫૦ મિનિટે લાખોટા તળાવના આઠ નંબરના ગેઇટમાંથી પ્રવેશી હતી, અને કોઈ સમજે તે પહેલાં જ તળાવના પાણીમાં ઝંપલાવી દીધું હતું.

જે અંગેની જાણકારી મળતાં સૌપ્રથમ આઠ નંબરના ગેઇટ પર ટિકિટ બારી સંભાળતા દિવ્યાબેન નંદા કે જેઓને તરતાં આવડતું હોવાથી તેઓએ તુરત જ તળાવના પાણીમાં છલાંગ લગાવી દીધી હતી. ક્ષણભરનો વિચાર કર્યા વિના રેશમાબેનને બચાવી લઇને કાંઠે લઈ આવ્યા હતા. યુવતી સાથે વાતચીત કરીને સમજાવી રહ્યા હતા.





જે દરમિયાન ત્યાં હાજર કોઇ વ્યક્તિએ ફાયર બ્રિગેડને ફોન કર્યો હોવાથી ફાયરની ટુકડી પણ ઘટના સ્થળે દોડી આવી હતી. જેને જોઈને રેશમાબેને ફરીથી છટકી જઈ તળાવમાં ઝંપલાવી દીધું હતું. આથી ફાયર બ્રિગેડની ટીમ તરત જ તળાવમાં કૂદી પડી હતી, અને રેશમાબેનને બીજીવાર બચાવી લઈ સહી સલામત રીતે બહાર કાઢી લીધા હતા.

ત્યારબાદ સીટી એ. ડિવિઝન પોલીસને જાણ કરીને તેઓને હવાલે કરી દીધા હતા. રેશમાબેનને આત્મહત્યાના કારણ અંગે ફાયર બ્રિગેડ તેમજ મહાનગરપાલિકાની ટીમે અનેક પ્રશ્નો કર્યા હતા, પરંતુ તેઓએ આત્મહત્યા કરવા પાછળનું કારણ જણાવ્યું ન હતું.

જો કે સમગ્ર મામલે પોલીસ આગળની તપાસ ચલાવી રહી છે અને મહિલાને પ્રાથમિક સારવાર સહિતની કાર્યવાહી આગળ ચલાવાઇ રહી છે. આજે મહાનગરપાલિકાની ટિકિટ કેસ કાઉન્ટરની એક મહિલા કર્મચારી તેમજ ફાયર બ્રિગેડની ટુકડીની સમય સૂચકતાને લીધે એક માનવ જિંદગી બચી ગઈ છે.

# તમામ હોસ્પિટલોની સીસીટીવી ગુપ્તતા જળવાઈ રહે તે જોવા આદેશ

રાજકોટ તા.૧૮

રાજકોટની પાયલ હોસ્પિટલમાં મહિલા દર્દીઓના ચેકઅપના વિડીયો સોશ્યલ મીડીયામાં વાયરલ થતાજ રાજ્યભરમાં આઘાતનું એક મોજુ ફરી વળ્યુ છે. ખાસ કરીને મહિલાઓની જે સન્માનીય સ્થિતિ હોસ્પિટલોમાં જાળવવી જોઈએ તેના બદલે તેમની તપાસના વિડીયો જાહેર થતા જ રાજયનું આરોગ્ય વિભાગ એકશનમાં આવી ગયુ છે. આરોગ્યમંત્રી શ્રી ઋષિકેશ પટેલે ગઈકાલે રાત્રે જ તેમના વિભાગના ઉચ્ચ અધિકારીઓ સાથે તાકીદની ચર્ચા કરી હતી જેમાં ગૃહ રાજ્યમંત્રી હર્ષસંઘવી પણ જોડાયા હતા અને તમામ જીલ્લા આરોગ્ય અધિકારીઓને ખાનગી તેમજ સરકારી હોસ્પિટલોમાં આ પ્રકારે સીસીટીવીની ગોપનીયતાનો ભંગ ન થાય તે જોવા માટે તાકીદ કરી હતી. આ ઉપરાંત સીસીટીવીના રેકોર્ડીંગ છે તે પણ જવાબદાર વ્યક્તિ જ સંભાળે તે નિશ્ચિત કરવા જણાવ્યું છે જેથી આ પ્રકારની સ્થિતિ ટાળી શકાય. રાજકોટના રૈયા સર્કલ નજીક આવેલ પાયલ મેટરનીટી હોસ્પિટલના જે સીસીટીવી ફુટેજ લીક થયા છે તેમાં પણ જવાબદારી નિશ્ચિત કરવા રાજ્ય પોલીસને જણાવાયુ છે અને આગામી એક કે બે દિવસમાં આ અંગે પગલા લેવાશે જેમાં અમદાવાદ સાયબર ક્રાઈમ બ્રાંચે સોશ્યલ મીડીયા ચેનલ સામે ફરિયાદ નોંધી છે અને હવે કેમેરા હેક થયા તે મુદ્દે ઈન્સ્ટોલેશન કરનારની પણ તપાસ શરુ કરવામાં આવી છે.

# જેતપુરમાં ભાજપનો વિજય થતા જયેશ રાદડીયાએ રૂપિયાનો વરસાદ કર્યો

જેતપુર નગરપાલિકામાં પ્રારંભથી જ મેન્ડેટનો જે વિવાદ સર્જાયો હતો તેના કારણે ધારાસભ્ય જયેશ રાદડીયા ચર્ચાના કેન્દ્રમાં આવી ગયા હતા અને નગરપાલિકાની ચૂંટણીમાં યુવા ભાજપના પ્રમુખ પ્રશાંત કોરાટ અને તેમના વચ્ચે જે વિખવાદ છે તે પણ બહાર આવી ગયો હતો. પરંતુ આજે ચૂંટણીમાં ભાજપનો ભવ્ય વિજય થયો છે. અને જેતપુર નગરપાલિકા ઉપર ફરી ભાજપ શાસન કરશે તે સમયે વિજય સરઘસમાં પૂર્વ કેબીનેટ મંત્રી અને ધારાસભ્ય જયેશ રાદડીયા, સુરેશ સખરેલીયાએ રૂપિયાનો વરસાદ ઢોલીઓ પર કરીને પોતાનો આનંદ વ્યકત કર્યો હતો. રાદડીયાને ભાજપના ટેકેદારો ઉંચકી લેતા હતા અને તે તથા સખરેલીયા બંને ખિસ્સામાંથી ચલણી નોટ કાઢીને વરસાદ વરસાવતા હતા.



## આવા વ્યકિતનો કેસ અમે કેમ સાંભળીએ, એમના મગજમાં ગંદકી ભરી છેઃ સુપ્રીમ

# ઈલાહાબાદિયાને સુપ્રીમે ફટકાર લગાવી, ધરપકડથી રાહત પણ આપી

નવીદિલ્હી તા.૧૮

યુ ટયુબર રણવીર ઈલાહાબાદિયા દ્વારા સમય રૈનાના શો 'ઈન્ડિયાઝ ગોટ લેટેન્ટ'માં પેરેન્ટસને લઈને બીભત્સ કોમેન્ટને લઈને સુપ્રીમ કોર્ટે જોરદાર ફટકાર લગાવી છે. સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે તમારા મગજમાં ગંદકી ભરી છે. જોકે સુપ્રીમ કોર્ટે ઈલાહાબાદિયા સામે નોંધાયેલી એફઆઈઆરના સંબંધમાં તેમની ધરપકડ પર વચગાળાની રાહત આપી છે તેની ધરપકડ પર રોક લગાવી દીધી છે અને તપાસમાં સહયોગ આપવાનો આદેશ કર્યો છે.

રણવીર ઈલાહાબાદિયાએ શોમાં આપેલા બીભત્સ નિવેદન પર નારાજગી જાહેર કરી હતી. કોર્ટે રણવીર પર ફટકાર લગાવતા કહ્યું હતું કે તેમના મગજમાં ગંદકી ભરી છે. આવી વ્યકિતનો કેસ અમે શા માટે સાંભળીએ?

સુપ્રીમ કોર્ટે બેબાકીથી કહ્યું હતું કે પોપ્યુલર થવાને મતલબ એ નથી કે આપ કંઈપણ ટિપ્પણી કરો. તમે માતા-



પિતાની બેઈજજતી કરી રહ્યા છે. એવું લાગે છે કે તમારા મગજમાં જ ગંદકી ભરી છે. સુપ્રીમે ઈલાહાબાદિયાને કહ્યું હતું કે તમે જે વિકૃત માનસિકતાનું પ્રદર્શન કર્યુ છે એથી આખો સમાજ શરમમાં મુકાઈ ગયો છે.

કોર્ટે રણવીર ઈલાહાબાદિયાને આદેશ આપ્યો છે કે તે મંજૂરી વિના દેશની બહાર નહીં જઈ શકે. સુપ્રીમે યુ ટયુબરને તેનો પાસપોર્ટ પોલીસ સ્ટેશનમાં જમા કરાવવાનો આદેશ આપ્યો છે.

જોકે કોર્ટે રણવીર ઈલાહાબાદિયા સામે નોંધાયેલ અનેક એફઆઈઆરના સંદર્ભમાં ધરપકડ પર વચગાળાની સુરક્ષા આપી છે. આટલું જ નહીં પણ કોર્ટે એફઆઈઆરને એક સાથે જોડવાની તેની અરજી પણ ધ્યાને લીધી હતી અને નોટિસ પણ જાહેર કરી હતી તેમજ મહારાષ્ટ્ર, આસામ અને જયપુરમાં નોંધાયેલ એફઆઈઆર પર ધરપકડ પર વચગાળાની રોક લગાવી દીધી છે અને રણવીર ઈલાહાબાદિયાને તપાસમાં સહયોગ આપવાનો આદેશ પણ આપ્યો છે.

## યુ ટયુબર અલાહાબાદિયાને મુંબઈ પોલીસનું સતત ત્રીજુ સમન

મુંબઈ: યુ-ટયુબર રણવીર ઈલાહાબાદિયાને સુપ્રીમ કોર્ટે આજે ફટકાર લગાવી હતી. સાથે સાથે ધરપકડથી રાહત પણ આપી છે ત્યારે મુંબઈ પોલીસે ઈલાહાબાદિયાને આજે સતત ત્રીજું સમન મોકલ્યું છે. ઈલાહાબાદિયાની 'ઈન્ડિયા ગોટ લેટેન્ટ શો'માં ભદ્દી કોમેન્ટને લઈને દેશભરમાં તેની ટિકા થઈ રહી છે તેની સામે મહારાષ્ટ્ર, આસામ અને જયપુરમાં એફઆઈઆર દાખલ થઈ છે. જયારે આ મામલે મુંબઈ પોલીસે રણવીર ઈલાહાબાદિયાને મુંબઈ પોલીસે સતત ત્રીજુ સમન મોકલ્યાના અહેવાલો છે.

# અમેરિકામાં ટ્રમ્પ અને મસ્ક સામે વિરોધ પ્રદર્શન શરૂ

### ઘણાં રાજયોમાં હજારો લોકોએ કાતિલ ઠંડીમાં 'નો કિંગ ઓન પ્રેસિડેન્ટ ડે' ના નારા લગાવ્યાં

વોશિંગ્ટન : અમેરિકામાં રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને એલોન મસ્કનો વિરોધ તીવ્ર બન્યો છે. સોમવારે, યુ.એસ.માં લોકોએ કાતિલ ઠંડી વચ્ચે ટ્રમ્પ અને મસ્કની નીતિઓ સામે વિરોધ કર્યો હતો. લોકોએ 'નો કિંગ ઓન પ્રેસિડેન્ટ ડે' ના નારા લગાવ્યાં હતાં. આ સમય દરમિયાન, ટ્રમ્પનાં ઇમિગ્રેશન એન્ફોર્સમેન્ટ બિલના વિરોધમાં લોકોએ એરિઝોના સ્ટેટ હાઉસમાં પ્રવેશવાનો પ્રયાસ કર્યો હતો. ફ્લોરિડા અને કેલિફોર્નિયામાં પણ લોકોએ વિરોધ કર્યો હતો.

અમેરિકાનાં નવાં રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને ટેસ્લાના સીઈઓ એલોન મસ્ક વિરુદ્ધ સતત પ્રદર્શનો થઈ રહ્યાં છે. એરિઝોના, ફ્લોરિડા અને કેલિફોર્નિયા સિવાય, લોકો બોસ્ટનમાં પણ રસ્તા પર આવી ગયાં હતાં. અહીં લગભગ એક હજાર લોકોએ સ્ટેટહાઉસથી સિટી હોલ સુધી બરફમાં કૂચ કરી હતી. તેણે એલોન મસ્કને હટવું જોશેના સૂત્રોચ્ચાર કર્યા હતાં. વિરોધીઓએ ક્રાંતિકારીઓ જેવા કપડાં પહેર્યા હતાં અને તેમનાં હાથમાં બોર્ડ હતાં, જેનાં પર તે લખ્યું હતું કે આ એક બળવો છે ડરપોક ટ્રમ્પની સામે ઝુકે છે જયારે દેશભક્તો તેની સો ઉભાં છે. ૫૫ વર્ષીય ઇજનેર એમિલીએ કહ્યું કે રાષ્ટ્રપતિના દિવસે અહીં આવવું એ બતાવવા માટે મહત્વપૂર્ણ છે કે યુ.એસ.શું છે. અમેરિકા સમૃદ્ધ વર્ગ અથવા સમૃદ્ધ લોકો માટે જ નથી.

આ સિવાય રાજ્યની રાજધાનીઓમાં ટ્રમ્પ વિરુદ્ધ દેખાવો કરવામાં આવ્યાં હતાં, વોશિંગ્ટન ડીસી, ઓરર્લેન્ડો અને સિએટલ સહિતનાં મોટા શહેરોમાં પણ વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યાં હતાં. રાષ્ટ્રીય રાજધાનીમાં સેંકડો લોકોએ આ રેલીમાં ભાગ લીધો હતો. અહીંનાં એક પોસ્ટર પર લખ્યું હતું કે તે મસ્કને દૂર કરો, ટ્રમ્પને સિંહાસન પરથી હટાવો.

લોકો કાતિલ ઠંડીમાં રાષ્ટ્રપતિ ટ્રમ્પનો વિરોધ કરવા બહાર આવ્યાં હતાં. ઘણાં શહેરોમાં જ્યાં તાપમાન શૂન્યથી નીચે હતું તો પણ લોકોએ વિરોધ પ્રદર્શન કર્યું હતું. ફોનિક્સમાં, સેંકડો વિરોધીઓ કેપિટલ હાઉસની સામે એકઠાં થયાં અને નો કિંગ ઓન પ્રેસિડેન્ટ ડે લખાયેલાં પોસ્ટર સાથે નારા લગાવ્યાં હતાં. કેટલાક વિરોધીઓએ અંદર જવાનો પ્રયાસ કર્યો, પરંતુ સુરક્ષા કર્મચારીઓએ તેમને અટકાવ્યા હતાં.

# બેંક ઓફ ઈન્ડિયાના એમ.ડી.રજનીશ કર્ણાટક રાજકોટની મુલાકાતે

## તમામ સ્ટાફ સભ્યો સાથે ટાઉન હોલમાં મીટીંગ યોજાઈ: માર્ચ ૨૦૨૫ સુધીમાં ગુજરાતમાં વધુ નવશાખા ખોલાશે




રાજકોટ,તા.૧૮

બેંક ઓફ ઈન્ડિયાના MD CEO રજનીશ કર્ણાટક એક દિવસનીરાજકોટ ઝોનની મુલાકાતે પધાર્યા હતા.બેંક ઓફ ઈન્ડિયા મુંબઈ સ્થિત એક મોટી જાહેર ક્ષેત્રની બેંક છે, જેનો ડિસેમ્બર ૨૦૨૪ સુધીમાં કુલ ૧૪.૪૬ લાખ કરોડ રૂપિયાનો વ્યવસાય છે, જેમાં ૫૨૦૦ થી વધુ શાખાઓ અને ૫૧,૦૦૦ થી વધુ સ્ટાફ છે. બેંક ૧૫ દેશોમાં હાજરી ધરાવે છે. બેંકનો નવ મહિનાનો નફો રૂ. ૬,૫૦૦ કરોડથી વધુ હતો.

ગુજરાત રાજ્યમાં બેંકની ૩૯૨ શાખાઓ છે જેનો કુલ વ્યવસાય રૂ. ૯૦,૦૦૦ કરોડથી વધુ છે જેમાં રૂ. ૬૦,૦૦૦ કરોડથી વધુની થાપણો અને રૂ. ૨૮,૦૦૦ કરોડથી વધુની એડવાન્સિસનો સમાવેશ થાય છે. આ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં, બેંકે ગુજરાતમાં ૬ શાખાઓ ખોલી છે અને માર્ચ ૨૦૨૫ સુધીમાં ૯ વધુ શાખાઓ ખોલવામાં આવશે.

BOI ગુજરાતમાં પાંચ ઝોનલ ઓફિસો ધરાવે છે - અમદાવાદ, ગાંધીનગર, રાજકોટ, સુરત અને વડોદરા. રાજકોટ ઝોનનું નેતૃત્વ શ્રી મધુકર કરે છે. અને ઇન્ચાર્જ ફિલ્ડ જનરલ મેનેજર (FGM) અજેય ઠાકુર છે, જેઓ અમદાવાદ સ્થિત છે.

આ મુલાકાતનો ઉદ્દેશ્ય અમારી શાખાઓ અને પ્રોસેસિંગ સેન્ટરોની વ્યાપક કામગીરી સમીક્ષા કરવાનો હતો, જે કાર્યકારી શ્રેષ્ઠતા અને ગ્રાહક સેવા પ્રત્યેની અમારી પ્રતિબદ્ધતાને મજબૂત બનાવે છે.

મુલાકાત દરમિયાન, એમડી સીઈઓએ વિવિધ સંસ્થાઓ, એસોસિએશન અને ચેમ્બર ઓફ કોમર્સ સાથે વાતચીત કરી. તેમણે સૌરાષ્ટ્રના ટોચના ઉદ્યોગપતિઓ અને ઉદ્યોગસાહસિકો સાથે પણ બેઠક કરી. એમડી અને સીઈઓએ બેંકોના ટોચના થાપણદારો અને એચએનઆઈ ગ્રાહકોને પણ મળ્યા.

તમામ સ્ટાફ સભ્યો સાથે ટાઉન હોલ મીટિંગ યોજાઈ હતી, જેમાં નેતૃત્વ અને કર્મચારીઓ વચ્ચે ખુલ્લા સંવાદને પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું. આ સત્રમાં સ્ટાફને તેમની સમજ અને સૂચનો શેર કરવા પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા, જેનાથી સંસ્થામાં સમાવેશકતા અને સહયોગની સંસ્કૃતિને પ્રોત્સાહન મળ્યું હતું. એમડી સીઈઓએ બેંકની સફળતાને આગળ ધપાવવામાં ટીમવર્ક અને નવીનતાના મહત્વ પર ભાર મૂક્યો હતો.

આ મુલાકાત એક પ્રેસ કોન્ફરન્સ સાથે પૂર્ણ થઈ, જ્યાં એમડી સીઈઓએ મીડિયા પ્રતિનિધિઓ અને સ્ટાફ સભ્યોના પ્રશ્નોના જવાબ આપ્યા. આ ઈન્ટરેક્ટિવ સત્રમાં બેંકની વ્યૂહાત્મક દિશા અને ચાલુ પહેલ વિશે મૂલ્યવાન સમજ આપવામાં આવી.

# ૨૧મીએ ભાવનગરમાં ડીજીપીની ક્રાઈમ કોન્ફરન્સ

## અગાઉ ગાંધીનગર કે અમદાવાદમાં જ ક્રાઈમ કોન્ફરન્સ મળતી, રાજ્ય પોલીસ વડા વિકાસ સહાયે નવી પરંપરા શરૂ કરી રાજ્યના જુદા જુદા શહેરોમાં આયોજનને પ્રાધાન્ય આપ્યું

## ભાવનગર રેન્જ આઈજી ગૌતમ પરમાર અને એસપી ડો.હર્ષદ પટેલના માર્ગદર્શન હેઠળ ક્રાઈમ કોન્ફરન્સની તડામાર તૈયારી

રાજકોટ, તા.૧૮

આગામી તા. ૨૧મી ફેબ્રુઆરીએ ભાવનગરમાં ડીજીપીની ક્રાઈમ કોન્ફરન્સ યોજાશે. જેને પગલે ભાવનગર રેન્જ આઇજી ગૌતમ પરમાર અને એસપી ડો.હર્ષદ પટેલના માર્ગદર્શન હેઠળ ક્રાઈમ કોન્ફરન્સની તડામારા તૈયારી કરવામાં આવી રહી છે. અગાઉ ગાંધીનગર કે અમદાવાદમાં જ ક્રાઈમ કોન્ફરન્સ મળતી હતી. જોકે હવે રાજ્ય પોલીસ વડા વિકાસ સહાયે નવી પરંપરા શરૂ કરી રાજ્યના જુદા જુદા શહેરોમાં આયોજનને પ્રાધાન્ય આપ્યું છે.



ડીજીપી વિકાસ સહાય, રેન્જ આઇજી ગૌતમ પરમાર, એસપી ડો. હર્ષદ પટેલ

ઉલ્લેખનીય છે કે, રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયના નેજા હેઠળ દર મહિને ગાંધીનગર કે અમદાવાદ ખાતે ક્રાઈમ કોન્ફરન્સ યોજાતી હોય છે. પરંતુ આ પરંપરામાં ફેરફાર કરી રાજ્યના જુદા જુદા શહેરમાં ક્રાઈમ કોન્ફરન્સ યોજાઈ તેવો નવો ચિલ્લો શરૂ કરાયો હતો. રાજ્ય પોલીસ વડાએ નવી પ્રથા શરૂ કરી અને હવે અલગ અલગ શહેરોમાં ક્રાઈમ કોન્ફરન્સ યોજાઈ રહી છે. આ પહેલા રાજકોટ, વડોદરા, ખેડા, સુરત ખાતે ક્રાઈમ કોન્ફરન્સ યોજાઈ હતી. મુખ્યત્વે આ ક્રાઈમ કોન્ફરન્સમાં જુદી જુદી રેન્જના આઇજીપી, જુદા જુદા જિલ્લાના એસપી, અલગ અલગ કમિશનરેટ વિસ્તારમાંના પોલીસ કમિશનર હાજરી આપે છે. આ આઈપીએસ લેવલના અધિકારીઓ રાજ્યભરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ તેમજ જરૂરી સુધારાઓ સહિતના મુદ્દા પર ચર્ચા કરે છે. ડીજીપી જુદા જુદા વિસ્તારની સ્થિતિ અને થયેલ કામગીરીનો અહેવાલ ચકાશે છે. વાર્ષિક ઇન્સ્પેક્શન કરે છે. ત્યારે હવે ભાવનગર ખાતે આગામી ૨૧ ફેબ્રુઆરીના રોજ ક્રાઈમ કોન્ફરન્સ યોજાવાની છે ત્યારે અહીંના ભાવનગર રેન્જ આઇજી ગૌતમ પરમાર, એસપી ડો.હર્ષદ પટેલના માર્ગદર્શન હેઠળ ભાવનગર પોલીસ દ્વારા તડામારા તૈયારી કરવામાં આવી રહી છે.

# રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ દ્વિતિય સહ સંચાલક માધવરાવ ગોળવલકરને શબ્દાંજલી પાઠવતા જયેશ સંઘાણી

રાજકોટ,તા.૧૮

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ દ્વિતીય સર સંઘચાલક શ્રી ગુરુજી ,પરમ પૂજ્ય માધવરાવ સદાશીવરાવ ગોળવલકર જન્મદિવસની નિમિતે જયેશભાઈ સંઘાણીએ શ્રધ્ધાંસુમન પાઠવ્યા છે.

**ગુરૂજી એટલે કોણ ?**

માધવરાવ સદાશિવરાવ ગોળવલકર જન્મ સવંત ૧૮૨૭ ની મહાવદ ૧૧ -(૧૯ ફેબ્રુઆરી)ના દિવસે જન્મ થયેલ હતો. માતાનું નામ લક્ષ્મીબાઈ, પિતાનું નામ સદાશિવરાવ, બાળપણ માં લાડકુ નામ મધું. તેમને આઠ સંતાનો અકાળે મૃત્યુ પામ્યા. પુત્રનાં લક્ષણ પારણામાંથી, ''મોરનાં ઈંડાને ચીતરવા ન પડે'' કહેવત અનુસાર એક સામાન્ય પરિવારમાં જન્મેલા શિક્ષક પિતાનાં એક માત્ર પુત્ર હતા. આર્થિક દ્રષ્ટિથી જે મધ્યમ વર્ગ કહી શકાય એવા પરિવારનાં હતા. પિતા અયાપક હોવાથી નોકરીનાં અર્થે હિન્દી ભાષી પ્રદેશોમાં જતા.

૧૯૪૦ થી ડો. સાહેબની જગ્યાએ સરસસંઘચાલકની જવાબદારી સંભાળી. આમ ૧૯૪૦ થી ૧૯૭૩ સુધી નિરંતર જવાબદારી ત્તિભાવી. ૩૪ વર્ષના આ પ્રદીર્ઘ કાલખંડમાં પ્રતિવર્ષ સંપૂર્ણ દેશમાં બે વાર પ્રવાસ, સ્વ હસ્તે હજારો પત્રો, વ્યક્તિ સંપર્કો દ્વારા સંઘની અવિરત વિકાસમાં સંપૂર્ણ સમય આપી સરદાર પટેલ/મહાત્માં ગાંધી મહારાજા હરિશસિંહ, નહેરુજી વગેરેની મુલાકાતો દ્વારા પોતાનો અને સંઘનો પરિચય કરાવ્યો.

સંઘનાં સ્વયંસેવકો ''અસ્પૃશ્યતા એ સવર્ણોનાં મનનો રોગ છે, સ્વદેશી, માતૃભાષા, અખંડભારત, હિન્દુ રાષ્ટ્ર, આદર્શ ભારતીય આવા વિષયો પર સંઘનાં લાખો સ્વયંસેવકો ને સુંદર માર્ગદર્શન આપી સતત ૩૩ વર્ષ સુધી સંઘનાં સરસંઘચાલક પદે રહીને સંઘરૂપી ક્ષેત્રને વિરાટ વટવૃક્ષમાં પરિવર્તિત કરી ''રાષ્ટ્રાય સ્વાહા ઈદમ ન મમ'' ના મંત્ર ને જીવત મંત્ર બનાવી લાખો નાં હદયમાં નવચેતના જગાવી, આમ, હેડગેવાર અને ગુરૂજી એક જ જીવનના બે અંગે રહ્યા.





# ગુર્જુ ભાઈનો વટ! બોટાદના વરરાજા સુરેન્દ્રનગરમાં હેલિકોપ્ટર લઈને પહોંચ્યા

(ફારૂક ચૌહાણ)
વઢવાણ,તા.૧૮

બોટાદ શહેરમાં વરરાજો હેલિકોપ્ટર લઈ પરણવા નીકળતા લોકો વચ્ચે ભારે આકર્ષણ ઉભું થયું હતું. વરરાજા પોતાના પિતાની ઈચ્છા પૂરી કરતાં હેલિકોપ્ટરમાં પરણવા નીકળ્યા હતા. જેના પગલે વરરાજાના પિતા ખૂબ ખુશ થયા હતા અને વરરાજાને જોવા માટે મહેમાનો પણ હેલીપેડ ખાતે પહોંચ્યા હતા.

બોટાદ શહેરમાં રહેતા કાઠી ક્ષત્રિય સમાજના ઘર આંગણે આજે ખુશીનો પર્વ આવ્યો છે, ત્યારે બોટાદ માર્કેટિંગ યાર્ડમાં ઇન્સ્પેક્ટર તરીકે ફરજ બજાવતા રામકુભાઈ ધાધલના દીકરાની જાન હેલિકોપ્ટરમાં નીકળી હતી.જેના પગલે પિતા સહિત પરિવારજનો અને મહેમાનોમાં ભારે ખુશીનો માહોલ જોવા મળ્યો હતો.

આજકાલ મોટાભાગે મોંઘી ફોરવ્હીલમાં વરરાજા પરણવા જતા હોય છે. ભાગ્યે જ હેલિકોપ્ટર લઈ વરરાજા પરણવા જતાં હોય છે, ત્યારે ધાધલ પરિવારના આંગણે આજે હેલિકોપ્ટરમાં વરરાજા પરણવા નીકળતા પિતા સહિત પરિવારમાં ખુશી જોવા મળી હતી.

બોટાદ શહેરના માર્કેટિંગ યાર્ડમાં ઇન્સ્પેક્ટર તરીકે ફરજ બજાવતા રામકુભાઇ આપાભાઈ ધાધલ કે જેમની ઈચ્છા હતી કે તેમના દીકરાના લગ્નમાં હેલિકોપ્ટર લાવવું છે. દીકરા પ્રદીપભાઈના લગ્ન સુરેન્દ્રનગર જિલ્લાના સાયલા તાલુકાના લોયાધામ ખાતે નક્કી કરવામાં આવ્યા હતા. લગ્ન નક્કી થતાંની સાથે વરરાજાના પિતા દ્વારા હેલિકોપ્ટર બુક કરાવી અને વરરાજાની જાન હેલિકોપ્ટરમાં લઈ જવાનું સંપૂર્ણ આયોજન કરાયું હતું.

# છત્રપતિ શિવાજી મહારાજની જન્મ જયંતિ નિમિતે વાજતેગાજતે ભવ્ય રેલીનું આયોજન

## મહારાષ્ટ્રીયન પોષાક અને નૃત્ય સાથે ભવાની જયોત યાત્રા નિકળશે

રાજકોટ,તા.૧૮



જય શિવરાય ગ્રુપ, શ્રી મહારાષ્ટ્ર યુવક મંડળ (સોની બજાર) તેમજ પેડક રોડ મરાઠી સમાજ તેમજ રાજકોટના તમામ મરાઠી સમાજ દ્વારા શિવાજી મહારાજ જનમોત્સવ ૧૯ ફેબ્રુઆરીના રોજ બપોરે ૧ વાગ્યે જલગંગા ચોક સંત કબીર રોડ થી બાલક હનુમાન મંદિર, પટેલ વાડી, પારવડી ચોક, કેસરી પુલ દરબારગઢ સોની બજાર કોઠારીયા નાકા, ભુપેન્દ્ર રોડ, ત્રિકોણબાગ, યાજ્ઞિક રોડ, જિલ્લા પંચાયત ચોકથી શિવાજી મહારાજ સ્મારક સુધી ભવ્ય રેલીનું વાજતે ગાજતે મહારાષ્ટ્રીયન પોષાક, મહારાષ્ટ્રીય નૃત્ય તેમજ શ્રી શિવાજી મહારાજની ઘોષણા અને જય જયકાર સાથે ભવ્ય રેલીનું આયોજન કરેલ છે. ૧૯ તારીખ સવારે ૫ કલાકે ઠેબચડા ગામ આશાપુરા માતાના મંદિર થી પગપાળા ભવાની જયોત પ્રજવલ્લીત કરી રેલી પ્રસ્થાન સ્થળે આવવામાં આવશે શ્રી છત્રપતિ શિવાજી મહારાજની શુસોભિત મૂર્તિ રાણગારેલી બગીમાં બિરાજીત કરી રેલીની શોભા ભવાની જયોત સાથે વધારવામાં આવશે.

# સફાઈ કામદારોને આવાસના દસ્તાવેજ કરી આપવા રજૂઆત

રાજકોટ બરો મ્યુનિ. સ્વીપર્સ યુનિયન આગેવાનો દ્વારા મનપાના કમિશન, સ્ટેન્ડીંગ ચેરમેન, ડે.મેયર વગેરે પદાધિકારીઓને સફાઈ કામદારોને આવાસના દસ્તાવેજ કરી આપવા રજુઆત કરવામાં આવી છે. સફાઈ કામદારોના આવાસ માટે ૩૬૮ કામદારોએ રકમ ભરપાઈ કરી દીધેલ છે.

# અમુલ સર્કલે નવી વોર્ડ ઓફિસનું ઉદ્ઘાટન

## વોર્ડ નં.૧૫ના લોકો માટે ૬૮ લાખના ખર્ચે નવી સુવિધાનું લોકાર્પણ કરતા ધારાસભ્ય ઉદય કાનગડ



રાજકોટ, તા. ૧૮

મહાનગરપાલિકા દ્વારા વોર્ડ નં.૧૫માં રૂ.૬૮.૬૧ લાખના ખર્ચે ૮૦ ફૂટ રોડ પર અમુલ સર્કલ પાસે વોર્ડ ઓફિસના નવનિર્મિત બિલ્ડીંગનું લોકાર્પણ આજે વિધાનસભા-૬૮ના ધારાસભ્ય ઉદયભાઈ કાનગડના હસ્તે કરવામાં આવ્યુ હતું.

આ કાર્યક્રમમાં મેયર શ્રીમતી નયનાબેન પેઢડીયા, સ્ટે. ચેરમેન જયમીન ઠાકર,શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, મહામંત્રી અશ્વિનભાઈ મોલીયા, બાંધકામ સમિતિ ચેરમેન ભાવેશભાઈ દેથરીયા,વોર્ડ નં.૧૫ના કોર્પોરેટર વશરામભાઇ સાગઠીયા, કોમલબેન ભારાઈ, ભાનુબેન સોરાણી, કોર્પોરેટર ડો.હાર્દિક ગોહિલ, વરજાંગભાઈ હુંબલ, વોર્ડના આગેવાનો તથા વિસ્તારવાસીઓ ઉપસ્થિત રહ્યા હતા.

નવનિર્મિત બિલ્ડીંગનો કુલ વિસ્તાર આશરે ૩૮૮.૦૦ ચો.મી., બાંધકામ વિસ્તાર ૩૧૧.૦૦ ચો.મી.(બંને માળ) છે. આ બિલ્ડીંગમાં દિવ્યાંગો માટે ખાસ રેમ્પની સુવિધા રાખવામાં આવેલ છે. ગ્રાઉન્ડ ફ્લોર પર પાર્કિંગ, વેઇટિંગ એરીયા, વોર્ડ ઓફીસર રૂમ, ટેક્સ રૂમ, એસ.આઈ. રૂમ, જગ્યા રોકાણ શાખા, શોપ લાઇસન્સ શાખા વગેરે માટેના રૂમ, કોમન ટોયલેટ તથા પીવાના પાણીની સુવિધા અને ફર્સ્ટ ફ્લોર પર વેઇટિંગ એરીયા, વોર્ડ એન્જી. રૂમ, ટેકનીકલ સ્ટાફ રૂમ, સ્ટોર રૂમ, સર્વર રૂમ, કોન્ફરન્સ હોલ, કોમન ટોયલેટ તથા પીવાના પાણીની સુવિધા તેમજ સેકન્ડ ફ્લોર પર સીડી રૂમ અને ઓપન ટેરેસ વગેરે સુવિધા આપવામાં આવેલ છે.આ વોર્ડ ઓફીસ બનાવવાથી વોર્ડ નં.૧૫ ની અંદાજે ૫૦,૦૦૦ થી વધુની વસ્તીને લાભ મળશે.

# બાબુ ચુનાના કોપીરાઈટ ભંગવાળી ૪૦ બેગ અને ૩૦ કિલો પેકિંગ મટિરિયલ ઝડપાયુ

રાજકોટ, તા.૧૮




બાબુ ચુના પાર્સલના પેકિંગ મટિરિયલના હૂબહું નકલ વાળા ગુલાબી અને કાળા કલરના ચુનાના પાર્સલો બોટાદ ખાતેથી મારુતિ કંપનીની વાન ઓમની માલ ભરી રાજકોટ જતી હતી. રાજકોટના પેડક રોડના સેટેલાઈટ ચોક પાસે બી-ડિવિઝન પોલીસ દ્વારા ગાડી ઊભી રાખી પૂછપરછ કરતાં ગાડીની પાછળ ના ભાગ માં રહેલ માલના કોઈ બિલ કે પુરાવા ન હોવાથી પોલીસ દ્વારા ગાડી ને જપ્ત કરવામાં આવી હતી. ગાડી ચાલકનું નામ પૂછતાં પોતાનું નામ કાકડિયા જવેરભાઈ શામજીભાઈ રહે. બોટાદ વાળા હોવાનું જણાવેલ છે.ગાડી માંથી લુઝ પાઉચની ૧૦ કિલો ની એક બેગ એવી ૨૫ સફેદ કલરની પ્લેન બેગ અને ૧૫ બાબુ પાર્સલના રજીસ્ટર કોપીરાઈટ પેકિંગ મટિરિયલની હૂબહું નકલ વાળી બેગ હતી. કુલ બેગ ૪૦ નંગ જેની કિંમત ૧૬૦૦૦ રૂપિયા તથા બાબુ પાર્સલની નાની પડીકી નું પેકિંગ મટીરિયલની હૂબહું નકલ વાળા ૧૦ પેકિંગ મટિરિયલના પ્રિન્ટેડ રોલ હતા. જેનો અંદાજિત વજન ૩૦ કિલો અને કિંમત ૩૯૦૦ રૂપિયા છે. આગનાના આરોપી માલની ડિલિવરી કરવા માટે લઈને આવેલ મારુતિ કંપનીની વાન ઓમનીના રજીસ્ટર નંબર GJ-05-CH-7940 ની માલિકી કોની છે તે ખ્યાલ નથી. તેથી પોલીસ દ્વારા જપ્ત કરેલ કોપીરાઈટ ભંગ વાળી થેલીઓ અને પેકિંગ મટિરિયલના પ્રિન્ટેડ રોલની કિંમત ૧૯૯૦૦ રૂપિયા તથા ગાડી ની કિંમત ૪૫૦૦૦/- રૂપિયા મળી કુલ ૬૪૯૦૦/- રૂપિયાનો મુદામાલ કબજે લઈ આરોપી કાકડિયા જવેરભાઈ શામજીભાઈ રહે. બોટાદ સામે કોપીરાઇટ એક્ટની કલમ ૬૩ અને ૬૪ મુજબ કોપીરાઇટ ભંગ બદલ અણદાણી અમિત કેશુભાઈ રહે. રાજકોટ દ્વારા ફરિયાદ કરતાં પોલીસે ફરિયાદ દાખલ કરી આગળ તપાસ ની કાર્યવાહી રાજકોટ બી-ડિવિઝન પોલીસ દ્વારા હાથ ધરવામાં આવેલ છે.

# માધાપર ચોકડી પાસે એસ.ટી.નું બસ સ્ટેશન ખંડેર હાલતમાં!

## એસ.ટી.મુસાફર હિત રક્ષક સમિતિની વડીકચેરીને રજૂઆત

રાજકોટ,તા.૧૮

ગત તા.૧૬/૨ના રોજ રાજકોટના ૧૫૦ ફુટરીંગ રોડ પરના માધાપર ચોકડી પાસેના ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમ રાજકોટ વિભાગના માધાપર (ચોક) એસ.ટી. બસ.સ્ટેશનની સાઈટ વિઝીટ ગુજરાત એસ.ટી.મુસાફર હિત રક્ષક સમિતિ દ્વારા કરવામાં આવી હતી.જેમાં લાખોના ખર્ચે બનાવાયેલ આ બસ સ્ટેશન ભુતિયા મહેલ બની ગયું છે.અને ખંડેર બની ગયું છે. બસ સ્ટેશનની આજુબાજુમાં બિનજરૂરી ઝાડ અને મચ્છરનું ઉત્પાદન કેન્દ્ર બન્યું છે. બસ સ્ટેશનના યુરિનલોમાં બેસુમાન દુર્ગંધ આવતી હતી. અને દારૂની કોથડીઓ ખાલી પડેલ હતી. અસામાજીકોનો અડ્ડો હોય તે પ્રકારનું ભેંકાર બનેલ આ બસસ્ટેશન લાખોના ખર્ચે બનાવાયેલ છે તેને પુનઃ શરૂ કરવા માંગ છે. હાલમાં જે સ્થળે બસ ઉભી રહે છે તે સ્થળે કોઈ સુવિધા મુસાફરો માટે છે નહિ છાયડાની વ્યવસ્થા નથી યુરિનલ નથી, પીવાનું પાણી નથી. બસોનું સમય પત્રક નથી પોઈન્ટની કેબીનમાં કાયમ અલીગઢા તાળું હોય છે. કેબીનમાં ભંગાર ભરેલ છે.

# નાગેશ્વર, શિવરાજપુર, રૂક્ષ્મણી મંદિરને બેટ દ્વારકાથી જોડવા ૧૩૧ કરોડનો રીંગ રોડ મંજૂર

## જામનગર-પોરબંદર તરફથી આવતા યાત્રિકો બીચ-બેટ જઈને દ્વારકા આવી શકશે : ટ્રાફિક-સમયના વ્યયમાંથી મુક્તિ મળશે : મુખ્યમંત્રીની જાહેરાતથી વિકાસને નવો વેગ

(કુંજન રાડીયા)

જામખંભાળીયા, તા. ૧૮

દ્વારકા નગરપાલીકાની નવા સત્તા શાસન માટેની ચૂંટણી રવિવારે પૂર્ણ થયાની સાથે જ રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા દ્વારકા પંથકના વિકાસ માટેની અતિ મહત્વપૂર્ણ યોજના માટેના રૂપિયા ૧૩૧.૭૬ કરોડ મંજૂર કર્યાની ગઈકાલે સોમવારે જાહેરાત કરવામાં આવી છે. ત્યારે આ જાહેરાત થતાં દ્વારકાના વેપાર - વાણિજ્ય સાથે સંકળાયેલા લોકો અને સ્થાનીક રહેવાસીઓમાં આનંદની લાગણી પ્રસરી છે.

આ સમાચાર મળતાની સાથે જ દ્વારકા હોટલ એસોસીએશનના પ્રમુખ ઈશ્વરભાઈ પરમાર અને સેક્રેટરી રવિ બારાઈએ દ્વારકાના વિકાસ માટેની આ મહાત્વાકાંક્ષી યોજના મુખ્યમંત્રીએ મંજૂર કરતા મુખ્યમંત્રીને અભિનંદન પાઠવ્યા છે.

આ અંગેની જાણવા મળતી પ્રાથમિક વિગતો મુજબ દ્વારકાના પાદરમાં આવેલા નેશનલ હાઈવેની ખોડીયાર મંદિર ચેક પોસ્ટ પાસેથી રૂપિયા ૧૩૧.૭૬ કરોડના ખર્ચે બનનારો નવો રીંગ રોડ ફોર ટ્રેકનો પ્રારંભ થશે. જે નવો માર્ગ ખોડીયાર મંદિરની ચેક પોસ્ટની જમણી તરફ આવેલ આવળપરા વિસ્તારથી પસાર થઈને જલારામ મંદિર, ઘનશ્યામ નગર, વંદેમાતરમ્ સોસાયટી અને અંબુજા નગરથી પસાર થઈને આ માર્ગ સિધ્ધો જ એ.સી.સી. સીમેન્ટ ફેક્ટરી પાસેથી પસાર થઈને રૂપેણ બંદર ક્રોસ કરી ઓખા સાથે જોડી દેવાશે. જેના કારણે દ્વારકાથી નાગેશ્વર જતા માર્ગ જે હાલમાં જ રૂપિયા ૪૫ કરોડના સીકસલેન રોડ તરીકે બનાવવા માટે મંજૂર કરાયેલ છે, તેની સાથે જોડાઈ જશે. જેથી હવે નેશનલ હાઈવે માર્ગથી આવતાં જામનગર અને પોરબંદર તરફના જોડાયેલ રસ્તાઓથી પ્રવાસી યાત્રીકો પૈકી જે યાત્રીકો પહેલા દ્વારકાના બદલે નાગેશ્વર, બેટ દ્વારકા, રૂક્ષ્મણી મંદિર, શિવરાજપુર બીચ સીધા જ જઈ શકશે. અને રીટર્નમાં તેઓ દ્વારકા આવી શકશે.



તસવીર : કુંજન રાડિયા

આમ, આ રીંગ રોડ દ્વારકાના નગરજનો માટે પણ ટ્રાફીકની સમસ્યામાં હળવાશ અનુભવવામાં સહયોગી બનશે અને યાત્રિકો, પ્રવાસીઓને પણ નવા અદ્યતન માર્ગની સુવિધા સાથે સમયનો બચાવ કરી દ્વારકા ક્ષેત્રની દર્શન સર્કિટમાં સરળતાથી પ્રવાસ કરી શકશે.

સાથે જ આ માર્ગ પર આવેલી જમીનોની કિંમતમાં પણ ઉછાળો આવશે અને નવા દ્વારકા નગરમાં વિકાસની નવી ક્ષિતિજો પણ ખૂલશે. અત્રે એ પણ નોંધનીય છે કે દ્વારકાના વિકાસ માટે રાજ્ય અને કેન્દ્ર સરકાર દ્વારા ઈન્ફાસ્ટ્રચરલ ડેવલોપમેન્ટ સાથેની અનેક યોજનાઓ આવી રહી છે. સાથે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ગુજરાત રાજ્ય તરફથી પણ દ્વારકાના વિકાસ માટે મોટા પ્રમાણમાં ગ્રાન્ટની ફાળવણી કરી છે. તે ગ્રામજનો માટે દ્વારકાધીશજીની કૃપા જ કહી શકાય. એમ કહીએ તો ચાલે કે કૃષ્ણની આ કર્મભૂમિમાં આર્થિક અને ભૌગોલિક રીતે દ્વારકા નગરી એક નવી જ દિશા તરફ પ્રયાણ કરી રહી છે.

અત્રે એ પણ ઉલ્લેખનીય છે કે આ નવો રીંગ રોડ બનાવવા માટે દ્વારકા હોટલ એસોસિએશનના પૂર્વ પ્રમુખ અને દ્વારકા નગરપાલીકાની ટાઉન પ્લાનિંગ પૂર્વ ચેરમેન નિર્મલભાઈ સામાણીએ પણ રાજ્ય સરકારમાં તેમજ પ્રવાસન વિભાગ પાસે વારંવાર રજૂઆતો કરી હતી.

## આ.ભ.શ્રી જયશેખરસૂરિજી મ.ની પ્રેરણાથી

# કાલાવડ રોડ જૈન સંઘ દ્વારા સદભાવના બળદ આશ્રમને રૂા.૫૧ લાખનું અનુદાન

## અવધ નવગ્રહ જિનાલયના મૂળનાયક શ્રી આદેશ્વરદાદાનું લાંછન બળદ હોવાથી જીવદયા કાર્યના ભાગરૂપે સત્કૃત્ય



રાજકોટ તા.૧૮

જિનશાસન પ્રભાવક આચાર્ય ભગવંત પૂ. શ્રી જયશેખરસૂરીશ્વરજી મહારાજા આદિની નિશ્રામાં અવધ રોડ જયાનંદધામ નવગ્રહ જિનાલયની પ્રતિષ્ઠા તથા મહોત્સવ દરમિયાન મૂળનાયક પરમાત્મા શ્રી આદેશ્વર ભગવાનનું લાંછન બળદ હોવાના કારણે જીવદયાકાર્યના ભાગરૂપે કાલાવડ રોડ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ દ્વારા સદભાવના બળદ આશ્રમમાં રૂા.૫૧ લાખનુ અનુદાન જાહેર કરવામાં આવેલ હતું.

આ જીવદયાના કાર્ય બદલ ચોમેરથી અનુમોદના પાઠવવામાં આવી રહી છે તેમ કાલાવડ રોડ જૈન સંઘના મહેશભાઈ મણિયાર, વિપુલભાઈ દોશી, નિતેશભાઈ શાહે જણાવેલ છે.

# વોર્ડ નં.પમાં ધારાસભ્યની ગ્રાન્ટમાંથી પેવીંગ બ્લોક કામનો પ્રારંભ કરાયો

વોર્ડ નં.પમાં માલધારી સોસાયટી મેઈન રોડના સાઈડ સોલ્ડરમાં ધારાસભ્યની ગ્રાંટમાંથી રૂ.૨૫ લાખના ખર્ચે પેવીંગ બ્લોક નાખવાના કામનું ખાતમુહૂર્ત વિધાનસભા-૬૮ના ધારાસભ્ય ઉદયભાઈ કાનગડના હસ્તે અને મેયર શ્રીમતી



નયનાબેન પેઢડીયાના અધ્યક્ષસ્થાને શરૂ કરાયું હતું. આ પ્રસંગે ડે. મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટે.ચેરમેન જયમીન ઠાકર, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, દંડક મનિષભાઈ રાડીયા, મહામંત્રી અશ્વિનભાઈ મોલીયા, શિશુ કલ્યાણ, અગ્નિશામક દળ સમિતિ ચેરમેન દિલીપભાઈ લુણાગરિયા, હાર્દિક ગોહીલ વગેરે હાજર રહ્યા હતા. આ કામનો એક હજાર લોકોને લાભ થશે.

# સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં ભાજપની ભવ્ય જીત બદલ અભિનંદન આપતા ઉદય કાનગડ

રાજકોટ, તા. ૧૮



રાજયમાં જુનાગઢ મહાનગરપાલિકા સહિત સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓમાં સર્વત્ર કેસરીયો છવાતા ભાજપની ભવ્ય જીતને આવકારી વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી, રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી.નડ્ડા, ગૃહમંત્રી અમિતભાઇ શાહ, મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઇ પટેલ, પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલને અભિનંદન આપતા ધારાસભ્ય ઉદયભાઇ કાનગડે જણાવ્યું છે કે જુનાગઢ કોર્પો., ૬૮ નગરપાલિકા, તા.પંચાયતોની ચૂંટણીમાં રાષ્ટ્રવાદી વિચારધારા અને વિકાસની રાજનીતિનો વિજય થયો છે. મતદારોએ કમળને ખોબલે ખોબલે મત આપ્યા છે.

વડાપ્રધાને બંધારણમાંથી કલમ ૩૭૦ રદ કરવા, અયોધ્યામાં શ્રી રામ મંદિર નિર્માણ, દેશની ઉન્નતિ માટે અનેક કાર્યો, આર્થિક વિકાસ, રોજગાર, આરોગ્યથી માંડી અંતરીક્ષ સુધી કરેલા કામો, વેપાર અને મજબુત આર્થિક સંબંધોની દિશામાં નવા ઇતિહાસ રચ્યા છે. રાજયમાં ડબલ એન્જીન સરકારે કરેલા કામોને મતદારોએ મ્હોર મારી છે અને તે બદલ સમગ્ર ગુજરાતની જનતાનો આભાર પણ માન્યો છે.

# સરકારે 'ટચીંગ' કરેલી ૧૫ ટીપી સ્કીમ પરામર્શની રાહમાં : મનપામાં જ પ્રક્રિયા પેન્ડીંગ!

## રાજય સરકારમાંથી સુધારા માટે આવેલી નગરરચના યોજના જનરલ બોર્ડ મારફત મોકલવાની હોય છે : મોટા મવા, મુંજકા, વાવડી, મવડી, રૈયા, પૂર્વ ઝોનની યોજનાઓ ફાઈનલ થવામાં શંકાસ્પદ વિઘ્ન

રાજકોટ, તા. ૧૮

રાજકોટ મહાનગરના વિકાસ સાથે સીધી રીતે જોડાયેલી અનેક ટાઉન પ્લાનીંગ સ્કીમ સરકારમાં પેન્ડીંગ હોય ત્યારે શાસકો, બિલ્ડર સહિતના ક્ષેત્રો દ્વારા સરકારમાં સતત રજુઆતો કરવામાં આવે છે. પરંતુ મહાપાલિકા કક્ષાએ પરામર્શ આપવાના વાંકે પડતર હાલતમાં પડી રહી હોય તેવી નગરરચના યોજનાનો આંકડો પણ એક ડઝન પર છે તે બાબત મહાપાલિકામાં ફરી ચર્ચામાં આવી છે. કોર્પો.માં પ્લાન કમ્પલીશનના કામો સ્થગિત જેવી હાલતમાં છે ત્યારે પુરેપુરી યોજનાઓ કમિશ્નર અને મેયર કક્ષાએ લાંબા સમયથી પડી હોવાનું જાણવા મળ્યું છે.

કોઇ પણ ટીપી સ્કીમ તૈયાર થયા બાદ મંજૂરી માટે સરકારમાં મોકલવામાં આવે છે. વાંધા, સૂચનો સહિતની પ્રક્રિયા બાદ સરકાર કક્ષાએ પણ થયેલા ફેરફારોની નોંધ કરીને અમલ કરવા રાજય સરકાર મહાપાલિકાને પરામર્શ માટે મોકલે છે. જે પરામર્શ મંજૂર કરીને જનરલ બોર્ડ મારફત સરકારમાં મોકલવાનો હોય છે. આ બાદ જ સ્કીમ ફાઇનલ થાય છે. બે બોર્ડ અગાઉ એક નગરરચના યોજનામાં બે વિશાળ સર્વે નંબર ઉમેરવાનો પરામર્શ સરકારે મોકલ્યો હતો તે ઉલ્લેખનીય છે.

હવે કમિશ્નર વિભાગ અને સેક્રેટરી વિભાગમાં પરામર્શ માટે ડઝન જેટલી સ્કીમ ફાઇલમાં પડી છે. કમિશ્નર દરખાસ્ત મોકલી શકે છે અને મેયર પણ સભાના અધ્યક્ષ તરીકે બોર્ડમાં આ દરખાસ્ત સામેલ કરી શકે છે. આવી યોજનાઓ પર નજર કરીએ તો રાજકોટ-૩૧, ૧૭-રાજકોટ, મોટા મવા ૨૨-૨૩-૨૪, રાજકોટ-૧૮, રાજકોટ-૩૧, મવડી ૩૫-૩૬, વાવડી ૧૪ અને ૨૫, નવા ભળેલા મુંજકાની ટીપી સ્કીમ નં. ૧૯-૨૦-૨૧ પરામર્શના વાંકે રાજકોટ મહાપાલિકામાં પડી છે.

સરકાર આવી કોઇ યોજનામાં ફેરફાર આવે ત્યારે જનરલ બોર્ડ મારફત કોર્પોરેશનનો ઠરાવ મંગાવે છે. તે બાદ અંતિમ પ્લોટ ફાઇનલ થાય, રસ્તા સહિતના વિકાસ કામોની જગ્યા નકકી થાય ત્યારે પુરા વિસ્તારનો વિકાસ થાય છે. પરંતુ નવા ભળેલા મુંજકા, મોટા મવા સહિતના વિસ્તારોની સ્કીમ હવે સરકારમાં કયારે જશે તે સવાલ છે. આ સ્કીમને બોર્ડમાં તુરંત પરામર્શ આપવા પણ અવારનવાર ધ્યાન દોરવામાં આવ્યું છે.

અગાઉ રાજકોટમાં સરકારમાં પેન્ડીંગ ડ્રાફ્ટ તથા પ્રારંભિક ટીપી સ્કીમની યાદી આ મુજબ હતી. ૨૦૧૯ની ટીપી સ્કીમ નં. ૨૦- નાના મવા પ્રારંભિક, ૨૦૦૬ની ૨૧-મવડી ડ્રાફ્ટ, ૨૦૨૦ની ૨૬-મવડી પ્રારંભિક, ૨૦૨૧ની ૩૨-રૈયા પ્રારંભીક, ૨૦૦૫ની ૧૪-વાવડી ડ્રાફ્ટ, ૨૦૧૭ની ૨૨-મોટા મવા, ૨૦૧૬ની ૨૩-મોટા મવા, ૨૦૧૬ની ૨૪-મોટા મવા, ૨૦૧૦ની ૧૯-મુંજકા, ૨૦૧૭ની ૨૦/૨૧-મુંજકા, ૨૦૧૭ની ૪૨-મુંજકા, ૨૦૧૮ની ૩૬/૩-ઘંટેશ્વર, ૨૦૨૧ની ૨૫-વાવડી, ૨૦૨૨ની ૩૩-રૈયા, ૨૦૦૧ની ૧૪-રાજકોટ, ૨૦૦૪ની ૧૫-રાજકોટ, ૨૦૦૬ની ૧૭-રાજકોટ, ૨૦૦૬ની ૧૮-રાજકોટ, ૨૦૧૨ની ૩૧-રાજકોટ ડ્રાફ્ટ સ્કીમ ફાઇનલ થવાની બાકી છે. ૨૦૨૧ની ૧૩-કોઠારીયા પ્રારંભીક, ૨૦૨૩ની ૩૪/૩૫/૩૫-મવડી પેન્ડીંગ, ૨૦૦૨ની ૧૦-રાજકોટ અને ૨૦૧૨ની ૨૩-રાજકોટ પ્રારંભીક, ૨૦૨૧ની ૩૮/૧-માધાપર ડ્રાફ્ટ તથા ૨૦૨૨ની ૧૧-માધાપરનું સ્ટેટસ પેન્ડીંગ હતું. આ પૈકી અમુક યોજના પરામર્શ કક્ષાએ આવેલી છે.

મ્યુનિ. કોર્પોરેશન દ્વારા બનાવાતી ટીપી સ્કીમ યોજનાના ઇરાદા ગત ટર્મમાં એક બોર્ડમાં ફટાફટ જાહેર કરવામાં આવ્યા હતા. તુરંત હિયરીંગ પણ થયા હતા. આટલી ઉતાવળ સામે સવાલ થયા હતા. પરંતુ વિકાસ કામ માટે આ યોજનાઓ બનાવવી અનિવાર્ય હોવાનો જવાબ આપવામાં આવ્યો હતો. હવે સરકાર કક્ષાએથી પરામર્શ માટે આવેલી યોજના કેમ આગળ વધતી નથી તે અંગે બિલ્ડર લોબીએ પણ ધ્યાન દોર્યુ છે.

# ચીફ જસ્ટિસ લાંબો સમય રજા પર જતા અનેક તર્કવિતર્ક

## ચીફ જસ્ટિસ આજથી તા.૨ માર્ચ સુધી રજા પર ઉતરી ગયા, પરિવારમાં લગ્ન પ્રસંગ હોવાથી અગાઉથી રજા મુકી હોવાની ચર્ચા



રાજકોટ, તા.૧૮

હાઇકોર્ટના જજીસનું એક પછી એક અચાનક રોસ્ટર બદલી નાંખવાના નિર્ણયને લઇ વિવાદ થયા બાદ અને ગુજરાત હાઇકોર્ટના ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલની બદલી કરવા માટે વકીલ મંડળ દ્વારા ઠરાવ પસાર કર્યા બાદ એક મહત્વના ઘટનાક્રમમાં ચીફ જસ્ટિસ આજે તા.૧૮મી ફેબ્રુઆરીથી તા.૨ જી માર્ચ, ૨૦૨૫ સુધી રજા પર ઉતરી ગયા છે. તેથી ભારતના રાષ્ટ્રપતિ દ્વારા હાઇકોર્ટના સિનિયર જસ્ટિસ બીરેન વૈષ્ણવને તેમના સ્થાને કાર્યકારી મુખ્ય ન્યાયમૂર્તિ તરીકેનો પદભાર સોંપવામાં આવ્યો છે.

બીજીબાજુ, ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ રજા પર ઉતરી જતાં તાજેતરના વિવાદને લઇ રજા પર ઉતર્યા છે કે, અંગત કારણોસર રજા પર ઉતર્યા છે તે સહિતની વાતોને લઇ હાઇકોર્ટ વર્તુળમાં ખાસ કરીને વકીલઆલમમાં નવી ચર્ચા શરૂ થઇ હતી. કારણ કે, હાઇકોર્ટ એડવોકેટ્સ એસોસીએશન તરફથી તેમની અન્યત્ર ટ્રાન્સફર કરવા ઉગ્ર માંગણી કરવામાં આવી છે, તેથી વકીલ આલમ સહિત ગુજરાતના ન્યાયતંત્રમાં ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલના આ પ્રકારે અને આટલા બધા દિવસોની રજા પર ઉતરી જવાને લઇ અનેક તર્ક વિતર્ક પણ થઇ રહ્યા છે. જોકે કેટલાક વકીલ સૂત્રોએ જણાવ્યું કે, પરિવારમાં લગ્ન પ્રસંગ હોવાથી અગાઉથી રજા મુકી હોવાની ચર્ચા થઈ રહી છે.

# કોઠારીયા સોલ્વન્ટમાં ચાલતાં કુટણખાનામાં દરોડોઃ સંચાલકો અને ગ્રાહકો રંગેહાથ ઝડપાયા

## કલ્પેશ અને કાલી મહિલાઓ પાસે દેહ વ્યાપાર કરાવતાં હતાંઃ કુટણખાનામાં કામ કરનાર સહિત છ શખ્સ સામે કાર્યવાહીઃ AHTU ટીમની કામગીરી

રાજકોટ. તા.૧૮

કોઠારીયા સોલ્વન્ટમાં ચાલતાં કુટણખાનામાં એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટની ટીમે દરોડો પાડી દેહ વ્યાપાર કરાવતાં સંચાલકો અને ગ્રાહકો રંગેહાથ ઝડપી છ શખ્સો સામે કાર્યવાહી કરી હતી.

દરોડાની વિગત મુજબ, એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિતના હેડ કોન્સ્ટેબલ ધીરેન ગઢવી સહિતના સ્ટાફ પેટ્રોલિંગમાં હતો ત્યારે ખાનગી રાહે બાતમી મળેલ કે, કોઠારીયા સોલવંટ પાસે એક મકાનમાં કુટણખાનુ ચલાવી દેહવ્યાપાર વેશ્યાવ્રુતીની પ્રવૃતિ કરાવે છે, જે બાતમીના આધારે સ્ટાફે એક ભાઈને ડમી ગ્રાહક તરીકે જઈ મકાનમાં હાજર મેનેજર સંચાલક પાસેથી શારીરીક સંબંધ માટે સ્ત્રીની માંગણી કરી કોઈ સ્ત્રી બતાવે તો તેને જોઇ ભાવતાલ નક્કી કરવાની સમજ આપી પીએસઆઇ એચ.એન.ગઢવી સહિતના સ્ટાફે બાતમીના સ્થળે દોડી ગયાં હતાં.

બાદમાં ડમી ગ્રાહકે જાણ કરતા સ્ટાફ મકાનની અંદર ઘુસી જઈ મકાનમાં આવેલ એક ઓરડીમાં ડમી ગ્રાહક તથા એક સ્ત્રી હાજર મળી આવેલ અને તેમજ પોતે અહિ વેશ્યાવ્રુતિ માટે આવેલ અને સંચાલકો દ્વારા દરેક ગ્રાહક દીઠ રૂ.૧૦૦૦ લેવામાં આવતા અને તેમાથી પોતાને દરેક ગ્રાહક દીઠ રૂ.૫૦૦ આપતા હોવાનુ જણાવેલ હતુ. મકાનમાં બાજુમાં આવેલ બીજી ઓરડીમાં દરવાજો ખખડાવતા રૂમમાથી એક પુરુષ તથા એક સ્ત્રી કઢંગી હાલતમાં મળી આવેલ હતાં. જેમનું નામ પુછતાં હાજર મળી આવેલ ભાઈએ વિરેન્દ્ર મહિપત ભાઈ સિંધવ (ઉ.વ.૩૫),( હાલ રહે કોઠારીયા રોડ હાપલીયા પાર્ક શેરી નં ૪) હોવાનુ જણાવેલ હતું. પોતે જગ્યામાં ગ્રાહક તરીકે આવેલ હોવાનુ જણાવેલ તેમજ તેની સાથે એક સ્ત્રી હાજર મળી આવેલ હતી. તેમજ રૂમમાંથી મળી આવેલ બે સ્ત્રીઓને મકાનમાં હાજરી બાબતે પુછતા સ્ત્રીઓએ મકાનમાં કલ્પેશભાઈ અને કાલીએ દેહ વ્યાપારનો ધંધો કરવા સારૂ બોલવેલ હતા અને મકાનમાં સંજય વિનુ ડાભી, કિશન હિમત મકવાણા, શૈલેશ ભરત ગોહેલ નોકરી કરતા હોવાનુ જણાવેલ હતું.

તેમજ કલ્પેશ, કાલી, સંજય, કિશન તથા શૈલેષ દ્વારા દેહ વ્યાપારનો ધંધો દરરોજ વ્હેલી સવારના ત્રણ વાગ્યાથી સાંજના છ સુધી મકાનમાં કરાવતા હોવાનુ જણાવેલ હતું. પોલીસે રોકડ રૂ.૧૫ હજાર સહિતનો મુદ્દામાલ કબ્જે કરી આરોપીની ધરપકડ કરી હતી.

# ફાયરીંગ કરી હત્યાના પ્રયાસના ગુનામાં વધુ ત્રણ આરોપીને પકડી લેતી તાલુકા પોલીસ

**શનિવારે વ્હેલી સવારે પુનિતનગર વિસ્તારમાં કુખ્યાત પેંડા ગેંગના સાગરીત પરેશ ગઢવી પર ગોળી ધરબી હત્યાના પ્રયાસના બનાવમાં એસઓજી અને તાલુકા ટીમે કુલ છ શખ્સોને દબોચ્યા**

**સમીર ઉર્ફે મુર્ગો, શાહનવાઝ ઉર્ફે નવાઝ, સોહિલ ઉર્ફે ભાણો, દીનેશ રીબડીયા, અકરમ ઉર્ફે અપ્પુ નાથાણી અને ઈમ્તીયાઝ ઉર્ફે ઈમતુડાની ધરપકડઃ તાલુકા પોલીસ અને એસોજીની કાર્યવાહી**

રાજકોટ. તા.૧૮

રાજકોટમાં વાવડી પોલીસ ચોકીની સામે જ વ્હેલી સવારે કુખ્યાત પેંડા ગેંગના સાગરીત પર ગોળી ધરબી હત્યાનો પ્રયાસ કરવામાં આવતાં ચકચાર મચી ગઈ હતી. જે બનાવની ગંભીરતા પારખી એસઓજીની ટીમે ગણતરીની કલાકોમાં જ મુખ્ય સૂત્રધાર સમીર ઉર્ફે મુરઘો સહિત ત્રણ શખ્સોને દબોચી તેમની પાસેથી ગુનામાં વપરાયેલ રિવોલ્વર, કાર્ટીસ અને કાર સહિતનો મુદ્દામાલ કબ્જે કરી કાર્યવાહી કરી હતી. જ્યારે નાસી છૂટેલા વધું ત્રણ આરોપીને તાલુકા પોલીસની ટીમે પકડી કાર્યવાહી કરી હતી.

પ્રામ વિગત મુજબ, ગોંડલ રોડ પર આવેલ પુનીતનગરમાં રહેતાં પરેશ રાજુભાઇ બળદા (ગઢવી),(ઉ.વ.૨૨) આજે વ્હેલી સવારે ૫ વાગ્યે પુનિતનગરના ટાંકા પાસે આવેલ મામા સાહેબના મંદિર પાસે મિત્રો સાથે બેઠો હતો ત્યારે સફેદ કલરની વર્ના કારમાં ઘસી આવેલાં ચાર જેટલા શખ્સોએ કાર ઉભી રાખી તેમાંથી બહાર નીકળેલ શખ્સોમાંથી સમીર ઉર્ફે મુરઘો યાસીન પઠાણ નામના શખ્સે પોતાની પાસે રહેલ રિવોલ્વરમાંથી ફાયરીંગ કરતાં પરેશને પગના સાથળના ભાગે ગોળી લાગી હતી. આરોપીઓ ફાયરીંગ કરી કારમાં નાસી છૂટ્યા હતાં. બાદમાં ગંભીર રીતે ઘવાયેલા પરેશને મિત્રોએ સારવારમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડયા હતાં. બનાવ અંગે સિવિલ ચોકીના સ્ટાફે નોંધ કરી બનાવ અંગે તાલુકા પોલીસને જાણ કરી હતી.

બનાવ અંગે તાલુકા પોલીસ મથકમાં ત્રણ આરોપી સોહિલ, સમીર ઉર્ફે મરઘો અને નવાઝ તેમજ તપાસમાં ખુલે તે તમામ વિરુદ્ધ બીએનએસ એક્ટ ૧૦૯, ૧૧૮, ૬૧(૨) અને આર્મ્સ એક્ટ સહિતની કલમ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો.

બાદમાં ગણતરીની કલાકોમાં એસઓજીની ટીમે સમીર ઉર્ફે મુર્ગો યાસીન પઠાણ (ઉ.વ.૨૬),(રહે. એકતા કોલોનો શેરી નં.૭, જંગલેશ્વર), શાહનવાઝ ઉર્ફે નવાઝ મુસ્તાક વેતરણ (ઉ.વ.૧૯),(રહે. જંગલેશ્વર શેરી નં.૭) અને સોહિલ ઉર્ફે ભાણો સિકંદર ચાનીયા (ઉ.વ.૨૧),(રહે. જંગલેશ્વર શેરી નં.૬ ) ને પીસ્ટલ અને જીવતા કાર્ટીસ તેમજ ગુનામાં ઉપયોગમાં લેવાયેલ કાર સાથે દબોચી લઈ કાયદાનું ભાન કરાવ્યું હતું. જ્યારે ભાગી છૂટેલા વધું ત્રણ આરોપીને પકડવા તાલુકા પોલીસ મથકના પીઆઈ ડી.એમ.હરિપરા અને ટીમે (૧) દીનેશ હકા રીબડીયા (ઉ.વ.૨૮ ધંધો. મજુરી રહે.જંગલેશ્વર શેરી નંબર ૧ શાળા નંબર ૭૦ ની બાજુમા), અકરમ ઉર્ફે અપ્પુ ઇસુબ નાથાણી (ઉ.વ.૨૩ ધંધો.ઇંડાની રેકડીમા મજુરી),( રહે.ધાંચીવાડ શેરી નંબર ૭ નો ખુણો સ્મશાન વાળી શેરી હુશેનભાઇના મકાનમા ભાડેથી જીલ્લા ગાર્ડન ચોક પાસે) અને ઇમ્તીયાઝ ઉર્ફે ઇમતુડો અલ્તાફભાઇ પરમાર (ઉ.વ.૨૫ ધંધો.મજુરી),( રહે.વિનોદનગર આવાસ યોજનાના કકવાર્ટર બ્લોક નં.૩ કવાર્ટર નં.૨૦૦૬ પાણીના ટાંકા પાસે કોઠારીયા રોડ) ને પકડી લઈ કાર્યવાહી કરી હતી.

# ભાવનગર રોડ, ગોંડલ રોડ, ઢેબર રોડ, ટાગોર રોડ, અને મંગળા રોડ ઉપર ૧૧-મિલ્કતો સિલ કરી દેવાઈ

## કોઠારીયા રોડ અને યાદવનગરમાં ચાર નળ જોડાણો પણ કટ્ટ






રાજકોટ,તા.૧૮

રાજકોટ મનપા દ્વારા બાકી વેરા વસુલાતની ઝુંબેશ પૂરપાટ ચાલી રહી છે. ત્યારે, આજે બપોર સુધીમાં વેરાવસુલાત શાખાએ વધુ-૧૧ મિલ્કતોને સિલ મારી દિધા હતા અને ૪ નળ જોડાણો કટ્ટ કરી દિધા હતા. અને વેરાપેટે કુલ રૂ.૪૦.૨૯ લાખની વસુલાત કરી હતી.આ અંગેની વેરાવસુલાત શાખાના સુત્રો માંથી મળતી વધુ વિગતો મુજબ આજરોજ બપોર સુધીમાં ભાવનગર રોડ ઉપર શ્રી રામ પાર્કમાં તથા ગોંડલ રોડ ઉપર સમૃદ્ધિ ભવનમાં સાગર આર્કેડ કોમ,કોમ્પ્લેક્ષમાં જીમ્મી ટાવરમાં ગ્રાઉન્ડ ફલોર ઉપર, તથા ઢેબર રોડ ઉપર સદ્‌ગુરૂ આર્કેડ, નગીનદાસ ચેમ્બર્સ સિટી ગોલ્ડમાં દુકાનોને સિલ મારી દેવાયા હતાં.જયારે ટાગોર રોડ ઉપર અરિહંત એપાર્ટમેન્ટમાં, ગોલ્ડન પ્લાઝા કોમ, કોમ્પલેક્ષમાં અને એકયુરેટ સ્કવેર કોમ્પ્લેક્ષમાં દુકાનોને સિલ મારી દેવાયા હતા તથા ભકિતનગર સ્ટેશન પ્લોટ, અને મંગળા રોડ ઉપર આશિયાના એપાર્ટમેન્ટમાં દુકાનો સિલ કરી દેવાઈ હતી.ઉપરાંત કોઠારીયા રોડ ઉપર વિવેકાનંદ નગર -૧૪ માં યાદવ નગરમાં કુલ-૪ નળ જોડાણો જો બાકી વેરા સબબ કટ્ટ કરી દેવાયા હતાં.

આજરોજ બપોરે ૧ કલાક સુધી ૧૧ મિલ્કતોને સીલ મારેલ તથા ૧ મિલ્કતોને સીલની કાર્યવાહી કરતા રિકવરી થયેલ તથા ૪ નળ કનેકશન કપાત આજના દિનની રીકવરી રૂ ૪૦.૨૯ લાખ થઈ હતી.તથા તમામ વોર્ડ ટેક્ષ ઈન્સપેકટશ્રીઓ દ્વારા કરવામાં આવેલ છે.

# અનિલ વીજ ભાજપ માટે મુશ્કેલ નેતા બન્યા



નવી દિલ્હી, તા. ૧૮

હરિયાણામાં ભાજપે પ્રચંડ જીત મેળવી પછી પક્ષના સીનીયર નેતા અને અગાઉની સરકારમાં નં.૨ જેવું સ્થાન મેળવનાર વર્તમાન મંત્રી અનિલ વીજને તેમના વિધાનો બદલ ભાજપે કારણદર્શક નોટીસ તો આપી છે અને અનિલ વીજે પણ તેનો ૧૦ પાનાનો જવાબ આપી દીધો છે. પરંતુ હજુ કોઇ પગલા લેવાયા નથી. સુત્રોના જણાવ્યા પ્રમાણે હરિયાણામાં ૨ માર્ચે મ્યુનિસીપલ ચૂંટણી છે અને ખાસ કરીને અનિલ વીજનો અંબાલા શહેર ઉપરાંત કરનાલ કુરૂક્ષેત્ર, યમુનાનગર સહિતના વિસ્તારોમાં દબદબો છે અને હાલ જો તેમને પક્ષમાંથી સસ્પેન્ડ કરવામાં આવે કે મંત્રી પદેથી રાજીનામુ માંગી લેવાય તો ચૂંટણીમાં અસર પડી શકે અને તેથી તેને હાલ ડિસ્ટર્બ નહીં કરે તેવું માનવામાં આવે છે. સુત્રોના જણાવ્યા મુજબ અનિલ વીજ પણ વળતો વ્યુહ તૈયાર રાખ્યો છે. તેઓ ચૂંટણી પ્રચારમાં જોડાયા નથી અને આ રીતે તેમના ટેકેદારોને મૌન સંદેશ મોકલી આપ્યો છે.



# વોર્ડ નં.૫ના પેડક રોડ પર ડીઆઇ લાઇનનું કામ શરૂ : દુષિત-ઓછા પાણીનો પ્રશ્ન હલ

વોર્ડ નં.૫માં કુલ રૂ.૨.૩૧ કરોડના ખર્ચે પેડક રોડ તથા આસપાસના જુદા જુદા વિસ્તારમાં ડી.આઈ.પાઇપલાઇન નાખવાના કામનું ખાતમુહૂર્ત વિધાનસભા-૬૮ના ધારાસભ્ય ઉદયભાઈ કાનગડના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મેયર શ્રીમતી નયનાબેન પેઢડીયા, ડે.મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટે.ચેરમેન જયમીન ઠાકર, મહામંત્રી અશ્વિનભાઈ મોલીયા, અગ્નિશામક દળ સમિતિ ચેરમેન દિલીપભાઈ લુણાગરિયા વગેરે હાજર રહ્યા હતા. આ વિસ્તારમાં હવે પુરતા ફોર્સથી શુધ્ધ પાણી મળશે અને ૭૫૦થી વધુ પરિવારોને લાભ મળશે.



# વોર્ડ નં.૫માં ધારાસભ્યની ગ્રાન્ટમાંથી પેવીંગ બ્લોક કામનો પ્રારંભ કરાયો

વોર્ડ નં.૫માં માલધારી સોસાયટી મેઈન રોડના સાઈડ સોલ્ડરમાં ધારાસભ્યની ગ્રાંટમાંથી રૂ.૨૫ લાખના ખર્ચે પેવીંગ બ્લોક નાખવાના કામનું ખાતમુહૂર્ત વિધાનસભા-૬૮ના ધારાસભ્ય ઉદયભાઈ કાનગડના હસ્તે અને મેયર શ્રીમતી નયનાબેન પેઢડીયાના અધ્યક્ષસ્થાને શરૂ કરાયું હતું. આ પ્રસંગે ડે. મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટે.ચેરમેન જયમીન ઠાકર, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, દંડક મનિષભાઈ રાડીયા, મહામંત્રી અશ્વિનભાઈ મોલીયા, શિશુ કલ્યાણ, અગ્નિશામક દળ સમિતિ ચેરમેન દિલીપભાઈ લુણાગરિયા, હાર્દિક ગોહીલ વગેરે હાજર રહ્યા હતા. આ કામનો એક હજાર લોકોને લાભ થશે.

# ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટિસની ટ્રાન્સફર કરવા માંગ : બારનો ઠરાવ

## ગુજરાત હાઈકોર્ટ એડવોકેટ્સ એસોસીએશનના ઉપપ્રમુખ વિરાટ પોપટના નેજા હેઠળ યોજાયેલી અસાધારણ સભામાં એક હજાર જેટલા વકીલો એકત્ર થયા હતા

રાજકોટ, તા. ૧૮

ગુજરાત હાઇકોર્ટ એડવોકેટ્સ એસોસીએશનની અરજન્ટ બેઠક મળી હતી. જેમાં ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલની અન્યત્ર ટ્રાન્સફર કરવા માંગ ઉઠી હતી. એસો.એ ચીફ જસ્ટિસ દ્વારા તેમના તાબાના જજીસ સાથે ગેરવાજબી વર્તનને લઈ ભારોભારો દુઃખ કર્યું હતું. ટ્રાન્સફર સહિતના મુદ્દે ચીફ જસ્ટિસ ઓફ ઇન્ડિયાને રજૂઆત કરવાનું ઠરાવાયું હતું.

એસો.એ જણાવ્યા મુજબ, વર્ષ ૨૦૧૬માં જસ્ટિસ સુનિતા અગ્રવાલ અલ્હાબાદ હાઈકોર્ટમાં હતા ત્યારે સ્થાનિક વકીલો સાથે વર્તન અને વ્યવહાર અંગે સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ અને અલ્હાબાદ હાઈકોર્ટના ચીફ જસ્ટિસને લેખિતમાં રજૂઆત કરાઈ હતી. ત્યાં પણ બદલીની માંગણી કરી ઠરાવ પસાર કરાયો હતો. ગુજરાત હાઇકોર્ટ એડવોકેટ્સ એસોસીએશન દ્વારા પણ ઠરાવ કરાયો છે. સુરતના એડિશનલ ડિસ્ટ્રીક્ટ જજ તરીકેના કાર્યકાળ દરમ્યાન ન્યાયાધીશ એ.ટી.ઉકરાણી દ્વારા સાત મહિનામાં ૧૫ ફાઈલ ગુમ કરવાના પ્રકરણમાં જસ્ટિસ સંદીપ ભટ્ટ દ્વારા ઉકરાણી વિરુદ્ધ કરાયેલા અવલોકનો બાદ પ્રત્યાઘાત પડ્યા છે. ચીફ જસ્ટિસ દ્વારા જસ્ટિસ સંદીપ એન. ભટ્ટને સીંગલ જજની કામગીરીમાં ખસેડી લઈ તેમને ડિવીઝન બેન્ચમાં મૂકી દેવાયા છે. વકીલઆલમમાં પણ ચીફ જસ્ટિસ દ્વારા એકથી વધુ વખત તેમના તાબાના જજીસના રોસ્ટર વારેઘડીયે બદલી નાંખવામાં આવ્યા હોય તે વાતને લઈ નારાજગી છે. હાઈકોર્ટ એડવોકેટ્સ એસોસીએશનના ઉપપ્રમુખ વિરાટ પોપટના નેજા હેઠળ યોજાયેલી અસાધારણ સભામાં એક હજાર જેટલા વકીલો એકત્ર થયા હતા. ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલની અન્યત્ર ટ્રાન્સફર માટેની જોરશોરથી માંગણી કરી હતી. વિધિવત ઠરાવ પસાર કરી આ સમગ્ર મામલે ચીફ જસ્ટિસ ઓફ ઇન્ડિયાને રજૂઆત કરવા ઠરાવયું હતું.

# જમીન વિવાદમાં દાતરડા વડે કાનની બુટ કાપી માર માર્યાના ગુનામાં મનસુખ રંગાણીને ત્રણ વર્ષની સજા

## હડાળા ગામે વર્ષ ૨૦૧૧માં બનાવ બનેલો, સરકારી વકીલની દલીલો અને પુરાવા ધ્યાને લઈ કોર્ટે સજાનો હુકમ કર્યો



રાજકોટ, તા.૧૮

જમીન વિવાદમાં નાના ભાઈના પત્નીની દાતરડા વડે કાનની બુટ કાપી માર માર્યાના ગુનામાં આરોપી જેઠ મનસુખ મોહન રંગાણીને કોર્ટે ત્રણ વર્ષની સજા ફટકારી છે. રૂ.૨૦૦૦ નો દંડ ન ચૂકવે તો વધુ એક માસની સાદી કેદની સજાનો હુકમ ફરમાવ્યો છે.

કેસની વિગત અનુસાર હડાળા ગામે રહેતા ચંદુ મોહન રંગાણી અને તેના મોટા ભાઈ મનસુખ રંગાણી ભાયું ભાગની ખેતીની જમીનના ભાગ તેમજ ખેતીની જમીનમાં આવેલ સહીયારા કુવા બાબતે મનઃદુખ ચાલતું હતું. તા.૭/૨/૨૦૧૧ ના રોજ ચંદુભાઈના પત્ની સંગીતાબેન પોતાના માલ ઢોર બાંધવાના વાડે વાસીકુ કરવા ગયા હતા. ત્યારે જેઠ મનસુખ રંગાણીએ પાછળ જઇ લાકડી વડે માર મારી જમણા હાથમાં ફેકચર કરી તેમજ દાતરડા વડે બંને કાનની બુટ કાપી નાક ઉપર ઈજા પહોંચાડી હતી. તે સમયે સંગીતાબેને આરોપી જેઠ મનસુખ સામે ટંકારા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ફરિયાદના આધારે આરોપીની ધરપકડ કરી જેલ હવાલે કર્યો હતો. જે કેસમાં તપાસ અધિકારી દ્વારા આરોપી વિરુદ્ધ પૂરતો પુરાવો મળતા કોર્ટમાં ચાર્જશીટ દાખલ કર્યું હતું. જે કેસ ચાલવા ઉપર આવતા બંને પક્ષની રજૂઆત બાદ સરકાર પક્ષે રોકાયેલા સરકારી વકીલ ધર્મિલાબેન જોષી દ્વારા કરવામાં આવેલી દલીલો અને ટાંકેલા ઉચ્ચ અદાલતના ચુકાદાઓને ધ્યાને લઈ રાજકોટના ૧૦માં એડી. ચીફ. જયુડી. મેજીસ્ટ્રેટ ન્યાયાધીશ પી.એસ. સિંધીએ આરોપી મનસુખ રંગાણીને તકસીરવાન ઠરાવી ત્રણ વર્ષની સાદી કેદની સજા અને રૂ.૨૦૦૦નો દંડ ન ચૂકવે તો વધુ એક માસની સાદી કેદની સજાનો હુકમ ફરમાવ્યો છે. આ કેસમાં સરકાર તરફે એ.પી.પી. ધર્મિલાબેન બી.જોષી રોકાયેલ હતા.

# શું ખરેખર ગરમ પાણીમાં લીંબુ નાખીને પીવાથી કોઈ ફાયદો થાય છે ?

## નિષ્ણાતો અનુસાર વજન ઘટાડવા માટે દરરોજ સવારે ગરમ પાણી સાથે લીંબુ પીવું ફાયદાકારક



નવી દિલ્હી : કોવિડ પછી લોકો તંદુરસ્ત રહેવા પર વધુ ધ્યાન આપતાં થયાં છે અને તે માટે ઘણાં પગલાંઓ પણ લે છે. લોકો સવારે ખાલી પેટ પર હળવું ગરમ પાણી પીએ છે અને અમુક લોકો સોશિયલ મીડિયા પર દાવો કરે છે કે ગરમ પાણીમાં લીંબુ નાખીને પીવાથી આરોગ્યને ઘણી રીતે ફાયદો થાય છે. આ આરોગ્યની ઘણી સમસ્યાઓથી રાહત આપે છે. તે વજન ઘટાડવામાં પણ મદદ કરે છે.

દરરોજ સવારે ગરમ પાણીમાં લીંબુ પીવાથી ઘણાં આશ્ચર્યજનક ફાયદા મળે છે. આવી પરિસ્થિતિમાં, આજે આ લેખમાં, અમે તમને દરરોજ હળવા પાણીમાં ભળેલા લીંબુ પીવાના કેટલાક લાભો વિશે જણાવીશું...

**પાચન :-**

ગરમ પાણીમાં લીંબુ પીવાથી પાચન સ્વાસ્થ્ય સુધારવામાં મદદ મળે છે. લીંબુનો રસ એસિડિક છે, જે ગેસ્ટ્રિક એસિડના ઉત્પાદનને પ્રોત્સાહિત કરવામાં મદદ કરે છે, જે ખોરાકને પચાવવા માટે જરૂરી છે. ક્લિનિકલ ગેસ્ટ્રોએન્ટરોલોજી જર્નલ દ્વારા કરવામાં આવેલ એક અભ્યાસ સૂચવે છે કે ગરમ લીંબુપાણી પીવાથી પાચનની સમસ્યાઓ અપચો એસિડિટી વગેરેને ઘટાડી શકાય છે.

**વજન ઘટાડવામાં મદદરૂપ :-**

જો તમે વજન ઘટાડવાનો પ્રયાસ કરી રહ્યાં છો, તો પછી સવારે ખાલી પેટે ગરમ પાણીમાં લીંબુ નાખીને પીવાથી આરોગ્યને ઘણાં ફાયદા મળી શકે છે. ગરમ પાણી અને લીંબુ વજનનાં સંચાલનમાં મદદરૂપ છે. લીંબુમાં પેક્ટીન ફાઇબર હોય છે, જે તમારાં પેટને પૂર્ણ રાખે છે, જેથી તમે વધુ ખાવાનું ટાળો છો. એપ્ટાઇટમાં પ્રકાશિત થયેલાં એક અધ્યયનમાં દર્શાવવામાં આવ્યું છે કે વધુ પડતું પાણી પીવાથી ભૂખ ઓછી થઈ શકે છે અને વજન ઘટાડવામાં ફાયદા થઈ શકે છે.

**રોગ પ્રતિકારક શક્તિમાં વધારો કરે છે :-**

ઘણાં રોગો અને ચેપ ઘણીવાર ઓછી રોગપ્રતિકારક શક્તિને લીધે થતાં હોય છે. આ કિસ્સામાં, ગરમ પાણી અને લીંબુ પીવાથી પ્રતિરક્ષા વધારવામાં મદદ મળે છે. ખરેખર, વિટામિન-સી લીંબુમાં સારી માત્રામાં જોવા મળે છે, જે રોગપ્રતિકારક શક્તિને મજબૂત બનાવવામાં મદદ કરે છે. સંશોધન એ પણ સૂચવે છે કે વિટામિન સી શ્વસન ચેપની તીવ્રતા ઘટાડી શકે છે.

**મૂડને વધુ સારો કરે છે :-**

જો તમે તમારાં દિવસની શરૂઆત ગરમ પાણી અને લીંબુથી કરો છો, તો તે તમારાં મૂડને સુધારે છે અને તમે દિવસભર ઉર્જાથી પણ ભરેલાં છો. પાણી અને લીંબુમાં હાજર વિટામિન-સી તમારાં મૂડમાં સુધારો કરી શકે છે.


**ત્વચા સ્વસ્થ બનાવે છે :-**

લીંબુમાં હાજર એન્ટી ઓકિસડન્ટો, ખાસ કરીને વિટામિન સી, ત્વચાને સ્વસ્થ બનાવવામાં મદદ કરે છે. એન્ટી ઓકિસડન્ટો ઓક્સિડેટીવ તાણ સાથે વ્યવહાર કરવામાં મદદ કરે છે જે અકાળ વૃદ્ધત્વ અને ત્વચાની સમસ્યાઓનું કારણ બને છે. અમેરિકન જર્નલના ન્યુટ્રિશનના અધ્યયનમાં જાણવા મળ્યું છે કે વિટામિન સી ત્વચાની શુષ્કતા અને કરચલીઓ ઘટાડવામાં મદદ કરે છે.

**શરીરને હાઈડ્રેટેડ રાખે છે :-**

ઘણાં લોકો ઓછું પાણી પીતાં હોય છે. આ કિસ્સામાં, ગરમ પાણી અને લીંબુ પીવાથી તે તમને હાઈડ્રેટેડ રહેવામાં મદદ કરે છે.

# દુનિયાની ૪૪ ટકા વસ્તીને જાનવરોથી રોગનો ખતરો



## ગાય, ભેંસ, બકરી અને શ્વાન જેવા પાલતુ જાનવરોથી માણસને ઈન્સેફેલાઈટીસ જેવી બિમારી થઈ શકે છે : દક્ષિણ-પૂર્વ એશિયાના ભારત-ચીનમાં ૧૦ ટકા પર આ સંક્રમણનું વધુ જોખમઃ સંશોધકોનો તાત્કાલિક પગલા લેવા અને નિરાકરણ લાવવા આગ્રહ

ન્યુયોર્ક (અમેરિકા) તા.૧૮

દુનિયાની લગભગ ૪૪ ટકા વસ્તી પર જુનોટિક રોગોનું જોખમ વધુ છે. નવા અધ્યયનમાં આ દાવો કરવામાં આવ્યો છે. જાનવરોથી માણસોમાં ફેલાતા સંક્રમણોને જુનોટીક હોસ્ટ રિચનેસ નામથી રિપોર્ટ જાહેર કર્યો છે.રિપોર્ટ અનુસાર લગભગ ૩.૫ અબજ લોકો જુનોટીક રોગની ઝપેટમાં આવી શકે છે. જાણવા મળ્યુ કે દક્ષિણ-પૂર્વ એશિયાનાં ભારત-ચીનમાં લગભગ ૧૦ ટકા પર અત્યાધિક જોખમ છે. નિષ્કર્ષ બતાવે છે કે જયાં માણસની વસ્તી વન્યજીવોના સંપર્કમાં આવે છે ત્યાં જુનોટિક રોગ ફેલાવવાનો દર વધુ હોઈ શકે છે.

સંશોધકોએ ૧૪૪ રોગો સાથે સંકળાયેલા ૬૮૬ પ્રજાતિઓનું વિશ્લેષણ કર્યુ હતું.

**શુ છે જુનોટિક રોગ**

જાનવરોથી માણસના શરીરમાં ફેલાતા રોગના સંક્રમણને જુનોટિક રોગ કહેવામાં આવે છે. આ વિષાણુ, જીવાણુ અને પરજીવીથી ફેલાય છે.તેમાંથી કેટલીક બિમારીઓ હલકી હોય છે તો કેટલીક ગંભીર અને ત્યાં સુધી કે જીવલેણ હોય છે.

**ઈન્સેફેલાઈટીસ જેવી ગંભીર બિમારી સંભવઃ**

ગાય, ભેંસ, બકરી, શ્વાન જેવા પાલતુ જાનવરોથી ઈન્સેફેલાઈટીસ જેવી બિમારી થવાનો ખતરો છે તેમનાં શરીરમાંથી મળતી ઈતડી (કીડો)ના લોહીમાં ઘાતક બેકટેરીયા મળી આવે છે. જેનાથી ઈન્સેફેલાઈટીસ જેવી જ એકયુટ ફેબ્રાઈલ ઈલનેસ (એએફઆઈ) રોગ થઈ શકે છે.

આઈસીએમઆરના રીજયોનલ મેડીકલ રિસર્ચ સેન્ટર (આરએમઆરબી)ના સંશોધનમાં આ ખુલાસો થયો છે. સંશોધનમાં ૨૦૦ ગાય, ૨૦૦ ભેંસ, ૨૦૦ બકરી, અને ૪૦ શ્વાનના શરીર પર મળેલ કુલ ૧૭૭૮ ઈતડી લેવાય હતી.

**ભારત-ચીનમાં સંભાવનાઃ**

ભારત-ચીનનાં અનેક ભાગોમાં મૌજુદ પ્રજાતિઓનું પણ વિશ્લેષણ કરવામાં આવ્યું હતુ. તેમાં જાણવા મળ્યુ તે માણસની વસ્તીની પાસ મળી આવતો સ્તનધારી પ્રજાતિઓમાં ચામાચિડીયા, વાનર છે. જેમનાથી આ પ્રકારની બિમારી ફેલાય છે.

# જય શ્રીરામઃ અયોધ્યા રામ મંદિરની તિજોરી છલકી..

ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં મહાકુંભ ચાલી રહ્યો છે એનો ફાયદો કાશી, મથુરાનાં મંદિરો ઉપરાંત અયોધ્યાના રામ મંદિરને પણ થઈ રહ્યો હોવાનું જણાઈ આવ્યું છે. દરરોજ મોટી સંખ્યામાં ભકતો રામલલાનાં દર્શન કરી રહ્યા હોવાથી એક વર્ષમાં ૭૦૦ કરોડ રૂપિયાનું દાન મંદિરને મળ્યું હોવાનું જાણવા મળ્યું છે. આ સાથે જ રામ મંદિરે દાનની દૃષ્ટિએ ત્રીજા નંબરે રહેતા વૈષ્ણોદેવી મંદિરને પાછળ રાખી દીધું છે.

રામજન્મભૂમિ અયોધ્યામાં ભગવાન રામના બાળસ્વરૂપ રામલલાની મૂર્તિની પ્રાણપ્રતિષ્ઠા ગયા વર્ષે ૨૨ જાન્યુઆરીએ કરવામાં આવી હતી. અત્યાર સુધી ૧૩ કરોડ ભકતોએ મંદિરમાં દર્શન કર્યા છે જેને લીધે મંદિરને પહેલા વર્ષે ૭૦૦ કરોડથી વધુ રૂપિયાનું દાન મળ્યું હોવાનું જાણવા મળ્યું હતું. આ સાથે જ દાનરૂપે થતી આવકમાં રામલલાના મંદિરે ગોલ્ડન ટેમ્પલ, વૈષ્ણોદેવી અને શિર્ડીના સાંઈબાબાના મંદિરને પાછળ રાખી દીધાં છે. અયોધ્યાના રામ મંદિરની આવકનો આ આંકડો ગયા વર્ષે પ્રાણપ્રતિષ્ઠા થયાથી આ વર્ષના જાન્યુઆરી મહિના અંત સુધીનો છે. કુંભના મેળામાં સ્નાન કરવા જઈ રહેલા ભકતો અયોધ્યા પણ જઈ રહ્યા છે જેને લીધે દરરોજ મોટી સંખ્યામાં ભકતો રામલલાનાં દર્શન કરી રહ્યા છે. મકરસંક્રાંતિથી આ સિલસિલો ચાલી રહ્યો છે.



**એક જ વર્ષમાં સુવર્ણ મંદિર અને વૈષ્ણોદેવીથી આગળ નીકળીને ૭૦૦ કરોડ રૂપિયાના દાન સાથે ત્રીજા નંબરે આવી ગયું**

**કયા મંદિરને કેટલું દાન મળે છે?**

| મંદિર | દાન |
| --- | --- |
| આંધ્રપ્રદેશનું તિરુપતિ વેન્કટેશ્વર મંદિર | ૧૬૫૦ કરોડ |
| કેરલાનું પદ્મનાભસ્વામી મંદિર | ૭૫૦થી ૮૦૦ કરોડ |
| પંજાબના અમ્રિતસરનું સુવર્ણ મંદિર | ૬૫૦ કરોડ |
| જન્મુ-કાશ્મીરનું વૈષ્ણોદેવી મંદિર | ૬૦૦ કરોડ |
| મહારાષ્ટ્રના શિર્ડીનું સાંઈ મંદિર | ૫૦૦ કરોડ |
| ઓડિશાનું જગન્નાથપુરી મંદિર | ૪૦૦ કરોડ |
| દિલ્હીનું અક્ષરધામ મંદિર | ૨૫૦ કરોડ |
| ગુજરાતનું સોમનાથ મંદિર | ૨૦૦ કરોડ |

અયોધ્યાના રામ મંદિરમાં દાન આપવા માટે ૧૦ પેટી રાખવામાં આવી છે. ભકતો આ પેટી છલકાવી રહ્યા છે. ગઈકાલે અયોધ્યાના રામ મંદિરમાં રામલલાનાં દર્શન કરતા ભકતો.

# શેરબજારના કડાકામાં મોટા ખેરખાનાં નાણાં પણ ડુબ્યાઃ ટોપ-૧૦ ઈન્વેસ્ટરોનાં ૮૧૦૦૦ કરોડ ધોવાયા

## રાધાકિશન દામાણી, ઝુનઝુનવાલા, આકાશ ભણશાલી, હેમેન્દ્ર કોઠારી વગેરેનાં પોર્ટફોલીયા હોલ્ડીંગ મૂલ્યમાં મોટો ઘટાડો

રાજકોટ તા.૧૮

મંદીમાં સપડાયેલા શેરબજારમાં માત્ર નાના ઈન્વેસ્ટરો જ નહિં પરંતુ મોટા રોકાણકારોનો પણ કચ્ચરઘાણ નિકળી ગયો છે. ટોપ-૧૦ ઈન્વેસ્ટરોની સંપતિમાં છેલ્લા સાડા ચાર મહિનામાં ૮૧૦૦૦ કરોડનું ધોવાણ થયુ છે. તે પૈકી અમુકની હોલ્ડીંગ કિંમતમાં ૩૦ ટકા સુધીનો ઘટાડો થઈ ગયો છે.

શેરબજાર કેટલાંક દિવસોથી મંદીનો તાપ અનુભવી રહ્યુ છે. અમેરિકામાં ટ્રેડવોર, રૂપિયાની નબળાઈ, વિદેશી નાણાં સંસ્થાઓની વેચવાલી સહિતના પ્રતિકુળ કારણોની અસરે માર્કેટ સતત નીચે ઉતરતુ રહ્યું છે.રીટેઈલ ઈન્વેસ્ટરોને અબજો રૂપિયાનું નુકશાન છે. માર્કેટ કેપીટલાઈઝેશન ૪૭૭ લાખ કરોડના સર્વોચ્ચ સ્તરેથી હવે ૪૦૦ લાખ કરોડથી પણ નીચે આવી ગયુ છે.

સૌથી મોટુ ધોવાણ મીડ-સ્મોલકેપ શોર્ટમાં હતું. નાના ઈન્વેસ્ટરોની જંગી મૂડી ડુબી ગયાનું સ્વાભાવીક છે. જોકે, મૂડી ધોવાણમાં મોટા ઈન્વેસ્ટરો પણ બાકાત રહ્યા નથી ચાલુ કેલેન્ડર વર્ષમાં ૨૫ ટકા તથા ૧ ઓકટોબર પછીનાં સાડા ચાર મહિનામાં ૩૦ ટકાનું ધોવાણ છે ટોપ-૧૦ વ્યકિતગત ઈન્વેસ્ટરોનું મૂડીધોવાણ ૮૧૦૦૦ કરોડ થવા જાય છે.



ડીમાર્ટનાં સ્થાપક રાધાકિશન દામાણીનાં હોલ્ડીંગમાં ૬૪૦૦૦ કરોડ (૨૮ ટકા)નો ઘટાડો થયો છે. ૧ ઓકટોબર પછી તેમનું હોલ્ડીંગ ૨.૩૧ લાખ કરોડથી ઘટીન ૧.૬૭ લાખ કરોડ થયુ છે. એવન્યુ સુપર માર્કેટનાં શેરના ભાવમાં ૨૭ ટકાનો ઘટાડો થયો છે. તેમનુ ટ્રેન્ટમાં પણ બીજા નંબરનું સૌથી મોટુ રોકાણ છે તેમાં ૩૨ ટકાનો કડાકો છે.

૧ ઓકટોબર પછી નેશનલ સ્ટોક એકસચેંજનો નીફટી ૧૧ ટકા ગગડયા છે. નિફટી મીડકેપ ૧૫૦ ૭૭ ટકા તથા નિફટી સ્મોલકેપ ૨૨ ટકાનો ઘટાડો સુચવે છે. આ સમયગાળામાં વિદેશી સંસ્થાકીય ઈન્વેસ્ટરોએ ૨.૫ લાખ કરોડના શેરો ફુંકી માર્યા હતા.સ્મોલકેપ કેટેગરીનાં સંખ્યાબંધ શેરો ૩૦ ટકાથી માંડીને ૮૦ ટકા સુધી નીચે આવી ગયા છે.

આ સિવાય સ્વ.રાકેશ ઝુનઝુનવાલાના પોર્ટફોલીયોમાં ૧ ઓકટોબર પછી ૧૯ ટકાનો ઘટાડો થયો છે. પરિવારની શેર સંપતિ ૫૯૭૦૯ કરોડ થઈ છે.

આકાશ ભણશાલીની સંપતિમાં ૧૬ ટકાનો ઘટાડો છે. ગુજરાત ફલોરો કેમીકલ્સનો શેર ૧૩ ટકા ગગડયો હતો. જયારે આ સમયમાં પેટીએમમાં પાંચ ટકાનો સુધારો હતો.

હેમેન્દ્ર કોઠારીનું પોર્ટફોલીયો હોલ્ડીંગ મુલ્ય ૨૯ ટકાનો ઘટાડો સુચવતુ હતું. આલ્કીલ એમાઈન્સમાં ૨૮ ટકા તથા સોનાટા સોફટવેરમાં ૩૩ ટકાનો ઘટાડો હતો. મુકુલ અગ્રવાલ, આશીષ કચોલીયા તથા યુસુફલી કાદર ઘણા અંશે બચી ગયો હોય તેમ શેર સંપતિનું ધોવાણ સીંગલ ડીજીટમાં જ હતું.

# ડેટાની કમાલઃ વિદેશમાં ભારતીયોએ ખરીદેલી રૂા.૨૨૦૦૦ કરોડની મિલ્કતો શોધી કઢાઈ

નવી દિલ્હી તા.૧૮

દેશમાં બેનામી મિલ્કતો શોધવા આવકવેરા વિભાગે દરોડાનો દોર શરુ કર્યો છે તો વિદેશમાં પણ રહેલી ભારતીયની મિલ્કતો કે જે કરચોરી કરીને મેળવી છે તેમાં બેન્કીંગ ડેટાના આધારે જ રૂા.૨૨૦૦૦ કરોડની વિદેશી મિલ્કતો શોધી કાઢવામાં આવકવેરા ખાતાને સફળતા મળી છે. આઈટી દ્વારા ડેટા એનાલીસની સમગ્ર પ્રક્રિયા ઉભી કરીને વિદેશમાં જે નાણા ગયા છે તેનું પગેરુ મેળવ્યુ હતું અને તેમાં અલગ અલગ લોકોએ ખરીદેલી રૂા.૨૨ હજાર કરોડની મિલ્કતોની




ઓળખ પ્રસ્થાપિત કરી દેવાઈ છે અને હવે તે મિલ્કતોના માલિકોને નોટીસ મોકલીને તેમની પાસેથી જવાબ માંગવામાં આવશે.

૨૦૨૦-૨૧ના જે ડેટા મળ્યા હતા તેના આધારે આ પ્રકારે મિલ્કતો શોધવામાં આવી છે. અનેક બેન્કોએ

**૨૦૨૦-૨૧ના ડેટાની સ્કુટીની પરથી આઈટી વિભાગને મોટી સફળતા**

જે શંકાસ્પદ વ્યવહારો કર્યા હતા જેને પણ આવકવેરા ખાતાએ મેળવીને તેના પર વિદેશમાં પગેરુ શોધ્યુ હતું. આવકવેરા ખાતાના નિયમ મુજબ વિદેશમાં જો કોઈ ભારતીય મિલ્કત ખરીદે તો તેને પોતાના આવકવેરા રિટર્નમાં દર્શાવવું ફરજીયાત છે.

# વુલ્ફમેનઃ ચહેરા પર સૌથી લાંબા વાળ ધરાવતો માણસ છે ભારતીય ટીનેજરઃ ગીનેસ વર્લ્ડ રેકોર્ડમાં નામ અંકિત

મધ્યપ્રદેશના રતલામ પાસે નાનકડા ગામ નાંદલેટામાં રહેતો ૧૯ વર્ષનો લલિત પાટીદાર એક અસામાન્ય બીમારીથી પીડાય છે. પોતાના ચહેરા પર જન્મથી જ ગીચ વાળ લઈને જન્મેલો લલિત આખા શરીર પર અને ખાસ કરીને પીઠ, ચહેરા અને હાથ પર બહુ લાંબા વાળ હોય એવી અસામાન્ય બીમારીથી પીડાય છે. દુનિયામાં માત્ર ૫૦ વ્યકિતને જ આ બીમારી છે. આ અસામાન્ય બીમારીને કારણે બાળપણમાં બાળકો તેની સાથે રમતાં નહોતાં. કોઈ તેને પથ્થર મારતું, કોઈ વાંદરો કહીને મજાક ઉડાડતું તો વળી કોઈ હનુમાનજીનું સ્વરૂપ ગણીને પ્રણામ કરતું, પરિવાર અને દોસ્તોના સાથથી લલિતે હિંમત ન હારી. તેણે પોતાની યુટ્યુબ ચેનલ શરૂ કરી અને સોશ્યલ મીડિયા દ્વારા ખ્યાતિ મેળવીને ‘વુલ્ફમેન’ તરીકે પણ ઓળખાવા લાગ્યો. ધીમે-ધીમે બધું બદલાવા લાગ્યું. અત્યારે તે બારમાં ધોરણમાં ભણે છે, બાઈક ચલાવે છે અને સ્પોર્ટસમાં પણ ભાગ લે છે.

ગિનેસ વર્લ્ડ રેકોર્ડસ તરફથી લલિતનો બે વર્ષ પહેલાં સંપર્ક કરવામાં આવ્યો હતો. આખા શરીર અને ચહેરા પર પાંચથી છ સેન્ટિમીટર લાંબા ગીચ વાળ ધરાવતો લલિત પોતાના સાથી જિતેન્દ્રકુમાર સાથે ઈટલીના મિલાન શહેરમાં ગયો અને વિશેષજ્ઞોએ ૬ દિવસ તપાસ કરીને ચહેરા પર સૌથી લાંબા વાળ ધરાવતી વ્યકિતનો રેકાર્ડ તેના નામે કરીને મેડલ અને સર્ટિફીકેટ આપ્યા હતા. લલિતના ચહેરા પર સૌથી વધારે વાળ દર સેન્ટિમીટર પર ૨૦૧.૭૨ સેન્ટિમીટર છે. લલિતના ઘરમાં મમ્મુ-પપ્પા અને ચાર બહેનો છે. ૨૧ વર્ષ પછી તે સર્જરી કરાવી શકશે એવી શકયતા ડોકટરો જણાવી રહ્યા છે.



# વિશ્વના સૌથી ઉંચા વોટર બફેલો કિંગ કોન્ગની ઉંચાઈ છે અધધધ.. ૧૮૬ સેન્ટિમીટર

થાઈલેન્ડના નિનલાની ફાર્મમાં ફાર્મમાં રહેતા વોટર બફેલો કિંગ કોન્ગની ઉમર માત્ર ૩ વર્ષ છે, પણ એની પ્રજાતિના અન્ય વોટર બફેલોની એવરેજ ઉંચાઈ કરતાં એની ઉંચાઈ ૫૦ સેન્ટિમીટર વધારે એટલે કે ૧૮૬ સેન્ટિમીટર છે. ૨૦૨૧માં એનો જન્મ થયો ત્યારે જ ફાર્મના માલિકને એની ઉંચાઈ વધારે લાગી હતી અને એટલે જ એનું નામ મોન્સ્ટર ગોરીલાની ફિલ્મ પરથી કિંગ કોન્ગ રાખવામાં આવ્યું હતું.




ભલે આટલી ઉંચી કાયા હોય, પણ એ સ્વભાવથી એકદમ પ્લેફુલ પપી જ છે અને એકદમ ફ્રેન્ડલી છે. એને પાણીમાં રમવું બહુ ગમે છે, કેળાં બહુ ભાવે છે અને એની સંભાળ લેતા બધા સાથે રમવું ગમે છે.

ફાર્મનો માલિક કહે છે, ‘ફાર્મમાં બધા કિંગ કોન્ગને પ્રેમ કરે છે. મને એ બહુ જ ગમે છે. એ રોજ ૩૫ કિલો ખોરાક ખાય છે. એને ઘાસ અને મકાઈ ભાવે છે. કિંગ કોન્ગનો દિવસ સવારે છ વાગ્યે શરૂ થાય છે. પછી એ બહાર યાર્ડમાં રમે છે અને પછી પોન્ડમાં પાણીમાં રમે છે. નાસ્તા પહેલા એને નવડાવવામાં આવે છે અને પછી એ સાંજે ૫-૩૦ વાગ્યા સુધી જે કરવું હોય એ કરે છે. ત્યાર બાદ એને ફરીથી નવડાવીને ડિનર આપવામાં આવે છે અને ફાર્મમાં અંદર સૂવા માટે લઈ જવામાં આવે છે’.

થાઈલેન્ડમાં વોટર બફેલોનું બહુ મહત્વ છે. એ ખેતી અને ટ્રાન્સપોર્ટેશનમાં મહત્વનો ભાગ ભજવે છે.

# અલ્લુ અર્જુન અને રામ ચરણમાં કોણ વધુ પૈસાદાર ?



મુંબઈ : તેલુગુ સિનેમાનાં બે સૌથી પ્રખ્યાત કલાકારો રામ ચરણ અને અલ્લુ અર્જુનને વિવિધ સ્ટાઈલ, જબરદસ્ત ફેન ફોલોઈંગ અને રેકોર્ડ બ્રેકિંગ ફિલ્મોથી તેમનો વારસો બનાવ્યો છે. દિગ્ગજ અભિનેતા ચિરંજીવીના પુત્ર રામ ચરણને ‘મગધિરા’, ‘રંગસ્થલમ’ અને વૈશ્વિક સ્તરે સફળ ‘આરઆરઆર’ જેવી ફિલ્મોમાં તેમનાં મજબૂત અભિનયથી વિશ્વભરમાં ખ્યાતિ મેળવી છે. મોટી ફિલ્મો બનાવવાથી લઈને રાષ્ટ્રીય એવોર્ડ જીતવા સુધી, બંને અભિનેતાઓની પોતાની અલગ ખાસિયતો છે. આ દરમિયાન, ‘સ્ટાઈલિશ સ્ટાર’ અને ‘આઇકોન સ્ટાર’ તરીકે ઓળખાતા અલ્લુ અર્જુન, તેનાં શ્રેષ્ઠ ડાન્સ, ડાયનેમિક સ્ક્રીન પ્રેઝન્સ અને ‘આર્ય’, ‘અલા વાઈકુંથપુરમુલુ’ અને ‘પુષ્પા’ જેવી એકશન ફિલ્મોથી લોક ચાહના મેળવી છે. બંને અભિનેતાઓએ ભારતીય સિનેમાનાં સૌથી ફી લેતાં અભિનેતાઓમાં સ્થાન મેળવ્યું છે. રામ ચરણની કુલ સંપત્તિ અલ્લુ અર્જુન કરતાં ઘણી વધારે છે.



**બંને અભિનેતાઓ ભારતીય સિનેમાનાં સૌથી વધુ ‘ફી’ લેતાં અભિનેતાઓમાં સામેલ**

### અલ્લુ અર્જુનની ફી :-

અલ્લુ અર્જુને ‘પુષ્પા ૨: ધ રુલ’ માટે લેવામાં આવેલી ફી સાથે ઈતિહાસ રચ્યો છે. તેણે પુષ્પા ૨ માટે ૩૦૦ કરોડ રૂપિયાની રેકોર્ડ ફી લીધી છે, જેથી તે ભારતમાં સૌથી વધુ ફિ લેતાં અભિનેતા બની ગયાં છે.

ભારતમાં તેમની વધતી જતી લોકપ્રિયતા અને ‘પુષ્પાઃ ધ રાઈઝ’ ની સફળતાથી તેનું મૂલ્ય ખૂબ વધ્યું છે, જેથી તે દેશનાં સૌથી વધુ માંગ ધરાવતાં અભિનેતાઓમાંથી એક બની ગયાં છે.

### રામચરણફી :-

આ દરમિયાન, રામ ચરણે ‘RRR’ માટે ૪૫ કરોડ રૂપિયાની ફી લીધી હતી અને ‘ગેમ ચેન્જર’ માટે ૧૦૦ કરોડની માંગ કરી હતી. જો કે, ફિલ્મનાં પ્રોડક્શન સ્કેલ અને બજારને ધ્યાનમાં રાખીને, તેમની ફી ઘટાડીને ૬૫ કરોડ રૂપિયા કરવામાં આવી છે.

રામ ચરણ પણ સૌથી વધુ ફી લેતાં અભિનેતાઓમાંથી એક છે. બંને કલાકારો બોક્સ ઓફિસ પર પ્રભુત્વ ધરાવે છે અને તેમની ફેન ફોલોઈંગ પણ ખૂબ જ વધારે છે.

### અલ્લુ અર્જુન અને રામ ચરણની નેટવર્થ

લગભગ ૧૩૭૦ કરોડની સંપત્તિ સાથે, રામ ચરણની સંપત્તિ પુષ્પા સ્ટાર કરતાં લગભગ ૨.૯ ગણી વધારે છે. અલ્લુ અર્જુનની નેટવર્થ લગભગ ૪૬૦ કરોડ છે. તેમાં હૈદરાબાદમાં ૧૦૦ કરોડ રૂપિયાની ભવ્ય હવેલી શામેલ છે, જેનાં માલિક અભિનેતાના પિતા અલ્લુ અરવિંદ છે જે એક પ્રખ્યાત ફિલ્મ નિર્માતા છે.

# જુની બોલિવૂડ ફિલ્મો રિ-રીલીઝથી નવી પેઢી આકર્ષિતઃ મોટી કમાણી

## હાલમાં જ રિ-રીલીઝ થયેલી તુબ્બાડ અને સનમ તેરી કસમ તેનાં જુના બોક્સ ઓફિસ કલેકશનને વટાવી ગઈ

નવી દિલ્હી,તા.૧૮

ભારતીય પ્રદર્શકો હિન્દી ફિલ્મોને ફરીથી રજૂ કરી રહ્યાં છે, જેમાં તુમ્બબાદ અને સનમ તેરી કાસમ જેવી ૫ - ૮ વર્ષ જૂની ફિલ્મોનો સમાવેશ થાય છે. આ ફિલ્મોએ તેનાં જુના બોક્સ ઓફિસ કલેકશન કરતાં રી-રીલીઝમાં વધુ કમાણી કરી છે.



આમાની ઘણી ફિલ્મો પહેલાં જયારે રીલીઝ થઈ હતી તે દરમિયાન સારું પ્રદર્શન ન કરી શકી હતી પણ તે ફિલ્મોને સ્ટ્રીમિંગ પ્લેટફોર્મ, ટીવીમાં પ્રેક્ષકો તરફથી મજબૂત પ્રતિસાદ મળ્યો હતો. હવે આ રી રીલીઝ પર ખાસ કરીને નવી પેઢીનાં દર્શકો આ ફિલ્મોને ખૂબ જ પસંદ કરી રહ્યાં છે. સનમ તેરી કસમે તેની રી રીલીઝ દરમિયાન આઠ દિવસમાં લગભગ ૨૮ કરોડની કમાણી કરી હતી જે નવી ત્રણ ફિલ્મો લવયાપા, સ્કાય ફોર્સ અને છાવા સાથે સ્પર્ધા કરી રહી છે.

ટેલિવિઝન અને સ્ટ્રીમિંગ પ્લેટફોર્મ્સ પર મજબૂત દર્શકો સાથે હિન્દી ફિલ્મોને રી રીલીઝ કરવાની પ્રદર્શકોની ચાલ સફળ સાબિત થઈ રહી છે, કારણ કે આ ફિલ્મોએ તેમનાં મૂળ રનથી આગળ નીકળી ગઈ છે અને નવી ફિલ્મો સામે મેદાન જાળવી રાખ્યું છે.

મજબૂત પ્રતિસાદ આપતાં વિશ્લેષકોએ આગાહી કરી છે કે સનમ તેરી કસમ તેની બોક્સ ઓફિસની ગતિ જાળવશે અને આગામી દિવસોમાં સરળતાથી ૫૦ કરોડને વટાવી દેશે, જે પ્રકાશન સમયે તેનાં મૂળ ૯.૧૧ કરોડની કમાણી કરતાં નોંધપાત્રપણે સારી છે.

કાર્મિક ફિલ્મોના સહ-સ્થાપક અને દિગ્દર્શક સુનિએલ વાધવાએ જણાવ્યું હતું કે, ‘‘આજે રી રીલીઝ મોટા બજેટની ફિલ્મોની ગેરહાજરીમાં એક અંતર ભરવા માટે નથી પણ કાળજીપૂર્વક આયોજન કરવામાં આવ્યું છે, જે ફિલ્મો પસંદ કરવામાં આવી છે તેને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ, સ્ટ્રીમિંગ પ્લેટફોર્મ્સ અને ટેલિવિઝન પર મજબૂત દર્શકો મળેલા છે.‘‘

તેમણે કહ્યું કે પરવડે તેવી ટિકિટના ભાવ, સારું સંગીત ફુટફોલ્સ ચલાવી રહ્યાં છે. મોટી સંખ્યામાં જેન-ઝેડ પ્રેક્ષકો થિયેટરોમાં રી રીલીઝ ફિલ્મો જોવા જાય છે.

નિર્માતાઓએ રી રીલીઝની સફળતાને બે નિર્ણાયક પરિબળોને આભારી ગણાવી છે. એક તે છે કે આ ફિલ્મો, જે મોટા ભાગે મધ્ય અને નાના બજેટની હતી, તેમનાં મૂળ પ્રકાશન સમયે થિયેટરોમાં પૂરતી સ્ક્રીન પ્રાપ્ત કરી શકી ન હતી, જે હવે તેને મળી રહી છે. અન્ય નિર્ણાયક પરિબળ એ છે કે યુવા પેઢીને અપીલ કરતી ફિલ્મો આજે ભાગ્યે જ બનાવવામાં આવે છે.

પ્રાદેશિક ફિલ્મોનું નિર્માણ, નાણાકીય બાબતો અને વિતરણ કરનારી કંપની, ૯૧ ફિલ્મ સ્ટુડિયોના સ્થાપક નવીનચંદ્રએ જણાવ્યું હતું કે, ‘‘આજે, હાઈ એકશન ફિલ્મોને ભારે સ્વીકૃતિ મળી છે. તેમણે ઉમેર્યું કે રી રીલીઝ ફિલ્મો સ્ટ્રીમિંગ પ્લેટફોર્મ અને ટેલિવિઝન ચેનલો પર ઉપલબ્ધ છે, તેમ છતાં યુવા પેઢી મોટા પ્રમાણમાં થિયેટરોમાં આવી રહી છે કારણ કે આવી ફિલ્મો આજે બનાવવામાં આવતી નથી.‘‘

તાજેતરનાં વર્ષોમાં મોટી સંખ્યામાં એક્શન ફિલ્મો બોક્સ ઓફિસ પર પ્રભુત્વ ધરાવે છે. એનિમલ, કીલ અને માર્કો જેવી ફિલ્મો, જેમાં હિંસાનું ઉચ્ચ સ્તર



દર્શાવવામાં આવ્યું છે. આ સંદર્ભમાં, એવું જોવા મળ્યું છે કે નાનાં પ્રેક્ષકોનો નોંધપાત્ર ભાગ પ્રાદેશિક ભાષાઓમાં રોમેન્ટિક ફિલ્મોની શોધ અને આનંદ લઈ રહ્યો છે.

સિનેપોલિસ ઇન્ડિયાના મેનેજિંગ ડિરેક્ટર દેવંગ સંપતે જણાવ્યું હતું કે, ‘‘ટ્રાંઝેકશનનું કદ, જે થિયેટરોમાં આવતાં અને ખર્ચમાં આવતાં લોકોની સંખ્યા છે, સામાન્ય રીતે નવી ફિલ્મ માટે ૨.૫ છે. પરંતુ રી રીલીઝ માટે, તે ૪ છે. તેમણે ઉમેર્યું કે‘‘અમે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર યુવાન પ્રેક્ષકોને તે જૂની ફિલ્મો વિશે પૂછતાં રહીએ છીએ અને તે મુજબ અમારાં શેડ્યૂલ અને યોજના ઘડી રહ્યાં છીએ.‘‘ હવે એપ્રિલમાં અંદાઝ અપના અપના રી રીલીઝ કરવામાં આવશે. આ ફિલ્મ ૧૯૯૪ માં આવી હતી અને તે સમયે તે સારું પ્રદર્શન કરી શકી ન હતી. હવે આ કોમેડી ફિલ્મ રી રીલીઝ માટે તૈયાર છે.





### ભવિષ્યના યુધ્ધ જમીન અને સમુદ્ર કરતા આકાશમાં લડાશે તે નિશ્ચિત કરીને વિશ્વના દેશો વ્યુહરચના ઘડી રહ્યા છે

# એફ-૩૫ કે સુખોઇ એસયુ-૫૭! બિલિયન ડોલર પ્રશ્ન

**વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અમેરિકી યાત્રા સમયે ઓચિંતા જ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પએ ભારતને ફિફથ જનરેશનના એફ-૩૫ લડાયક વિમાન પૂરા પાડવાની જાહેરાત કરીને મોદી સરકારને પણ આશ્ચર્યમાં નાંખી દીધુ છે એ વાસ્તવિકતા છે કે ભારત હાલ ફાઇટર જેટના શોપીંગ માટે વિકલ્પો તલાશી રહ્યું છે પણ આટલી ઝડપી ઓફર આવી જશે તે પણ ખ્યાલ ન હતો મહત્વનું એ છે કે આ સોદો અમેરિકા સાથે ટ્રેડ અને ટેરીફ વોર ટાળવા માટે થશે તો વાસ્તવિક વોરમાં એફ-૩૫એ કેટલા મહત્વના છે તે પ્રશ્નનો જવાબ મેળવવાનો રહેશે. આખરે બે ટ્રીલીયન ડોલરનો સોદો છે**

સ્પોટ-લાઈટ
કે.આર.
krisht555@gmail.com

ભવિષ્યમાં જે યુધ્ધ થશે તે જમીન અને સમુદ્ર કરતા આકાશમાં વધુ લડાશે અને હાલ જે રીતે આપણે યુક્રેન અને રશિયા વચ્ચેના યુધ્ધને જોઇ રહ્યા છીએ તે પછી એ નિશ્ચિત છે કે વિશ્વભરના દેશો હવે આ સ્કાયવોરની ગંભીરતા સમજી જશે અને તેથી સિકસ જનરેશન ફાઇટર પ્લેનથી લઇ આધુનિક ડ્રોન એ દુનિયામાં સૌથી વધુ ડિમાંડ ધરાવતા યુધ્ધ શસ્ત્રો બની ગયા છે અને ત્રીજુ વિશ્વ યુધ્ધ જો લડવું હશે તો દુનિયામાં દરેક દેશોને તેને એર ફાયર પાવરને વધારવો પડશે તે સમયે જે રીતે ભારતીય હવાઇ દળની ક્ષમતા અંગે વારંવાર પ્રશ્ન ઉઠે છે અને તેની સાથોસાથ હાલમાં જ ભારતીય હવાઇ દળના વડા એર માર્શલ એ.પી.સિંઘે એ ભારત સરકારની માલિકીની હિન્દુસ્તાન એરોનેટીકીસ દ્વારા જે રીતે તેજસ લાઇટ કોમ્બેંટ એરક્રાફટના નિર્માણમાં શેડયુલ બાદ જે વિલંબ થઇ રહ્યો છે તેના પછી અત્યંત આકરા વિધાનો કરતા કહ્યું કે મને આ જાહેર સાહસો પર કોઇ ભરોસો નથી કારણ કે તે મિશન મોડમાં નથી. એર માર્શલની આ વાત સાચી પડશે ગત ફેબ્રુઆરીમાં હવાઇ દળનો ચાર્જ સંભાળ્યો તે સમયે કહેવામાં આવ્યું હતું કે તેજસ માર્ક-૧એ તૈયાર હશે પરંતુ હજુ સુધી એક પણ ફાઇટર પ્લેન જોવા મળી નથી અને એર માર્શલની આ ફરિયાદ ફકત હિન્દુસ્તાન એરોનેટીક નહીં પ પરંતુ સાથોસાથ સંરક્ષણમાં ઉત્પાદન ક્ષેત્રે જોડાયેલા સાહસ માટે આ પરિસ્થિતિ છે. હિન્દુસ્તાન એરોનેટીક તેના શેડયુલથી ૪૦ વર્ષ પાછળ દોડી રહ્યું છે અને ભારતનો લાઇટ કોમ્બેકટ એરક્રાફટ પ્રોગ્રામ ખરેખર તો ૧૯૮૦માં સોવિયત સંઘના મીગ-૨૧ અને સુખોઇ-એસયુ૭ વિમાનને રીપ્લેસ કરવા માટે તૈયાર કરવામાં આવ્યું હતું અને સિંગલ એન્જિન આ વિમાનને છેક ૨૦૦૧માં પ્રથમ વખત હવામાં ઉડવાની તક મળી અને ૨૦૦૬થી ૨૦૧૦ વચ્ચે ૪૦ એરક્રાફટ તૈયાર ઓર્ડર હવાઇ દળથી મળ્યો અને અત્યાર સુધીમાં ૩૫ થી ૩૬ તેજસ હવાઇ દળને મળ્યા છે પરંતુ તે શેડયુલ ૧૦ વર્ષ પાછળ ચાલી રહ્યું છે.

ભારતની સૌથી મોટી ચિંતા ચીન છે કે જે વિશ્વનું બીજા નંબરનું સૌથી મોટુ એરપાવર ધરાવતું રાષ્ટ્ર છે. ભારત ચોથા નંબરે ચોકકસ છે પરંતુ હજુ સુધી આધુનિકતાના ધોરણે તે ચીનથી ઘણુ પાછળ છે અને તે સમયે હવે જયારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના અમેરિકા પ્રવાસ સમયે અચાનક જ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારતને અમેરિકી એફ-૩૫ વિમાન વહેંચવા માટે ઓફર કરી તો વાસ્તવમાં ભારતે હજુ સુધી અમેરિકાના આ પાંચમા જનરેશનના ફાઇટર પ્લેનને તેની શોપીંગ લીસ્ટમાં સમાવેશ પણ કર્યો ન હતો. ખાસ કરીને ભારતે ભવિષ્યમાં ચીન અને પાકિસ્તાન બંને સાથે લડવાની છે. તે નિશ્ચિત બની રહ્યું છે તે સમયે અને ચીન ફેકટરને ધ્યાનમાં રાખીને પણ હવાઇ તાકાત વધારવી જરૂરી છે અને તે સમયે ટ્રમ્પની ઓફર ભારતને કદાચ આકર્ષક લાગે તો પણ એફ-૩૫ વિમાન ખરીદવા અંગે ભારતે શું સોદો કરી લેવો જોઇએ તે અંગે હજુ એર પાવર નિષ્ણાંતોમાં મતભેદ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અમેરિકા ગયા તે પૂર્વે ફ્રાન્સની મુલાકાતે હતા અને તેમને ફ્રાન્સ સાથે ભારતીય નૌકાદળ માટે રાફેલ મરીન ફાઇટર પ્લેન ખરીદવાની તૈયારી કરી છે અને આગામી દિવસોમાં તે મંજૂરી મળી જશે. વિશ્વમાં જયારે સિકસ જનરેશન ફાઇટર પ્લેન માટે હવે અમેરિકા-ચીન અને રશીયા વચ્ચે સ્પર્ધા છે તો ભારતે ફિફથ જનરેશનના આ ફાઇટર પ્લેન ખરીદવા માટે પણ પહેલા રશિયાના સુખોઇ-૫૭ સાથે સરખામણી કરવી પડશે. એ વાસ્તવિકતા ભારતીય હવાઇ દળ પાસે ફકત ૩૦ ફાઇટર વિમાનોની સ્કોડર્ન છે જે વાસ્તવમાં ૪૨.૫ હોવી જોઇએ. આમ ભારતની હવાઇ ક્ષમતા તેના શેડયુલ કરતા ૧૦ વર્ષ પાછળ ચાલી રહી છે. તે પણ વાસ્તવિકતા છે.



**ભારતનો ખુદ ફાઇટર જેટ પ્રોગ્રામ ૧૦ વર્ષ પાછળ ચાલી રહ્યો છે, હાલમાં હવાઇ દળના વડાએ આ અંગે આક્રોશ વ્યકત કરી સરકારી સાહસ હિન્દુસ્તાન એરોનેટીક લીમીટેડ ક્ષમતા સામે પ્રશ્ન ઉભા કરી દીધા, એ વાસ્તવિકતા છે કે ભારત પાસે ફિફથ અને સિકસ જનરેશનના ફાઇટર પ્લેન માટેની ટેકનોલોજી વિકસીત થઇ રહી છે પરંતુ તેની સામે ચીને તેના સિકસ જનરેશન ફાઇટર પ્લેન જે-૨૦ અને જે-૩૬ હવામાં તરતા પણ કરી દીધા છે અને પાકિસ્તાનને પણ પૂરા પાડશે તેવી તૈયારી છે જોકે હજુ સિકસ જનરેશન ફાઇટર પ્લેન કેટલા એડવાન્સ છે તે પ્રશ્ન છે છતાં પણ ભારતે ભવિષ્યનું યુધ્ધ ચીન અને પાકિસ્તાન બંને સાથે લડવું પડશે તે મહત્વનું બની જશે**

**એફ-૩૫એ અમેરિકી હવાઇ દળની ક્ષમતા વધારી છે તે વાસ્તવિકતા છે પણ અમેરિકા તેનાથી ઘણુ આગળ વધી ગયું છે અને એફ-૩૫ની અનેક ખુબીઓ અંગે પણ ખુદ અમેરિકી નિષ્ણાંતો પ્રશ્ન ઉભા કર્યા છે જયારે રશિયાનું એસયુ-૫૭ એ ભારત માટે વધુ મહત્વનું પુરવાર થાય તેવી શકયતા છે, ડોનાલ્ડ ટ્રમ્પ આ સોદો રોકવા માટે પ્રયત્નશીલ હોવાનું બહાર આવ્યું છે અને હવે જયારે દુનિયાના દરેક દેશોએ રશિયા અને અમેરિકા વચ્ચેના બેલેન્સની ખાસ ડિપ્લોમેટીક વ્યુહરચના બનાવવી પડશે તેમાં ટ્રમ્પે ટ્રેડને સામેલ કરીને પરિસ્થિતિ વધુ ગુંચવણભરી બનાવી છે**

અમેરિકાના એફ-૩૫ ફાઇટરને આ દેશના સૌથી આધુનિક ડિફેન્સ પ્રોજેકટ તરીકે જોવામાં આવે છે. પરંતુ એ વાસ્તવિકતા છે કે ખુદ અમેરિકી સરકારના એકાઉન્ટીબીલીટી ઓફિસ એ પોતાના રીપોર્ટમાં કહ્યું છે કે એફ-૩૫ અને તેના આધુનિક વેરીયન્ટ એફ-૩૫/એ,એફ-૩૫/બી કે એફ-૩૫/સી, તેના ટાર્ગેટ અથવા તો જે કામગીરીની અપેક્ષા રખાઇ છે તેમાં ખરા ઉતર્યા નથી અને તેથી જ અમેરિકામાં આ ૧૬.૫ બીલીયન ડોલરનો પ્રોજેકટ એ ભારત માટે પણ ભવિષ્યની ચિંતા બની ન જાય તે જરૂરી છે. ખાસ કરીને ચાઇના જયારે તેના સિકસ જનરેશન ફાઇટર પ્લેનમાં આગળ વધી રહ્યું છે અને પાકિસ્તાન પણ ચાઇના પાસેથી આધુનિક એર પાવર ખરીદવા આતુર છે. તે સમયે ભારતની પસંદગી શું હોઇ શકે તે પણ પ્રશ્ન છે. ભારત પોતાના શેડયુલ મુજબ ફિફથ જનરેશન ફાઇટર પ્લેનના નિર્માણ માટે ૨૦૨૮ને ડેડલાઇન ગણી છે પરંતુ જે રીતે તેજસ પ્રોજેકટ પાછળ દોડી રહ્યો છે તેથી ભારત માટે હાલ તો વિદેશી એરકાફટ ખરીદવા સિવાય ભાગ્યે જ કોઇ વિકલ્પ રહ્યો હોય તેવી સ્થિતિ નિર્માણ થઇ છે અને તેથી જ મોદી સરકાર માટે આગામી દિવસોમાં અમેરિકા સાથે જવું કે રશિયા સાથે તે પણ નિર્ણય લેવો અઘરો બની જશે. એફ-૩૫ના આગમનથી ભારત તેના ફાયર પાવરની દ્રષ્ટિએ બ્રિટન, જાપાન અને ઇઝરાયલ બેસી શકે છે પણ ચીને તેના સિકસ જનરેશન જે-૨૦ અને જે-૩૬ને તૈયાર કરી લીધા છે. જોકે આ અંગે હજુ પણ નિષ્ણાંતો પ્રશ્ન ઉઠાવે છે. મહત્વની વાત છે કે અમેરિકન કંપની લોકહિડ માર્ટીન દ્વારા ઉત્પાદિત આ સીંગલ સીટર અને સીંગલ એન્જીન સુપરસોનિક વિમાન જે ત્રણ વેરીયેન્ટમાં મળે છે તે ભારતને તેની ક્ષમતા વધારવામાં મદદરૂપ થઇ શકે છે. ભારત હાલ તેના ફાયર પાવરમાં રશિયન બનાવટના સુખોઇ ૩૦-એમકેઆઇ અને ફ્રેન્ચ બનાવટના રાફેલ જેટ વિમાન પર વધુ આધારીત છે. પરંતુ જો પાકિસ્તાન એ ચીન પાસેથી જે-૩૫ વિમાન ખરીદવા માટે જે સોદો કર્યો છે તે જો આ ફાયર પાવર મેળવીને તો ભારત માટે પ્રશ્ન ઉભો થઇ શકે છે. ચીને ભારત સાથે સરહદ પર અત્યારથી જે-૨૦ ફાઇટર વિમાન ગોઠવી લીધા છે અને તેથી ભારત માટે ગેમ ચેન્જર નિર્ણય જરૂરી બની ગયો છે.

આ અમેરિકી એફ-૩૫ વિમાન માટે એમ કહેવાય છે કે જો તમારે દુશ્મન દેશની ટેરેટરીમાં ઘુસીને હુમલો કરવો હોય અને પરત આવી જવું હોય તો એફ-૩૫ શ્રેષ્ઠ વિકલ્પ છે. કારણ કે એર ડિફેન્સ સિસ્ટમમાં (રડાર)માં ઝડપાતા નથી. પરંતુ હજુ સુધી તે યુધ્ધ ભૂમિમાં એ કોઇ લડાઇમાં સાબિત થયા નથી જયાં તેના ફાયર પાવરને સરખાવી શકાય જેની સામે રશિયા પાસેથી ભારતે જે રીતે સુખોઇ-૫૭ ખરીદવા માટે તૈયારી શરૂ કરી છે તે પછી બંને ફાઇટર પ્લેનની સરખામણી મુશ્કેલ બની જશે છતાં પણ રશિયન વિમાન ભારત માટે વધુ સસ્તુ સાબિત થઇ શકે છે. સુખોઇ એસયુ-૫૭ એ ૩૫થી ૫૪ મીલીયન ડોલરમાં ભારતને મળી શકે છે જયારે અમેરિકી એફ-૩૫ એ ૩૫૦ મીલીયન ડોલરમાં પડશે. સૌથી મહત્વનું એ છે કે ભારતે બે મોરચે લડવાનું છે તે ધ્યાનમાં રાખવાનું છે આ નિર્ણય કરવાનો રહેશે અંકદરે ટ્રેડ પોલીસી હાલ ચકરાવે ચડી છે તે પછી ભારત માટે આ નિર્ણય વધુ અઘરો સાબિત થશે તે નિશ્ચિત છે.

# આવતીકાલથી ચેમ્પિયન્સ ટ્રોફીઃ પાકિસ્તાન અને ન્યુઝિલેન્ડનો મેચઃ ભારતનો જંગ ૨૦મીએ



નવી દિલ્હી : આઇસીસી ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ આવતીકાલથી પાકિસ્તાન અને યુએઈમાં શરૂ થવાની છે. આ ચેમ્પિયન્સ ટ્રોફીનું નવમું સંસ્કરણ વનડે ફોર્મેટની આઠ શ્રેષ્ઠ ટીમોની હાજરીમાં શરૂ થવાનું છે. આ ટૂર્નામેન્ટ ૨૦૧૭ પછી પ્રથમ વખત રમવામાં આવશે. વર્ષ ૨૦૧૭ માં, પાકિસ્તાને પ્રથમ વખત ચેમ્પિયન્સ ટ્રોફી જીતી હતી.

ચેમ્પિયન પાકિસ્તાન ટૂર્નામેન્ટનું આયોજન કરશે, જ્યારે ભારત દુબઈમાં તેની તમામ મેચ રમશે. મેચની શરૂઆતમાં પાકિસ્તાનનો સામનો કાલે કરાચીમાં ન્યુઝીલેન્ડ સામે છે. ચેમ્પિયન્સ ટ્રોફી બે ગ્રુપમાં રમાવાની છે ગ્રુપ એમાં :- પાકિસ્તાન, ભારત, બાંગ્લાદેશ, ન્યુઝિલેન્ડ છે અને ગ્રુપ બીમાં :- ઓસ્ટ્રેલિયા, અફઘાનિસ્તાન, ઇંગ્લેંડ, દક્ષિણ આફ્રિકા છે.

૨૦૦૬ માં આઠ ટીમો જોડાઈ હોવાથી સ્પર્ધાનું માળખું તે જ રીતે રહ્યું છે. તમામ આઠ ટીમોને ૪-૪ ના ૨ જૂથોમાં મૂકવામાં આવી છે, જેમાં દરેક ટીમ એક બીજાની ટીમ સામે એકવાર રમશે. દરેક જૂથની ટોચની બે ટીમો સેમીફાઇનલમાં પહોંચે છે, જ્યાંથી તે નક્કી કરવામાં આવે છે કે કઈ બે ટીમો ટોચની મેચમાં રમશે.

**ચેમ્પિયન્સ ટ્રોફી માટે દરેક ગ્રુપની દરેક ટીમના તમામ ૧૫ સભ્યોના નામ આ મુજબ છે.**

### ગ્રુપ-એ

**ભારત :** રોહિત શર્મા (કેપ્ટન), શુભમન ગિલ, વિરાટ કોહલી, શ્રેયસ અય્યર, કે.એલ. રાહુલ, ઋષભ પંત, હાર્દિક પંડ્યા, અક્ષર પટેલ, વોશિંગ્ટન સુંદર, કુલદીપ યાદવ, હર્ષિત રાણા, મોહમ્મદ શમી, અર્શદીપ સિંહ.

**બાંગ્લાદેશ :** નઝમુલ હુસૈન શાંતો (કેપ્ટન), સૌમ્યા સરકાર, તન્ઝિદ હસન, ટોહિદ હ્રિડોય, મુશ્ફિકુર રહીમ, મોહમ્મદ મહમુદુલ્લાહ, ઝાકીર અલી અનિક, મેહદી હસન મિરાઝ, રિષદ હોસૈન, તસ્કીન અહમદ, મુસ્તાફિઝુર રહેમાન, પરવેઝ હુસૈન ઈમોન, નસુમ અહમદ, તન્ઝીમ હસન સાકીબ, નાહિદ રાણા.

**ન્યુઝિલેન્ડ :** મિચેલ સેન્ટનર (કેપ્ટન), માઇકલ બ્રેસવેલ, માર્ક ચેપમેન, ડેવોન કોનવે, લોકી ફર્ગ્યુસન, મેટ હેનરી, ટોમ લેથમ, ડેરિલ મિચેલ, વિલિયમ ઓ'રોર્ક, ગ્લેન ફિલીપ્સ, રચિન રવિન્દ્ર, નાથન સ્મિથ, કેન વિલિયમ્સન, વિલ યંગ, જેકબ ડફી.

**પાકિસ્તાન :** મોહમ્મદ રિઝવાન (કેપ્ટન), બાબર આઝમ, ફખર ઝમાન, કામરાન ગુલામ, સઉદ શકીલ, તૈયબ તાહિર, ફહીમ અશરફ, ખુશદિલ શાહ, સલમાન અલી આગા, ઉસ્માન ખાન, અબરાર અહમદ, હરીસ રઉફ, મોહમ્મદ હસ્નૈન, નસીમ શાહ, શાહીન શાહ આફ્રિદી.

### ગ્રુપ-બી

**અફઘાનિસ્તાન :** હશમતુલ્લા શાહિદી (કેપ્ટન), ઇબ્રાહિમ ઝદરન, રહમાનુલ્લાહ ગુરબાઝ, સેદિકુલ્લાહ અટલ, રહમત શાહ, ઇકરામ અલીખિલ, ગુલબદિન નાઇબ, અઝમાતુલ્લા ઉમરઝાઇ, મોહમ્મદ નબી, રાશિદ ખાન, નાંગ્યાલ ખરોટી, નૂર અહમદ, ફઝલાહક ફારૂકી, ફરીદ મલિક, નાવિદ ઝદરન. રિઝર્વઃ દરવેશ રસૂલી, બિલાલ સામી.

**ઇંગ્લેંડ :** જોસ બટલર (કેપ્ટન), જોફ્રા આર્ચર, ગુસ એટકિન્સન, ટોમ બેન્ટન, હેરી બ્રૂક, બ્રાયડન કાર્સે, બેન ડકેટ, જેમી ઓવરટન, જેમી સ્મિથ, લિયામ લિવિંગસ્ટોન, આદિલ રાશિદ, જો રૂટ, સાકીબ મહમૂદ, ફિલ સોલ્ટ, માર્ક વૂડ.

**ઓસ્ટ્રેલિયા :** સ્ટીવ સ્મિથ (કેપ્ટન), સીન એબોટ, એલેક્સ કારેય, બેન દ્વારશુઇસ, નાથન એલિસ, જેક ફ્રેઝર-મેકગુર્ક, એરોન હાર્ડી, ટ્રેવિસ હેડ, જોશ ઈન્ગ્લિસ, સ્પેન્સર જોહન્સન, માર્નસ લાબુસ્ચાગ્ને, ગ્લેન મેક્સવેલ, તનવીર સંઘા, મેથ્યુ શોર્ટ, એડમ ઝામ્પા. ટ્રાવેલિંગ રિઝર્વઃ કૂપર કોનોલી.

**દક્ષિણ આફ્રિકા :** ટેમ્બા બાવુમા (કેપ્ટન), ટોની ડી જોરજી, માર્કો જેનસન, હેનરિચ ક્લાસેન, કેશવ મહારાજ, એડન માર્કરામ, ડેવિડ મિલર, વિયાન મુલ્ડર, લુંગી એનગિડી, કાગિસો રબાડા, રાયન રિકેલ્ટન, તબરેઝ શમ્સી, ટ્રિસ્ટન સ્ટબ્સ, રાસી વાન ડેર ડુસેન, કોર્બીન બોશ. ટ્રાવેલિંગ રિઝર્વઃ ક્વેના મફાકા.

### ભારત-પાકિસ્તાન હાઇ-વોલ્ટેજ મેચ ૨૩ ફેબ્રુઆરીએ

ચેમ્પિયન્સ ટ્રોફી ૧૯ ફેબ્રુઆરીથી કરાચીના નેશનલ સ્ટેડિયમથી શરૂ થશે, જેમાં યજમાન ટીમ પાકિસ્તાન ગ્રુપ એ.માં ન્યુઝીલેન્ડનો સામનો કરશે. ૨૦૧૭ ની રનર્સ અપ અને બે વખતની વિજેતા ભારત ૨૦ ફેબ્રુઆરીએ દુબઇમાં બાંગ્લાદેશ સામે પોતાનું અભિયાન શરૂ કરશે. ભારત માટે એક શાનદાર સમાહ શરૂ થઈ રહ્યું છે જેમાં ભારત પાકિસ્તાન સામે હાઈ વોલ્ટેજ મેચ ૨૩ ફેબ્રુઆરીએ થશે.

### આઇસીસી ચેમ્પિયન્સ ટ્રોફી લાઇવ સ્ટ્રીમિંગ

લાઇવ ટેલિકાસ્ટ સ્ટાર સ્પોર્ટ્સ નેટવર્ક અને સ્પોર્ટ્સ ૧૮ નેટવર્ક પર તેમજ લાઇવ સ્ટ્રીમિંગ જિઓ હોટસ્ટાર પર થશે.

### ૨૨ ફેબ્રુઆરીએ ઓસ્ટ્રેલિયા-ઈંગ્લેન્ડની ટકકર :

આના એક દિવસ પહેલાં, ૨૨ ફેબ્રુઆરીએ, વર્તમાન વનડે વિજેતા ઓસ્ટ્રેલિયા પણ તેની શરૂઆતની મેચમાં તેનાં જૂના હરીફ ઇંગ્લેંડ સામે સખત પડકાર રજૂ કરશે. બે સેમીફાઇનલ અનુક્રમે ૪ માર્ચ અને ૫ માર્ચે દુબઇ અને લાહોરમાં રમવામાં આવશે. ફાઇનલ ૯ માર્ચે સુનિશ્ચિત થયેલ છે. જો ભારત ફાઇનલમાં પહોંચશે તો ફાઈનલ દુબઇમાં રમવામાં આવશે નહિ તો લાહોરના ગદ્દાફી સ્ટેડિયમમાં ફાઈનલ મેચ રમવામાં આવશે.

### ચેમ્પિયન્સ ટ્રોફી પ્રાઇઝ મની :



ચેમ્પિયન્સ ટ્રોફીની વિજેતા ટીમને ૨.૨૪ મિલિયન યુએસ ડોલર એટલે કે લગભગ ૧૯.૪૫ કરોડ રૂપિયાની ઈનામ રાશિ મળશે. રનર્સ-અપ ટીમને ૧.૧૨ મિલિયન યુએસ ડોલર એટલે કે લગભગ ૯.૭ કરોડ રૂપિયા મળશે, જ્યારે સેમીફાઇનલમાં હારનારી દરેક ટીમને ૫૭૦૦૦૦ યુએસ ડોલર એટલે કે લગભગ ૪.૮૬ કરોડ રૂપિયા મળશે. આ ઈનામની રાશિ ૨૦૧૭ની ચેમ્પિયન્સ ટ્રોફીથી ૫૩ ટકા વધારે છે.

### ચેમ્પિયન્સ ટ્રોફી શેડ્યૂલ

**૧૯ ફેબ્રુઆરી :** ન્યુઝિલેન્ડ અને પાકિસ્તાન વચ્ચે પ્રથમ મેચ.
**૨૦ ફેબ્રુઆરી :** બાંગ્લાદેશ અને ભારત વચ્ચે બીજો મેચ.
**૨૧ ફેબ્રુઆરી :** અફઘાનિસ્તાન અને દક્ષિણ આફ્રિકા વચ્ચે ત્રીજી મેચ.
**૨૨ ફેબ્રુઆરી :** ઓસ્ટ્રેલિયા અને ઇંગ્લેંડ વચ્ચે ચોથી મેચ.
**૨૩ ફેબ્રુઆરી :** પાકિસ્તાન અને ભારત વચ્ચે પાંચમી મેચ.
**૨૪ ફેબ્રુઆરી :** બાંગ્લાદેશ અને ન્યુઝિલેન્ડ વચ્ચે છઠ્ઠી મેચ.
**૨૫ ફેબ્રુઆરી :** ઓસ્ટ્રેલિયા અને સાઉથ આફ્રિકા વચ્ચે સાતમી મેચ.
**૨૬ ફેબ્રુઆરી :** અફઘાનિસ્તાન અને ઇંગ્લેન્ડ વચ્ચે આઠમી મેચ.
**૨૭ ફેબ્રુઆરી :** પાકિસ્તાન અને બાંગ્લાદેશ વચ્ચે નવમી મેચ.
**૨૮ ફેબ્રુઆરી :** અફઘાનિસ્તાન અને ઓસ્ટ્રેલિયાની દસમી મેચ.
**૧ માર્ચ :** સાઉથ આફ્રિકા અને ઇંગ્લેન્ડની અગિયારમી મેચ
**૨ માર્ચ :** ન્યુઝિલેન્ડ અને ભારતની બારમી મેચ.
**૪ માર્ચે સેમિફાઇનલ, ૫ માર્ચે બીજી સેમીફાઇનલ અને ૯ માર્ચે ફાઈનલ.**

## વર્લ્ડ ચેમ્પિયન ઓસ્ટ્રેલિયન ટીમ ચેમ્પિયન્સ ટ્રોફી માટે પાકિસ્તાન પહોંચી



લાહોર : વર્લ્ડ ચેમ્પિયન ઓસ્ટ્રેલિયન ક્રિકેટ ટીમ સોમવારે આઇસીસી ચેમ્પિયન્સ ટ્રોફીમાં ભાગ લેવા માટે પાકિસ્તાન પહોંચી હતી. પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે 'એક્સ' પર લખ્યું કે ઓસ્ટ્રેલિયન ક્રિકેટ ટીમ આઇસીસી ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ માટે લાહોર પહોંચી છે. તે ૨૨ ફેબ્રુઆરીએ ગદ્દાફી સ્ટેડિયમ ખાતે ઇંગ્લેન્ડ સામેની ટૂર્નામેન્ટની તેની પ્રથમ મેચ રમશે.

ટીમ બે જૂથોમાં પાકિસ્તાન પહોંચી હતી. પ્રથમ જૂથમાં કેપ્ટન સ્ટીવ સ્મિથ, કોચ અને સપોર્ટ સ્ટાફનાં સભ્યોનો સમાવેશ થાય છે. આ દુબઇથી કોલંબો થઈ પાકિસ્તાન પહોંચ્યાં હતાં. બીજું જૂથ કોલંબોથી દુબઇ થઈને લાહોર પહોંચ્યું જેમાં ૧૫ ખેલાડીઓ અને સપોર્ટ સ્ટાફનાં બે વધારાનાં સભ્યો શામેલ હતાં,

## બુમરાહની ગેરહાજરીમાં મોહમ્મદ શમી પર વધારાનું પ્રેશર રહેશો

### શમી પર વિકેટો લેવાની અને નવાં બોલરોને માર્ગદર્શન આપવાની બેવડી જવાબદારી

દુબઇ : ચેમ્પિયન્સ ટ્રોફી માટે ભારતીય ટીમ દુબઇ પહોંચી છે અને પ્રેક્ટિસ સેશનમાં મોહમ્મદ શમીએ બોલિંગ કોચ મોની મોર્કેલ સાથે ઘણો સમય વિતાવ્યો હતો. ઇંગ્લેન્ડ સામે ટી ૨૦ અને વનડે ઇન્ટરનેશનલ દ્વારા આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં લાંબા સમય પછી પાછાં ફરનારા શમીએ તેનાં ઘૂંટણ પર સ્ટ્રેચેબલ પાટો બાંધ્યો હતો. તેણે નાના રનઅપ્સથી શરૂઆત કરી હતી. બેટ્સમેનો નેટ પર આવે તે પહેલાં તે તેની બોલિંગ લેન્થને એડજસ્ટ કરતો જોવા મળ્યો હતો. શમી પ્રેક્ટિસ સેશનમાં ખૂબ ગંભીર દેખાયો અને દેખીતી રીતે ટીમ આ વરિષ્ઠ બોલરથી ટૂર્નામેન્ટમાં વધુ અપેક્ષા રાખશે. જસપ્રીત બુમરાહના બહાર રહેવાથી શમીના ખંભા પર વધારાની જવાબદારી રહેશે.

**અર્શદીપ ભાગીદાર હશે**

શમીની તૈયારીઓ વિશે ઘણી ચિંતાઓ છે. ભારતીય ટીમ ૨૦ ફેબ્રુઆરીએ દુબઇમાં બાંગ્લાદેશ સામે પહેલી મેચ રમવાની છે. ૩૪ વર્ષીય શમી ઈજામાંથી બહાર નીકળ્યાં પછી પુનરાગમન કરી રહ્યો છે. તેણે વિવિધ ફોર્મેટમાં કેટલીક મેચ રમી છે, પરંતુ મોટી ટૂર્નામેન્ટમાં અપેક્ષાઓ મુજબ પ્રદર્શન કરવા માટેનું દબાણ અલગ જ હોય છે. આવી સ્થિતિમાં, બુમરાહની ગેરહાજરીમાં, તેમનાં પર પ્રેશર વધી જશે. ચેમ્પિયન્સ ટ્રોફીમાં શમીનો ભાગીદાર અર્શદીપ સિંહ હશે, પરંતુ તે બુમરાહની કેટેગરીનો બોલર નથી. ભારતીય ટીમનાં ભૂતપૂર્વ ફાસ્ટ બોલર લક્ષ્મીપતી બાલાજીએ કહ્યું કે પ્રથમ છ ઓવરમાં નવા બોલથી પ્રદર્શન ભારત માટે ઘણું મહત્વપૂર્ણ હશે. જો શમી પ્રારંભિક સફળતા મેળવી શકે છે, તો ભારતનું મનોબળ નોંધપાત્ર રીતે વધી જશે.

**શમીએ માર્ગદર્શન પણ આપવું પડશે**

શમીની જવાબદારી માત્ર વિકેટ લેવાની નહીં હોય પરંતુ તેને અર્શદીપ અને રાણાને માર્ગદર્શન આપવાની પણ હશે. બાલાજીએ કહ્યું કે શમી હાલમાં બોલિંગમાં વરિષ્ઠ છે. તે લાંબા સમયથી રમી રહ્યો છે અને છેલ્લાં ૧૨ વર્ષમાં ટેસ્ટમાં તેનું પ્રદર્શન ઉત્તમ રહ્યું છે. તે હવે યુવાનોના માર્ગદર્શક તરીકેની જવાબદારી પૂરી કરી રહ્યો છે.



### ૨૦૦ વિકેટોથી માત્ર ૩ વિકેટ દુર

મોહમ્મદ શમીને વનડે ઇન્ટરનેશનલમાં ૨૦૦ વિકેટ પૂર્ણ કરવા માટે ૩ વિકેટની જ જરૂર છે. જો તે આ સીમાચિહ્ન પર પહોંચશે, તો તે આવું કરવાવાળો આઠમો ભારતીય બોલર બનશે.

### ૨૦૨૩ વનડે વર્લ્ડકપમાં ૨૪ વિકેટો

મોહમ્મદ શમીએ ૨૦૨૩ વનડે વર્લ્ડ કપમાં સાત ઇંગ્સમાં ૨૪ વિકેટો લીધી હતી. તેણે વનડે કપના વનડે એડિશનમાં ઝહીર ખાનની સૌથી વધુ વિકેટ લેવાનો રેકોર્ડ પણ તોડ્યો હતો.

## સિનિયર એડવોકેટ સ્વ.સૌભાગ્યચંદભાઈ કોઠારીના ધર્મપત્ની, 'સાંજ સમાચાર'ના તંત્રીશ્રી પ્રદીપભાઈ શાહના સાસુ

# ધર્માનુરાગી ગજુમતીબેન કોઠારી નવકાર મંત્રનું સ્મરણ કરતા અરિહંત શરણ પામ્યા



રાજકોટ, તા. ૧૮

તપ, ધર્મ આરાધના જેમના જીવનનો મહામંત્ર રહ્યો, સરળતા જેમનો સ્વભાવ હતો તેવા ધર્માનુરાગી ગજુમતીબેન સૌભાગ્યચંદભાઇ કોઠારી (ઉ.વ.૯૪) તા. ૧૭ના સાંજે ૭ વાગે નમસ્કાર મહામંત્રનું સ્મરણ કરતાં અરિહંત શરણ પામ્યા છે.

સ્વ.ગજુમતીબેનએ સમગ્ર જીવન ધર્મ આરાધનામાં પસાર કરીને મહાપુણ્યનું સંચય કર્યુ છે. પૂ. સાધુ-સાધ્વીજી ભગવંતોની વૈયાવચ્ચ કરવી, નિયમિત દેરાસરે જઇને દાદાની સેવા પૂજા કરવી તે તેમના જીવનનો નિત્યક્રમ રહ્યો હતો. તેમણે અનેક તીર્થયાત્રાઓ કરી છે. જીવનમાં નાની મોટી અનેક તપશ્ચર્યાઓ કરી છે.

તેઓ રાજકોટની જાણીતી એસ.એમ.કોઠારી એડવોકેટ પેઢીના સ્વ. સૌભાગ્યચંદભાઇ કોઠારીના પત્ની,

(અનુસંધાન છઠ્ઠા પાને)

**રાજકોટના સિનિયર એડવોકેટ શ્રી અનંતભાઈ કોઠારીના ભાભી, અશ્વિનભાઈ, પંકજભાઈ, શ્રીમતી પૂર્વીબેન પ્રદીપભાઈ શાહ, તરૂણભાઈ, ડો.હિરેનભાઈના માતુશ્રી એડવોકેટ ચેતનભાઈ કોઠારીના ભાભુની અંતિમ યાત્રામાં વકીલો, ડોકટરો, જૈન સમાજના અગ્રણીઓ તથા વિવિધ સમાજના આગેવાનો જોડાયા, મુકિતધામમાં અંતિમ વિધિ કરાઈ ત્યારે પરિવારજનોની આંખોમાં આંસુ છલકાયા**













## જીલ્લાના ઈતિહાસમાં પ્રથમ વખત તમામ નગરપાલિકા ભાજપના હાથમાં

# રાજકોટ જીલ્લાની પાંચેય નગરપાલિકા પર ભાજપનો વિજયવાવટો

રાજકોટ તા.૧૮

ગુજરાતભરમાં યોજાયેલી સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં ભાજપનો કેસરીયો જય જયકાર છે ત્યારે રાજકોટ જીલ્લાની પાંચેય નગરપાલિકાઓમાં પણ ભાજપે જીત હાંસલ કરી છે. જીલ્લાના ઈતિહાસમાં પ્રથમ વખત રાજકોટની તમામ નગરપાલિકાઓમાં ભાજપનો કબ્જો આવ્યો છે. ધોરાજી તથા ભાયાવદરની નગરપાલિકા કોંગ્રેસે ગુમાવી દીધી હતી.

### તાલુકા પંચાયતની ૬ બેઠકની પેટાચૂંટણીમાં ૫ પર ભાજપની જીત

રાજકોટ જીલ્લાની તાલુકા પંચાયતની છ બેઠકો પર પેટાચૂંટણી યોજવામાં આવી હતી તેમાંથી પાંચમાં ભાજપની જીત થઈ હતી. એકમાત્ર ડુમીયાણીની બેઠક પર કોંગ્રેસનો વિજય થયો હતો.

### જેતપુર–જસદણ–ઉપલેટા જાળવી, ધોરાજી–ભાયાવદર કોંગ્રેસ પાસેથી ખુંચવી લીધી

રાજકોટ જીલ્લાની જેતપુર, ધોરાજી, ઉપલેટા, ભાયાવદર તથા જસદણ નગરપાલિકાઓ માટે યોજાયેલી ચૂંટણીમાં આજે પરિણામ ઘોષિત થયા હતા. પાંચમાંથી તંત્રમાં તો ગત ટર્મમાં પણ ભાજપનો કબ્જો હતો. ભાયાવદર તથા ધોરાજી કોંગ્રેસ પાસે હતી તેના પર પણ



### જેતપુરમાં ભાજપનો જુથવાદ ચગ્યો છતાં સતા અકબંધ: કોંગ્રેસને માત્ર ૧ બેઠક: અપક્ષોને ૧૧

આ વખતે ભાજપે કબ્જો જમાવી લીધો હતો.

ધારાસભ્ય જયેશ રાદડીયાના મતવિસ્તારની જેતપુર નગરપાલિકા પર નેતાઓની ખાસ વોચ હતી. ટીકીટ વ્હેંચણીમાં જુથવાદ ઉઘાડો પડયો હતો.

(અનુસંધાન છઠ્ઠા પાને)

### જેતપુરની બે બેઠકમાં ભાજપના ઉમેદવાર ન હોવા છતાં કોંગ્રેસ જીત ન મેળવી શકી: અપક્ષ જીત્યા

જેતપુર નગરપાલિકાની ચૂંટણીમાં ભાજપનો વિજયવાવટો ફરકયો જ છે. ચુંટણી પુર્વે ટિકીટ માટે જબરી ખેંચતાણ થઈ હતી. ખાસ કરીને વોર્ડ નં.૧૦ તથા વોર્ડ નં.૧૧ની એક-એક બેઠક માટે સુરેશ સખરેલીયા તથા કલ્પેશ રાંકને ટીકીટ આપવા માટે પ્રચંડ દબાણ થયુ હતુ. આ બન્ને બેઠકો પર ભાજપ દ્વારા કોઈને પણ મેન્ડેટ જ આપવામાં આવ્યો ન હતો. પરિણામે કોંગ્રેસ અને અપી વચ્ચે જ સ્પર્ધા જામી હતી. ભાજપ આ બંને બેઠકો પર ચુંટણી મેદાનમાં જ ન હોવા છતાં કોંગ્રેસ આ બેઠકો જીતી શકી ન હતી અને તેમાં અપક્ષ ઉમેદવાર વિજતા થયા હતા તેના પરથી જ કોંગ્રેસના રકાસનો અંદાજ આવી જતો હતો. જેતપુરમાં ગત ટર્મમાં પણ ભાજપનુ જ શાસન હતુ અને તે જાળવી રાખ્યુ હતું.

## ચૂંટણી પરિણામ બાદ જૂનાગઢ તથા વાંકાનેરમાં ઘર્ષણ: મારામારીમાં ૧૫ લોકો ઈજાગ્રસ્ત

### જુનાગઢમાં વોર્ડ નં.૪માં કોંગ્રેસની જીત બાદ મામલો બીચકયો

### વાંકાનેરમાં ફટાકડા ફોડવા માટે હરિફ પક્ષોના કાર્યકરો બાખડયા

રાજકોટ તા.૧૮

સ્થાનિક સ્વરાજયની ચુંટણીમાં સર્વત્ર ભાજપનુ બુલડોઝર ફરી વળ્યુ છે ત્યારે પરિણામની જાહેરાત બાદ જુનાગઢ તથા વાંકાનેર એમ બે શહેરોમાં મારામારી થતા પોલીસ કાફલો તૈનાત કરી દેવાયો હતો અને દહેશતનો માહોલ ઉભો થયો હતો.

જુનાગઢ કોર્પોરેશનની ચુંટણીમાં ફરી ભાજપે સતા કબ્જે કરીને જોરદાર બહુમતી હાંસલ કરી હતી. ૬૦માંથી ૪૮ બેઠકો પર કેસરીયો વાવટો ફરકયો હતો. કોંગ્રેસને માત્ર ૧૧ તથા અપક્ષને એક બેઠક મળી હતી. વોર્ડ નં.૪માં કોંગ્રેસની પેનલની જીત થઈ હતી જેને પગલે મામલો તંગ બન્યો હતો. એક જ સમાજના બે જુથો સામસામા આવી ગયા હતા અને જોરદાર મારામારી થઈ હતી. ૧૫ લોકો ઘાયલ થયા હતા. આ બનાવને પગલે પોલીસ કાફલો ખડકી દેવામાં આવ્યો હતો.

આ સિવાય મોરબી જિલ્લાના વાંકાનેરમાં પણ ચુંટણી પરિણામ બાદ મારામારીનો બનાવ બન્યો હતો. શહેરના વોર્ડ નં.૬માં ભાજપની જીત બાદ ઉજવણી કરવામાં આવી હતી. આ દરમ્યાન 'આપ'ના આગેવાનની દુકાન પાસે ફટાકડા ફોડવામાં આવતા મામલો બીચકયો હતો અને બન્ને પક્ષોના લોકો મારામારી પર ઉતરી આવ્યા હતા. બનાવની જાણ થતાની સાથે જ વધારાનો પોલીસ કાફલો દોડાવવામાં આવ્યો હતો.

## IPL વખતે જ ૧૦૦ થી વધુ ટીવી ચેનલના પ્રસારણ ખોરવાવાનો ખતરો

### વિદેશી સેટેલાઈટ માટે ૩૧ માર્ચ સુધી નિયમનકારની મંજુરી ફરજીયાત અન્યથા પ્રસારણ અવરોધાશે: અનેક સેટેલાઈટની અરજી પ્રોસેસ બાકી, માસાંત સુધીમાં ચિત્ર સ્પષ્ટ થશે

નવી દિલ્હી તા.૧૭

આગામી મહિનામાં ફટાફટ ક્રિકેટની આઈપીએલ ટુર્નામેન્ટની ઉતેજના છે ત્યારે અધવચ્ચે જ પ્રસારણમાં વિક્ષેપ સર્જાવાના ભણકારા છે. કેન્દ્ર સરકારના નિયમને કારણે સોની, સ્ટાર અને ઝી નેટવર્ક સહિતની ૧૦૦ થી વધુ ચેનલોનું પ્રસારણ અવરોધાઈ શકે છે. આ નેટવર્ક ચેનલ દ્વારા ઉપયોગમાં લેવાતા વિદેશી સેટેલાઈટ સ્પેશ નિયમનકારની મંજુરી ન મેળવે તો જોખમ ઉભુ થઈ શકે છે.

કેન્દ્ર સરકારનાં નિયમ પ્રમાણે ઈન્ડીયન નેશનલ સ્પેશ પ્રમોશન એન્ડ ઓથોરીઝેશન સેન્ટરની ૩૧ માર્ચ સુધીમાં મંજુરી મેળવનાર વિદેશી સેટેલાઈટોને સંચાર પ્રસારણ સેવાની છુટ મળશે. આ નિયમથી બ્રોડકાસ્ટીંગ ટીવીને જ અસર થશે. ઓટીપી એપ્લીકિશનને કોઈ અસર નહિં થાય.

ઈન્ટેલસેટ, વનવેબ, આઈપીસ્ટાર, ઓર્બીટ કનેકટ તથા ઈન્મારસેટ જેવા કેટલાંક વિદેશી સેટેલાઈટે ભારતીય નિયમનકારની પરવાનગી મેળવી લીધી છે પરંતુ હોંગકોંગ, સ્થિત એશીયા સેટ તથા એપસ્ટાર, ચીનનાં ચાઈના સેટ તથા મલેશીયાનાં મીસેટ દ્વારા હજુ કલીયરન્સ મેળવાયું નથી.

ટીવી બોડકાસ્ટીંગ ક્ષેત્રને એવો આશાવાદ છે કે સરકાર તમામ વિદેશી સેટેલાઈટને મંજુરી આપી દેશે અથવા પ્રસારણની કોઈ અસર ન થાય તે માટે મુદત વધારો આપશે. જોકે, અમુક

(અનુસંધાન છઠ્ઠા પાને)



# કાલે બજેટ બોર્ડ : શાસકો ફુલ વરસાવશે, વિપક્ષ વિકાસ સામે સવાલો ઉઠાવશે

### કરબોજ વધારા મુકત અંદાજપત્રનો ચૂંટણી વર્ષમાં લાભ લેવા શાસકો લેશે જશ : કોંગ્રેસ મેયરના પ્રયાગરાજ પ્રવાસનો મુદ્દો છેડીને ચર્ચા ગરમ કરવાના મૂડમાં

રાજકોટ, તા. ૧૮

રાજકોટ મહાપાલિકાની સામાન્ય સભા આવતીકાલ તા. ૧૯ના રોજ મેયર નયનાબેન પેઢડીયાના અધ્યક્ષસ્થાને મળશે. ચાલુ નાણાકીય વર્ષનું ૩૧૧૮.૦૭ કરોડનું સ્ટે.કમીટીએ મંજૂર કરેલું કરવેરા વધારા વગરનું અંદાજપત્ર સામાન્ય સભામાં પસાર કરવામાં આવશે. ભાજપના શાસકો ચૂંટણી વર્ષમાં કરબોજ વધારા મુકત અને કેટલીક મહત્વની યોજના સાથેના બજેટ પર ફુલ વરસાવશે, તો વિપક્ષ અત્યાર સુધીના વિકાસ અને પડતર યોજનાઓ ખંખેરે તેવું લાગે છે.

બીજી તરફ ગત અઠવાડિયામાં ખુબ ગાજેલા મેયરના સરકારી ગાડીના પ્રયાગરાજ પ્રવાસ, ભાજપમાં દેખાયેલા મતભેદોનો મુદ્દો પણ વિપક્ષ છેડીને પેટ્રોલ છાંટવાનું કામ કરી શકે છે. પરંતુ કાલના બજેટમાં નવા વર્ષના બજેટના કામો અને વિકાસને જ કેન્દ્રમાં રાખવા શાસકો પ્રયાસ કરશે. સ્ટે.ચેરમેન જયમીન ઠાકર બજેટ પર વિસ્તૃત માહિતી રજૂ કરવાના છે.

મહાનગરપાલિકાનું નવા નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૬નું અને વર્ષના અંતે આવી રહેલી ચૂંટણી વર્ષનું અંદાજપત્ર ૩૧૧૮.૦૭ કરોડનું અંદાજપત્ર ભાજપ શાસકોએ મંજૂર કરવા સાથે કમિશ્નરે સૂચવેલો ૧૫૦ કરોડનો કરબોજ વધારો ફગાવી દીધો હતો. કમિશ્નરના બજેટમાં છ કરોડનું કદ, ૫૫.૯૨ કરોડની ૨૦ નવી લોકભોગ્ય યોજના ઉમેરી મહેસુલી ખર્ચમાં કરકસરના પગલા ઉમેરવામાં આવ્યાનું પણ જાહેર કરાયું હતું.

આ અંદાજપત્રમાં જુના ચડત મિલ્કત વેરા માટે બીજી વખત વન ટાઇમ ઇન્સ્ટોલમેન્ટ સ્કીમ જાહેર કરવામાં આવી છે. તો ત્રિકોણબાગ સહિત ચાર જગ્યાએ સ્કાય વોક, ઓકસીજન પાર્ક, નવી શાક માર્કેટો, રામનાથ મંદિર બ્યુટીફીકિશન, સૌ પહેલુ પશુ દવાખાનુ, વિદ્યાર્થીનીઓને ફ્રી કેન્સર વેકસીનથી માંડી વૃક્ષારોપણની યોજનાઓ જાહેર કરવામાં આવી છે. રાજકોટમાં લોકસુખાકારીની ઘણી સેવાઓ નવા નાણાકીય વર્ષમાં અપગ્રેડ થવાની છે. જેમાં છેલ્લા મહિનાઓથી લોકોને હેરાન કરનાર આધાર કાર્ડની કામગીરી માત્ર ત્રણ ઝોન ઓફિસ નહીં પરંતુ શહેરના તમામ ૧૮ આધાર કેન્દ્ર પર શરૂ કરવાનો લોકોને રાહત આપતો નિર્ણય પણ લેવાયો છે.

શહેરીજનોને લાંબી કતારમાંથી મુક્તિ મળે, પોતાના ઘરથી નજીકના સ્થળે પોતે આધાર નોંધણી કરાવી શકે તેમજ શહેરની વધતી વસતિ અને વિસ્તારને ધ્યાને લઇ, લોકોની સુવિધા માટે વોર્ડવાઇઝ એક-એક આધાર નોંધણી કીટ ઉપલબ્ધ કરાવવામાં આવશે. જે માટે બજેટમાં રૂા.૧૮ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે.

સ્થાયી સમિતિએ ગહન વિચાર વિમર્શના અંતે શહેરીજનો પર એક પણ રૂપિયાનો નવો કરબોજ સ્વીકાર્યો નથી. તેના બદલે કોર્પો.ના મુડી અને મહેસુલી ખર્ચમાં જરૂરી કાપ મુકવા, આવકના નવા સ્ત્રોત ઉભા કરી હયાત સ્ત્રોત મજબુત કરવા નિર્ણય લેવામાં આવ્યો છે. આ કરબોજ વધારવાની તમામ દરખાસ્તો નામંજૂર કરાઇ છે. કુલ કદમાં ૬ કરોડનો વધારો કરીને ૫૫.૯૨ કરોડની નવી ૨૦ યોજના ઉમેરવામાં આવી છે.

ત્રિકોણબાગ, આત્મીય યુનિ., ગોંડલ રોડ ચોકડી પાસે ૧૦ કરોડના ખર્ચે સ્કાય વોક બનાવવામાં આવશે. પાંચ કરોડના ખર્ચે નવા એન્ટ્રી ગેટ, ચાર કરોડના ખર્ચે ઓકસીજન પાર્ક વીથ ફૂડ કોટ, ત્રણ નવી

(અનુસંધાન છઠ્ઠા પાને)

## ભીડ રોકવા કદમ: અમદાવાદથી પ્રયાગરાજની ટ્રેન રદ

રાજકોટ તા.૧૮

પ્રયાગરાજમાં ચાલી રહેલા મહાકુંભનાં સમાપનને આડે માત્ર આઠ દિવસ બાકી છે અને શ્રધ્ધાળુઓનો વણથંભ્યો પ્રવાહ છે.ભારે ભીડને કાબુમાં લેવા માટે ભારે દોડધામ થઈ રહી છે. જયારે વધુ ન વકરે તે માટેના પ્રયાસો શરૂ થયા હોય તેમ અમદાવાદથી પ્રયાગરાજની ટ્રેન રદ કરી દેવામાં આવી છે.

રેલવે વિભાગનાં સુત્રોએ જણાવ્યું હતું કે છેલ્લા દિવસોમાં એકથી વધુ રેલ્વે સ્ટેશનોએ ભારે ભીડને કારણે કસોટીની સ્થિતિ સર્જાઈ હતી. તેનું પુનરાવર્તન ન થાય અને રેલવે સ્ટેશને પ્રવાસીઓનો ઘસારો ઘટે તે માટે કેટલીક ટ્રેનો રદ કરવામાં આવી છે. તેના ભાગરૂપે તા.૧૯ અને ૨૧ ની અમદાવાદથી પ્રયાગરાજની ટ્રેન રદ કરી દેવામાં આવી છે.આ ટ્રેનમાં ટીકીટ લેનારા પ્રવાસીઓને રીપંડ અપાશે.

મહાકુંભ મેળાનું આગામી ૨૬ મી ફેબ્રુઆરીએ સમાપન થવાનું છે. અને તે પૂર્વે ભાવિકોનો મહાસાગર ઉમટે તેવી શકયતા વ્યકત થઈ રહી છે.

# કોઠારીયામાં સાઉથ ઝોન ઓફિસ બનાવવા ૩૦.૪૦ કરોડના ટેન્ડર પ્રસિધ્ધ

### અંતે બજેટની યોજના બહાર નીકળી : બોલબાલા માર્ગ પર બનશે રાજકોટની સૌથી મોટી ઝોનલ કચેરી : પાંચ હજાર વારનો પ્લોટ ફાઈનલ

રાજકોટ તા. ૧૮

રાજકોટમાં વર્ષોથી મહાપાલિકા વિસ્તાર સેન્ટ્રલ, ઈસ્ટ અને વેસ્ટ એમ ત્રણ ઝોન કચેરીમાં વહેંચાયેલો છે. હવે કોઠારીયા સહિતના વિશાળ વિસ્તારો ધ્યાને લેતા અગાઉ બનાવવામાં આવેલી સાઉથ ઝોન કચેરીની યોજના બજેટમાંથી બહાર આવી ગઇ છે. વોર્ડ નં.૧૮માં કોઠારીયા રોડ પર બોલબાલા માર્ગથી આગળ રાધે ચોક પાસે ૩૦.૪૦ કરોડના ખર્ચે સાઉથ ઝોનલ ઓફિસ બનાવવાના ટેન્ડર આજે પ્રસિધ્ધ કરવામાં આવ્યા છે.

સ્ટે.ચેરમેન જયમીન ઠાકરે નવા વર્ષના બજેટની તૈયારી સાથે પૂરા થતા વર્ષના બજેટમાં રહેલા કામો પણ પ્રાથમિકતામાં રાખવા અધિકારીઓને સૂચના આપી હોય, આ ટેન્ડર બહાર પાડી વહેલાસર વર્ક ઓર્ડર આપવાના નિર્દેશ પણ આપેલા છે.

શહેરનો વ્યાપ અને વસ્તી વધતા હવે ચોથી ઝોનલ કચેરીની જરૂરિયાત ઉભી થઈ છે. હાલમાં સેન્ટ્રલ, વેસ્ટ અને ઈસ્ટ ઝોન ખાતે કચેરીઓ કાર્યરત છે. આથી દક્ષિણ ઝોન કચેરીનું કામ બજેટમાં સામેલ કરાયું હતું. કોર્પો.ની આ સાઉથ ઝોનલ કચેરી કોઠારિયા ખાતે બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. રૂા. ૩૦.૪૦ કરોડના ખર્ચે ઝોનલ કચેરી બનાવવામાં આવશે. ત્યાર બાદ આજુબાજુના સંભવત ચાર વોર્ડને આ ઝોનલ કચેરીમાં સમાવેશ કરી આ વોર્ડની તમામ કામગીરી ઝોનલ કચેરી ખાતે શરૂ કરવામાં આવશે. આ ઝોન ઓફિસ બોલબાલા માર્ગ પર રાધે ચોક પાસે અને રેઇનબો રેસીડિન્સી બાજુમાં આવેલા પાંચ હજાર ચો.મી.ના પ્લોટમાં બનશે. ૮૦ ફુટના રોડ પર કોર્પો.ની આ સૌથી મોટી ઝોન ઓફિસ બનાવવા ડિઝાઇન તૈયાર કરવામાં આવી છે. નવા ભળેલા અને છેવાડાના વિસ્તારોનો વિકાસ ધ્યાને લેતા કોઠારિયાના આ વિસ્તારમાં ઝોનલ કચેરીની જરૂરિયાત વધુ જણાતા અહીં લોકેશન ફાઇનલ કરાયું છે. વોર્ડ નં. ૧૮માં કોઠારિયા ટીપી સ્કીમ નં. ૧૨ ફાઈનલ પ્લોટ નં. ૧૫-એ ઉપર બોલબાલા માર્ગ પર સાઉથ ઝોનલ કચેરી બનાવવા માટે ટેન્ડર પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. રૂા. ૩૦,૪૦,૪૦,૭૪૪નું એસ્ટીમેટ તૈયાર કરાયું છે. જેની ઓફર આવે અને ભાવો યોગ્ય લાગે તો ફાઇનલ કરીને સ્ટે.કમીટીને દરખાસ્ત મોકલવામાં આવશે. તે બાદ માર્ચના અંત પહેલા આ કામ ચાલુ કરવા શાસકોની ગણતરી છે.

કાર રીમોટ
ઓરીજનલ રીમોટ સેલ (પાવર) ગેરેંટી સાથે બદલી આપવામાં આવશે.
રાજુ ડીઝીટલ સ્ટુડીયો
ભુતખાના ચોક, ઢેબર રોડ, ભારત પેટ્રોલ પંપની બાજુમાં, રાજકોટ. M.: 94297 85836

Auto E-INVOICE / E-WAY BILL
શ્રી C-POINT ૧૧
એકાઉન્ટ, બીલીંગ તથા સ્ટોક માટેનો શ્રેષ્ઠ સૌથી સરળ કોમ્પ્યુટર પ્રોગ્રામ
FOR DEMO : C-POINT
9773428998, 0281-2464241

વિદેશ પાર્સલ સર્વિસ
ORIENT EXPRESS
www.orientexpindia.com
94280 35838/99244 40838

